Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું ત્રૈમાસિક)

તંત્રી
ડૉ. ભારતીબહેન શેલત • પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વિક્રમ સંવત ૨૦૬૦ અંક : ૧-૨-૩ ઓક્ટો.- નવે.-ડિસે. ૨૦૦૩





હરપ્પન મુદ્રા

પથિક કાર્યાલય : C/o. ભો.જે.વિદ્યાભવન, એચ.કે.કૉલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

For Private and Personal Use Only

તેમનો નિર્ણય જાહેર કર્યો. બે વિજેતા જાહેર થયા તેમાં જોશી કંદર્પકુમાર અને ગીરા ઠક્કર ને સ્વ. કીર્તિદા ચીનુભાઈ નાયક પારિતોષિક (રૂા.૫૦૦) અને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં.

બપોરે ૪-૦૦ કલાકે ચ્હા-કોફી બાદ ગુજરાત ઇતિહાસ પરીષદ ૧૫મા જ્ઞાનસત્રની બીજી બેઠકનો પ્રારંભ થયો. આ બેઠકમાં ''ઓખામંડળનો ઇતિહાસ સંસ્કૃતિ અને પુરાતત્ત્વ'' વિષય પર સંશોધકોએ તેમના શોધપત્રો રજૂ કર્યા. જેમાં (૧) ડૉ. ધર્મેશભાઈ પંડ્યા -ઓખામંડળનું વહાળવટું, (૨) ડૉ. રઘુવીરસિંહ ઝાલા - રાઠોડવંશની ઉત્પતિ અને દ્વારકાના વાઘેરોની પરંપરા, (૩) ડૉ. હિતેન્દ્રસિંહ સરવાસિયા - દ્વારકા અને સંઘર્ષ રજૂ કર્યા. પછી સાંજે ૬-૦૦ કલાકે તે જ ગૃહમાં કારોબારીની મિટીંગ મળી. રાત્રે ૭-૩૦ કલાકે દ્વારકામાં સ્વામિનારાયણ મંદિરમાં દર્શન અને ભોજનનું આયોજન થયું. બાદ માહિતી ખાતાની કચેરીમાં પ્રદર્શન રાખવામાં આવેલ. તેમાં કચેરી તરફથી દ્વારકાનગરીની માહિતી આપતી પુસ્તિકા ભેટમાં આપવામાં આવી. રાત્રે ભોજન-પ્રદર્શન બાદ ૯-૦૦ કલાકે કન્યા છાત્રાલયના સભાગૃહમાં સત્ નિર્વાણ ફાઉન્ડેશન આનંદ આશ્રમના ડૉ. નિરંજન રાજગુરુએ સંતવાણીની રસલહાણ કરાવી. ડૉ. એ સંતવાણીના રસિયાઓને રસ તરબોળ કરી દીધા હતા.

તા. ૧ નવેમ્બર ૨૦૦૩ ને શનિવારે સવારના ચ્હા-નાસ્તો કર્યા બાદ ૮-૩૦ કલાકે ડૉ. થોમસભાઈ પરમારની અધ્યક્ષતામાં જ્ઞાનસત્રની ત્રીજી બેઠકનો પ્રારંભ થયો. જેમાં બીજી બેઠકમાં જે વિષય હતો તે મુજબ તેમાં (૧) ભાવિગીરી ગૌસ્વામી - ૧૮૫૭ના વિપ્લવમાં વાઘેરોનો ફાળો (૨) A. S. Gaur & Sundaresh - Marine Archaeological Investigations in Okhamandal Region to Saurashtra West Coast of India (૩) ગોવિંદભાઈ મકવાણા - પ્રાચીન દ્વારિકાનગરી જગતમંદિર અને શારદાપીઠનો તીર્થક્ષેત્ર સમન્વય (૪) ઉર્મિબેન ભાવસાર - ઓખામંડળના વાઘેરોનો ફાળો (૫) પ્રદ્યુમન ખાચર - ''વસીઆવાડા એક ઐતિહાસિક'' બાદ બેઠક સમાપ્ત થઈ.

બપોરે ૧૨-૦૦ કલાકે ભોજન બાદ બપોરના ૧-૦૦ થી ૪-૦૦ કલાક એડવાન્સ સિનેમાગૃહમાં બંને પેઢીની પારંપરિક ફિલ્મ ''બાગવાન'' માણી. જેનું આયોજન યજમાન સંસ્થા તરફથી હતું.

બપોરે ૪-૩૦ કલાકે ચ્હા-કોફી બાદ ડૉ. થોમસભાઈ પરમારની અધ્યક્ષતામાં ગુજરાત ઇતિહાસ ૧૫ મું જ્ઞાનસત્રની ચોથી બેઠકનો પ્રારંભ થયો. તેમાં (૧) ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ - ''પ્રાચીન દ્વારિકા નગરી અને બન્દરી મથકો (૨) અનસૂયાબેન સોરઠિયા - ઓખામંડળના ભોપા રબારીઓ ઉપરાંત કેટલાક વિદ્વાનોએ દ્વારકા-ઓખામંડળ અંગે પોતાના વિચારો રજૂ કર્યા. આ સમગ્ર બેઠકોના પ્રતિભાવો પ્રિન્સિપાલ શ્રી બી. એન. જોશી, ડૉ. નિરંજન રાજગુરુ, ડૉ. વિકેશભાઈ પંડ્યા, પ્રદ્યુમન ખાચરે આપ્યા હતાં.

સાંજે ૬-૦૦ કલાકે કન્યા છાત્રાલયના ગૃહમાં સામાન્ય સભાની બેઠક યોજાઈ. જેમાં તા. ૨૬-૧૨-૨૦૦૩ની સભાની કાર્યનોંધ મંજૂર થઈ. વર્ષ ૨૦૦૨-૨૦૦૩ના ઑડિટ કરેલા હિસાબો તથા પરિષદનો અહેવાલ કોષાધ્યાક્ષ શ્રીમતી ડૉ. નયનાબેન અધ્વર્યુએ રજૂ કર્યો. જેને સભાએ બહાલી આપી. બાદ પ્રદ્યુમન ખાચર, ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ, ડૉ. નિરંજન રાજગુરુ વગેરેએ સૂચન કર્યું કે સંશોધકોને ગુજરાત રાજ્ય દફતર ભંડારોની ઓફિસો તથા ગુજરાતની લાઇબ્રેરીઓમાં દસ્તાવેજો, પુસ્તકો પ્રાપ્તિ માટે જે મુશ્કેલીઓ પડે છે તે ન પડે તે માટેનો ઠરાવ કરીને જે તે વિભાગને મોકલવો. પછી પ્રમુખશ્રી ડૉ. થોમસભાઈ પરમારે ગુજરાત ઇતિહાસ પરિષદનું એક મુખપત્ર હોવું જોઈએ. પરંતુ તે માટે પરિષદની આર્થિક સદ્ધરતા વધારવા સભાને સૂચન કર્યું. બાદમાં સામાન્ય સભામાં નિર્ણય કરવામાં આવ્યો કે ગુજરાત ઇતિહાસ પરિષદના ત્રણ ટ્રસ્ટીની જગ્યાએ પાંચ ટ્રસ્ટી હોવા જોઈએ. જેમાં શ્રી ડૉ. થોમસભાઈ પરમારને ચોથા ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરતાં સભામાં આનંદનું મોજું છવાઈ ગયું.

તા. ૨ નવેમ્બર ૨૦૦૩ ને રવિવારના રોજ સવારે ૭-૦૦ કલાકે યજમાન સંસ્થા તરફથી પ્રવાસનું આયોજન કરવામાં આવેલું તે મુજબ જ્ઞાનસત્રમાં આવેલ વિદ્વાનોને બે લકઝરી બસમાં બેસાડીને યાત્રાધામ દ્વારકાથી લગભગ ૮ કિ.મી. નાગેશ્વર મંદિર દર્શન કર્યા બાદ ૧૦-૦૦ કલાકે બેટ દ્વારકામાં નાવ દ્વારા દર્શન કર્યા બાદ ૧૧-૩૦ કલાકે તાતા કેમિકલ્સ મીઠાપુરમાં ભોજન તથા ડાયરી ભેટ આપી હતી. પછી ૧૨-૦૦ કલાકે શ્રી રુક્મણીજીનું મંદિરના દર્શન તથા પ્રાચીન શિલ્પ સ્થાપત્ય નિહાળ્યું હતું. બાદ ૧-૦૦ કલાકે દ્વારકામાં લુહાણા કુમાર છાત્રાલયમાં આવ્યાં. ચ્હા-કોફી બાદ બપોરે ૨-૦૦ કલાકે સાંજના ભોજન માટેના પેકેટ લીધા બાદ ગુજરાત રાજ્ય નિગમની બસ દ્વારા હર્ષિદમાતાના દર્શન અને સુદામાપુરી પોરબંદરથી જ્ઞાનસત્રના સર્વે વિદ્વાનો છૂટા પડ્યા હતાં.

આ જ્ઞાનસત્ર દરમ્યાન સ્થાનિક ચિત્રકાર શવજી છાયાએ દ્વારકાના આલેખેલા ચિત્રોનું પ્રદર્શન વિદ્વાનોએ માણ્યું હતું. જ્ઞાનસત્રમાં યજમાન સંસ્થા તરફથી આવેલા વિદ્વાનોને પ્રવાસ તથા એડવાન્સ સિનેમા, દ્વારકાધીશ મંદિર, સ્વામીનારાયણ મંદિર સુધી જવા આવવા માટેની ગાડીની સુવિધા રાખેલ હતી. તેમજ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ તરફથી રેકઝીનની સુંદર બેગ, બે પુસ્તિકા (શારદાપીઠ, પ્રદીપ (વાર્ષિક શોધપત્રિકા) દિવ્ય-દ્વારકાભવ્ય), પેન, પેડ દરેક વિદ્વાનો અને મહેમાનોને આપ્યાં હતાં. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય અને અધર્મનો પ્રભાવ વધે ત્યારે અવતાર લેવાનું વચન આપનાર રાજાશ્રી, કૃષ્ણની દ્વારકાની મુલાકાત લઈ અનેક મંદિરો, ઇતિહાસ સ્થાપત્યકલા, ભગવાન શ્રીકૃષ્ણનું વિશ્રામ સ્થળ (બેટ દ્વારકા), સમુદ્રકાંઠો, ગોમતીતટની આહ્‌લાદક યાત્રા તથા જ્ઞાનસત્રમાં ચર્ચા તથા સંશોધન પત્રો ખરેખર વિદ્વાનોને પાવનકારી અને આનંદદાયક બની રહેશે. આ જ્ઞાનસત્રમાં ૧૦૦ વિદ્વાનો હાજર રહ્યાં હતાં. દિવાળી વેકેશન હોવાથી સંખ્યાનું પ્રમાણ ઓછું રહ્યું છતાં આ જ્ઞાનસત્ર દરેક રીતે સફળ બન્યું. દરેક બેઠકમાં ચર્ચાનું ધોરણ ઊંચું રહ્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદ્યતંત્રી સ્વ. માનસંગજી બારડ

ટ્રસ્ટીમંડળ

ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વિ. સં. ૨૦૬૦ વર્ષ : ૪૪ અંક : ૧-૨-૩ ઓક્ટો.-નવે.-ડિસે. ૨૦૦૩

## અનુક્રમ

૧. સ્થળ-કાળના પિંજરામાંથી ૧
પ્રા. આર. એલ. રાવલ

૨. મારી ઇતિહાસ અંગેની વિભાવના : અનુભવની એરણેથી ૧૧
પ્રા. શિરીન મહેતા

૩. ભારતના મહાન પુરાવિદ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી ૨૬
ડૉ. ભારતી શેલત

૪. સર જદુનાથ (યદુનાથ) સરકાર (૧૮૭૦-૧૯૫૮) ૩૧
બી. એન. ગાંધી

૫. ગુજરાત ઇતિહાસ પરિષદનું ૧૫મું જ્ઞાનસત્ર : દ્વારકા – એક અહેવાલ ૩૯
ડૉ. હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ

પથિકનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/- છે.
આજીવન સભ્યપદ રૂ. ૫૦૧/- છે.

## સૂચના

પથિક દર ત્રીજા અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થશે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના જ્ઞાનનું સામયિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

અંગ્રેજી, ગુજરાતી અથવા હિન્દી લેખ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. લેખમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

પથિકમાં પ્રસિદ્ધ લખોના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

મ.ઓ., ડ્રાફ્ટ-પત્રો માટે લખો.

**પથિક કાર્યાલય**
C/o. ભો. જે. વિદ્યાભવન,
એચ. કે. કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯

પથિક કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C/o. ભો.જે.વિદ્યાભવન, એચ.કે.કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : કિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ • ફોન : ૭૪૯૪૩૯૩, મોબા. ૯૪૨૬૩૦૦૬૪૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થળ-કાળના પિંજરામાંથી

પ્રા. આર. એલ. રાવલ*

આ લેખ વિશેષ પ્રમાણમાં આત્મલક્ષી રહેવાનો, ઇતિહાસ વિષયના અધ્યયન-અધ્યાપન સાથે ઇતિહાસની વિભાવના અંગેના મારા વિચારોમાં પણ પરિવર્તન આવતાં ગયાં. મર્યાદિત સંખ્યામાં જે સંશોધન લેખો લખાયા તેમાંના થોડાક લેખો તો મારા મહાનિબંધના વિષયના સંદર્ભમાં જેનો ઘણીવાર મહાનિબંધમાં વિસ્તૃત રીતે સમાવેશ કરી શકાયો ન હતો, તેને અનુલક્ષીને લખાયા હતા. તેથી એક પ્રકારનું પુનરાવર્તનનું તત્ત્વ તેમાં દાખલ થયું. મારી બીજી મર્યાદા એ રહી કે મોટા ભાગના લેખો સાંસ્કૃતિક, સામાજિક પાસાને કેન્દ્રમાં રાખીને લખાયા છે. તેમાં વ્યવસાયી ઇતિહાસકાર માટે જરૂરી એવી નક્કર ઐતિહાસિક પરિસ્થિતિ અને તેને લગતા દસ્તાવેજોનો ઉપયોગ થયો નથી. આંકડાકીય માહિતી સાથે તેનું મહત્ત્વ દર્શાવતા આર્થિક પાસાને પણ આવરી લેવામાં આવ્યું નથી. વળી જે સર્વસામાન્ય વિધાનો કરવામાં આવ્યાં છે તેમની ઠોસ ઐતિહાસિક માહિતીથી પુષ્ટિ કરવામાં આવી નથી. ઉપરાંત, ઐતિહાસિક તથ્યોનું વિશ્લેષણ કરવા કરતાં, તેમાં આદર્શવાદી રંગદર્શિતાનું તત્ત્વ વધારે રહેલું છે. આવી તેમજ બીજી પણ કેટલીક મર્યાદાઓ મારા સંશોધન અભિગમમાં રહી છે એવું લાગે છે.

(૧)

ઇતિહાસને આનુષંગિક એવા વિષયના વાચન સાથે ઇતિહાસના અધ્યાપક તરીકે જે વિષયો શીખવ્યા તે અંગેની પ્રણાલિગત સંશોધન પ્રવૃત્તિ પ્રત્યે વિશેષ રસ જાગ્યો નહીં. મને પસંદ એવા થોડાક ચિંતકો કે ઇતિહાસકારોના લખાણોના સંપર્કમાં આવ્યો તે પહેલાં પણ ઇતિહાસને સમજવાનો મારો હેતુ અસ્પષ્ટ પણ વિચાર વિકાસને લગતી ખોજનો જ હતો, એટલે કે મહત્ત્વની ઘટનાઓ કે બનાવોને તપાસી તેનું સ્થૂળ વિશ્લેષણ કરવા માટે જરૂરી દસ્તાવેજો મેળવવાની વૃત્તિ મારામાં નથી. તેમ છતાં આવા જે કંઈ થોડાક પ્રયાસો થયા તે માત્ર મારી વ્યવસાયી કારકિર્દીને અનુલક્ષીને જ કર્યા હતા. તો પછી મેં ઇતિહાસ વિષયનો 'ઉપયોગ' માત્ર શૈક્ષણિક કારકિર્દી માટે જ કર્યો ? તેનો જવાબ 'હા' અને 'ના' એમ બંનેમાં હોઈ શકે.

(૨)

અગાઉ નિર્દેશ કરવામાં આવ્યો એ રીતે મારા માટે ઇતિહાસ જીવનની ખોજપૃચ્છાવૃત્તિનો એક મહત્ત્વનો ભાગ બન્યો હોવાથી તેમાં રંગદર્શી તત્ત્વ તેમ જ આત્મલક્ષી અભિગમ રહ્યો છે, ઇતિહાસ વિષયને સમજવા માટે જે જ્ઞાનમીમાંસા (Epistemology) અને તેને આધારે વિકસેલી સંશોધન પદ્ધતિનો ઉપયોગ થાય છે તેનાથી મને પૂરતો સંતોષ નથી. તેનો અર્થ એ નથી કે અત્યારની ઇતિહાસ સંશોધન પદ્ધતિ નિષ્ફળ ગઈ છે. વાસ્તવમાં તે જરૂરી છે. દા.ત. ભૌતિક પરિબળો સાથેના માનવ જીવનના સંબંધો અને તેને પરિણામે વસ્તી, ધરતીકંપ, દુકાળો, વગેરેને ઐતિહાસિક સંદર્ભમાં સમજવા તેમજ પુરાતત્ત્વ વિદ્યાના જ્ઞાનને માટે આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે. કાલ્પનિક કે દંતકથાઓને આધારે ઐતિહાસિક હકીકતો તરીકે રજૂ કરવામાં આવતી વિવિધ માન્યતાઓ અને તે દ્વારા થતું સમાજનું શોષણ અટકાવવા માટે પણ આ પદ્ધતિ આવશ્યક છે. ૧૯મી સદીથી વિકસેલી આ પદ્ધતિમાં થોડાંક પરિવર્તન પણ આવ્યાં છે. બીજી વિદ્યાશાખાઓના સંદર્ભીય ઉપયોગ દ્વારા ઇતિહાસ સંશોધન પદ્ધતિને વધારે વ્યાપક બનાવવામાં આવી છે. પરંતુ ગાંધીજી, જે કૃષ્ણમૂર્તિ, નહેરુ, માર્ટિન બ્યુબર, આર્નોલ્ડ ટોયન્બી, ઓર્તેગા ગસેટ, આર જી. કોલિંગવૂડ, બ્રુડેલ, હર્બર્ટ માર્કુસ, જોહાન ગાલ્ટુંગ, માઇકલ ફૂકો અને

* નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશિષ નાન્દી જેવાનાં પુસ્તકો, લેખો કે તેમના પર લખાયેલા લેખોના થોડા ઘણા પ્રભાવને લીધે મને વ્યવસાયી ઇતિહાસકારના અભિગમ માટે વિશેષ આકર્ષણ રહ્યું નથી.

(૩)

મારી દૃષ્ટિએ ઇતિહાસનો અભ્યાસ એ સ્થળ-કાળના સંદર્ભમાં માનવ સમાજના જીવનમાં આવતાં પરિવર્તનોના સ્વરૂપની પૃચ્છાનો અભ્યાસ છે. માનવ જીવન એક અખંડ હોવા છતાં અભ્યાસની દૃષ્ટિએ તે ત્રણ પ્રકારના સંબંધોની આંતરપ્રક્રિયા દ્વારા પ્રગટ થતું જોવા મળે છે. આ સંબંધોમાં મનુષ્યનો સ્વ-પોતાની સાથેનો સંબંધ, સમાજ સાથેનો સંબંધ અને પ્રકૃતિ સાથેના સંબંધનો સમાવેશ કરી શકાય.

વ્યાપક રીતે જોઈએ તો મનુષ્યના સ્વ સાથેના સંબંધમાં તેનું જ્ઞાત-અજ્ઞાત એવું આંતરિક જગત ચેતનાના વિવિધ સ્તરે આકાર લેતું હોય છે, તેની બાહ્ય અભિવ્યક્તિ ઘણીવાર સાહિત્ય, વિવિધ કળાઓ, તત્ત્વદર્શન, ધર્મ કે જીવન-મૂલ્યો દ્વારા થતી હોય છે. સ્વ સાથેના સંબંધોને આધારે જ તેની જ્ઞાન અને સમયની વિભાવના વિકસતી હોય છે, મનુષ્યના સમાજ સાથેના સંબંધોમાં પોતાની બહાર સામાજિક વિશ્વ સાથેના સંબંધોને ગણાવી શકાય. જેમાં કુટુંબથી લઈને વૈશ્વિક સ્તર સુધી તેની અનેકવિધ પ્રવૃત્તિઓ-રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે સંસ્થાઓના સ્વરૂપમાં આકાર લેતી હોય છે. જ્યારે પ્રકૃતિ સાથેના સંબંધમાં પોતાની આસપાસથી લઈને વિશ્વની કક્ષા સુધી વ્યાપેલી પ્રકૃતિનાં ચેતન-અચેતન એવાં વિવિધ સ્વરૂપો સાથેના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંબંધોનો સમાવેશ કરી શકાય. પાયાની વાત એ છે કે દેખીતી રીતે અલગ એવા આ ત્રણે પ્રકારના સંબંધોની આંતરપ્રક્રિયાને આધારે જ મનુષ્ય જીવનની અખિલાઈનું સ્વરૂપ-તેના જીવનનું સત્ત્વ - પ્રગટ થાય છે, ટૂંકમાં મનુષ્યના સ્વની આંતરિક તેમજ બાહ્ય સંરચનાની સભાનતા જ્ઞાન કે દૃષ્ટિનું સર્વાંગી સ્વરૂપ આ ત્રણે પ્રકારે રજૂ થતા સંબંધમાં છતું થાય છે.

મનુષ્યના બાહ્ય સ્વના સામૂહિક સ્વરૂપને આપણે અલગ અલગ સમાજ કે સંસ્કૃતિના એકમ તરીકે ઓળખીએ છીએ. સ્થળ-કાળના સંદર્ભમાં આવા સમાજ કે સંસ્કૃતિઓનું સ્વરૂપ બદલાતું રહે છે. ઘણીવાર નષ્ટ પણ થતું હોય છે. આર્નોલ્ડ ટોયન્બીએ પડકાર અને પ્રતિભાવના દ્વંદ્વને આધારે જુદા જુદા સામૂહિક સ્વના ઘટકો કે સંસ્કૃતિઓનો અભ્યાસ કર્યો. તેમની દૃષ્ટિએ જેટલા પ્રમાણમાં એ સંસ્કૃતિનાં (ત્રણે પ્રકારના સંબંધોના સંદર્ભમાં) પેદા થતા બાહ્ય કે આંતરિક પડકારોને ઝીલવાની કે તેમને આત્મસાત્ કરવાની ક્ષમતા હોય તેટલા પ્રમાણમાં તે સંસ્કૃતિ ટકી શકે છે. વળી ટોયન્બીએ એ સંસ્કૃતિને જ સક્ષમ ગણી છે કે જે તે પાયાની આંતરિક સંરચનામાં જ પેદા થતી પડકારોને જોવાની, સમજવાની અને યોગ્ય પ્રતિભાવ આપવાની શક્તિ (critical capacilty to face itself) હોય. એટલે કે સ્વને સતત પડકારતી સંસ્કૃતિ કાટખાતી નથી. ઇતિહાસના સર્વાંગી અભ્યાસ માટેના પર્યાપ્ત ઘટક તરીકે સંસ્કૃતિના અભ્યાસ પર ટોયન્બીએ ભાર મૂક્યો હતો. કારણ કે મર્યાદાથી સ્થળ-કાળના સંદર્ભમાં ખૂબ નાના કે વિભાજિત ઘટકોનો અભ્યાસ ઇતિહાસની સાચી સમજ આપતો નથી. તેમ છતાં સંશોધન કે અભ્યાસક્રમથી સગવડતા ખાતર એ રીતે અભ્યાસ કરવામાં આવે ત્યારે પણ સમગ્રતાને અનુલક્ષીને જ એ અભ્યાસ થવો જરૂરી છે.

ગાંધીજીના જીવન-કાર્યથી પ્રભાવિત થયેલા અને વિશ્વશાંતિ તથા પર્યાવરણ શુદ્ધિ આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલા જોહાન ગાલ્ટુંગ જેવા કર્મઠ વિદ્વાને આધુનિક પાશ્ચાત્ય સંસ્કૃતિને સમજવા માટે ટોયન્બીના પડકાર-પ્રતિભાવના દ્વંદ્વને લગતા અભિગમને આગળ વિસ્તારીને ઇતિહાસના અભ્યાસનું નવું પરિમાણ રજૂ કર્યું છે. જોહાન ગાલ્ટુંગે સંસ્કૃતિના મૂળમાં અભિપ્રેત એવા સામાજિક વિશ્વદર્શન (social cosmology)નો ખ્યાલ વિકસાવ્યો છે. તેમના આ સામાજિક વિશ્વદર્શનના ખ્યાલનો મેં વખતો વખત મારા લેખોમાં ઉલ્લેખ કર્યો છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિવર્તનની પ્રક્રિયાને સમજવા માટે આ ખ્યાલ ખૂબ ઉપયોગી લાગ્યો છે. ભાવનગર યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ દ્વારા પ્રકાશિત થનાર મારા લેખ, "ગાંધીજીનું ઇતિહાસ દર્શન"માંથી સામાજિક વિશ્વદર્શનના કેટલાક અંશ અહીં રજૂ કર્યા છે.

પ્રોફેસર જોહાન ગાલ્ટુંગના આ ખ્યાલ મુજબ સામાન્ય રીતે કોઇ પણ સંસ્કૃતિ કે સમાજ તેના લાંબા ગાળાના સંદર્ભમાં પોતાનું વિશ્વદર્શન પોતાની જીવનદષ્ટિ વિકસાવતો હોય છે. આ સામાજિક વિશ્વદર્શન તેના આંતરિક તેમજ બાહ્ય સમાજ સાથેના તેમજ પ્રકૃતિ સાથેના સંબંધોની પાયાની આંતરિક સંરચના (structure) છે, દેખીતા આત્મવિરોધો વચ્ચે પણ આ સંરચના, તે સંસ્કૃતિ-સમાજનું સ્વત્વ, તેના જ્ઞાત કે અજ્ઞાત એવા સામાજિક કે વ્યક્તિગત જીવનના સંબંધોના વ્યાકરણરૂપે છતું થતું હોય છે. શક્ય છે કે સમય જતાં અનેક પરિબળોને પરિણામે (ટોયન્બીના અભ્યાસ મુજબ જો તેમાં ઊભા થતા પડકારોને યોગ્ય પ્રતિભાવ આપવાની શક્તિ ક્ષીણ થાય તો) તે સંસ્કૃતિનું સ્વત્વ ભૂંસાઈ પણ જાય છે, અને તે બીજી સંસ્કૃતિના સામાજિક વિશ્વદર્શનનો ભાગ બની જાય છે. જોહાન ગાલ્ટુંગ મુજબ આ સામાજિક વિશ્વદર્શનના મુખ્ય પાસાંમાં (૧) સંસ્કૃતિનો સામાજિક અવકાશ (Social space) ને લગતો ખ્યાલ, (૨) સમયની વિભાવના, (૩) જ્ઞાનનું સ્વરૂપ, (૪) મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સબંધો, (૫) મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ, અને (૬) મનુષ્યના આધિભૌતિક સંબંધોના ખ્યાલનો સમાવેશ થાય છે. વાસ્તવમાં આ પાસાં તે સંસ્કૃતિના સામાજિક વિશ્વદર્શનની પાયાની આંતરિક સંરચના હોવાથી તેનો અંગાંગિભાવ વ્યક્ત કરે છે. આધુનિક જગતના ઇતિહાસના ઊંડા પ્રવાહોને તપાસવા માટે આધુનિક પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનનાં આ પાસાં સમજવાં જરૂરી છે, જેનો મેં ટૂંકમાં અહીં નિર્દેશ કર્યો છે.

**(૧) સામાજિક અવકાશ :** આધુનિક પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના સૌથી મહત્ત્વના પાસા તરીકે તેની સામાજિક અવકાશની વિભાવના છે. આધુનિક યુગમાં પશ્ચિમની સંસ્કૃતિને પોતાને જ કેન્દ્ર તરીકે ગણીને વિશ્વના બીજા સમાજો સાથેના સંબંધો બાંધ્યા છે અને તે જ રીતે તે ચાલુ રાખવા માગે છે. ભૌગોલિક સંદર્ભમાં જોઇએ તો આજે આ સંસ્કૃતિમાં લગભગ યુરોપ-અમેરિકા તેમજ ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડનો સમાવેશ કરી શકાય. છેલ્લી બે સદીઓ દરમ્યાન પોતાને કેન્દ્રસ્થ માનતી આ સંસ્કૃતિએ કેન્દ્ર - પરિઘ આધારિત સંબંધોના અભિગમ સાથે પોતાનું આધિપત્ય પોતાના સાંસ્કૃતિક વર્તુળ બહારના સમાજો પર સ્થાપીને પોતાના સાંસ્કૃતિક-રાજકીય પરિઘને વિસ્તાર્યો છે. પોતાના સાંસ્કૃતિક પરિઘની રેખા પર રહેલા સમાજોને 'વિકસતા' અથવા 'અર્ધવિકસિત' અને તેની બહારના સમાજોને 'પછાત' સમાજો તરીકે ઓળખાવ્યા છે. છેલ્લી બે સદીથી પોતાની જીવન દષ્ટિને જ વૈશ્વિક જીવન દષ્ટિ માનીને પરિઘનો વિસ્તાર વધારવા પશ્ચિમે ધર્મ, સમાજ, શિક્ષણ, અર્થકારણ, રાજકારણ, યંત્રવિજ્ઞાન વગેરે ક્ષેત્રે પોતાનાં મૂલ્યોનું આધિપત્ય સ્થાપવાનો પ્રયાસ જારી રાખ્યો છે, અને આ મૂલ્યોને આધારે સમૂહ જીવનની સંસ્થાઓ સ્થાપીને પોતાના આધિપત્યવાદી-વિસ્તારવાદી વલણને 'સ્વાભાવિક' ગણાવ્યું છે.

**(૨) સમય :** પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનમાં સમયનો ખ્યાલ રેખીય છે. શક્ય છે કે તેના પર સેમિટિક ધર્મોના સમય અંગેના ખ્યાલની ઊંડી અસર હોય તેથી સ્વાભાવિક રીતે તેની ઇતિહાસની વિભાવના પણ રેખીય સમયના સંદર્ભમાં ઘડાઈ છે. (જો કે ઇતિહાસ ચિંતક સ્પેંગ્લર રેખીય સમયના સંદર્ભમાં ઇતિહાસને તપાસતા નથી). પરંતુ ધીરે ધીરે રેખીય સમયનો ખ્યાલ એક વિશેષ મૂલ્ય તરીકે ઉપસ્યો. ૧૮મી સદીના અંતથી 'પ્રગતિ' વિશેનો ખ્યાલ તેમાં ઉમેરાયો. વળી તેમાં 'શુદ્ધિકરણ'ની પ્રક્રિયાને 'પ્રગતિ'ના ખ્યાલ સાથે જોડવામાં આવી. સામાજિક પ્રણાલિઓ, સંસ્થાઓ, મૂલ્યો વગેરેને 'સારા' અને 'ખરાબ' ગણવાને બદલે 'સારાં' અથવા 'ખરાબ' તરીકે જોવામાં આવ્યાં. રેખીય સમયના સંદર્ભમાં 'સારા'ને 'ખરાબ'થી અલગ તારવવાની પ્રક્રિયાને 'પ્રગતિ' ગણવામાં આવી. આ પ્રક્રિયા વ્યક્તિ, સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય સંસ્થાઓ અને પ્રકૃતિને પણ લાગુ પડતી



For Private and Personal Use Only

હતી. ઉપરાંત, રેખીય સમયના ખ્યાલે 'પ્રગતિ' સાથે સાથે વૈયક્તિક સિદ્ધિ અને ધ્યેયલક્ષી અભિગમ (achievement goal oriented approach) હેઠળ આધિપત્યલક્ષી મૂલ્યોને ઉત્તેજન આપ્યું. તેમાં પણ છેલ્લા ત્રણેક દાયકાથી માહિતી જ્ઞાનને લગતાં નવા યંત્ર વિજ્ઞાનનાં ઉપકરણોના વિકાસ સાથે પ્રાકૃતિક સમયનું સ્થાન લગભગ **માનસિક સમયે** લીધું છે. થોડીક જ ક્ષણોમાં બધું પ્રાપ્ત કરવાની માનસિકતાએ તનાવનું-સ્પર્ધાનું મૂલ્ય સર્જ્યું. એ રીતે ભૌતિક સમયનું રૂપાન્તર માનસિક સમયમાં થવા લાગ્યું.

(૩) **જ્ઞાન :** આધુનિક પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનમાં જ્ઞાન પ્રાપ્તિ માટે પૃથક્કરણીય પદ્ધતિને પાયાની પદ્ધતિ ગણવામાં આવી છે. એકમો તથા ચલનો (variables) પર આધારિત આ જ્ઞાનની પ્રક્રિયા દ્વંદ્વાત્મક (binary) છે. શુદ્ધને અશુદ્ધથી અલગ પાડીને અતિ સૂક્ષ્મ સ્તરે વિભાજિત એવા અણુ-પરમાણુનો સંબંધ રેખીય પ્રકારનો છે. (જો કે ક્વાન્ટમ ફિઝિક્સ તેનો સ્વીકાર કરતું નથી). તેમાં કાર્ય-કારણભાવની અસરને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. દકાર્તના સમયથી વિજ્ઞાનના પ્રભાવ હેઠળ જ્ઞાન પ્રાપ્તિના આ અભિગમમાં જ્ઞાતા અને જ્ઞેય (subject and object) ને અલગ ગણવામાં આવ્યા છે. મનુષ્ય પ્રાકૃતિક વિશ્વથી અલગ છે. એવી ધારણા હેઠળ છેલ્લી ત્રણ સદીથી જ્ઞાનનું સ્વરૂપ મનુષ્યકેન્દ્રી (anthropocentric) રહ્યું છે. વળી, પ્રાપ્ત જ્ઞાનને પણ તે સમયના બૌદ્ધિક સંદર્ભના માળખા (paradigm) મુજબ કેન્દ્રીય, પરિઘીય અને અપ્રસ્તુત એવું બહારનું-ના ક્રમમાં જોવામાં આવે છે. **અહીં કેન્દ્રસ્થ એવી સામાજિક અવકાશની વિભાવનાના વિસ્તૃત સાંસ્કૃતિક સ્તરથી લઈને છેક વ્યક્તિ સુધી, કેન્દ્ર તરીકે પોતાને જોતા જ્ઞાતા અને 'બીજા'- જ્ઞેયના દ્વંદ્વના સ્વરૂપમાં, પશ્ચિમના સામાજિક વિશ્વદર્શને આકાર લીધો છે.** તેથી જ્ઞાનને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે બીજા સમાજો પર તેમજ પ્રાકૃતિક વિશ્વ પર આધિપત્ય સ્થાપવાના સાધન તરીકે પણ જોવામાં આવે છે. પશ્ચિમની જ્ઞાનમીમાંસા (epistemology) નું સ્વરૂપ એ રીતે ત્યાંના સામાજિક વિશ્વદર્શનનું મહત્ત્વનું અંગ છે અને **આધુનિક ઇતિહાસ સંશોધન પદ્ધતિનો પાયો પણ આ જ્ઞાનમીમાંસા પર રચાયો છે.**

**(૪) મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધો :** પશ્ચિમના સામાજિક વિશ્વદર્શન મુજબ મનુષ્યના વ્યાપક ખ્યાલનું સ્થાન હવે વ્યક્તિના ખ્યાલે લીધું છે, તેથી મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધોનું સ્વરૂપ વ્યક્તિકેન્દ્રી બન્યું છે. એટલે કે મનુષ્યનું રૂપાન્તર વ્યક્તિમાં થતાં પસંદગીની સ્વતંત્રતા ધરાવતી વ્યક્તિ તરીકે હવે તે સમાજના પાયાનો એકમ બન્યો છે. લોકશાહી, વ્યક્તિ સ્વાતંત્ર્ય, સમાનતા વગેરે ખ્યાલ વ્યક્તિના સિદ્ધિલક્ષી મૂલ્યોના સંવર્ધન માટે આવશ્યક ગણવામાં આવ્યા છે. તે માટે સ્પર્ધા-સંઘર્ષને સ્વાભાવિક ગણીને તેને સંસ્થાકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. સામાજિક જીવનના મોટા ભાગના ક્ષેત્રે સમાન તક હેઠળ સ્પર્ધાને જ કેન્દ્રમાં રાખીને વિજેતા-પરાસ્ત, હોંશિયાર-ઠોઠ, સફળ-નિષ્ફળ વગેરેના સ્પષ્ટભેદ દર્શાવવામાં આવ્યા છે. ફ્રેંચ ઇતિહાસકાર માઇકલ ફૂકોના મંતવ્ય મુજબ મનુષ્યની વ્યક્તિ તરીકેની નવી છબી ૧૯મી સદીની શરૂઆતથી સ્પષ્ટ રીતે ઉપસી છે. તો બીજી બાજુ મનુષ્યના સ્વતંત્ર વ્યક્તિ તરીકેના ખ્યાલને મૂર્છિત બનાવતાં પરિબળોમાં સમૂહવાદ પર આધારિત ઉગ્ર રાષ્ટ્રવાદે આ સ્પર્ધાને વધારે વિકૃત સ્વરૂપ આપ્યું. અહીં પણ કેન્દ્રસ્થ એવી સામાજિક અવકાશની વિભાવના, અગાઉ ઉલ્લેખ થયો તેમ, છેક વિશાળ સાંસ્કૃતિક સ્તરથી લઈને જ્ઞાનના સ્વરૂપ અને મનુષ્યના વ્યક્તિ તરીકેના ખ્યાલ સુધી અને સાથે સમૂહવાદ પર આધારિત એવા રાષ્ટ્રવાદ અને ૨૦મી સદીમાં સામ્યવાદના ખ્યાલ સુધી સ્પષ્ટ રીતે વર્તાય છે. આમ, જેટલા પ્રમાણમાં કેન્દ્રની વિભાવના પ્રબળ તેટલા પ્રમાણમાં સ્પર્ધા તેમજ ઘર્ષણ અનિવાર્ય બનતું જાય છે. કારણ કે તેમાં આધિપત્યવાદી અભિગમ અભિપ્રેત છે.

**(૫) મનુષ્ય-પ્રકૃતિ વચ્ચેના સંબંધો :** પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનમાં મનુષ્યને પ્રકૃતિથી ઉપર ગણવામાં આવ્યો હોવાથી તે પોતાની 'પ્રગતિ-વિકાસ' માટે પ્રકૃતિ પર આધિપત્ય સ્થાપીને તેનો ઉપયોગ-ઉપભોગ કરી શકે છે. અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તેમ મનુષ્ય કેન્દ્રીજ્ઞાન (anthropocentric knowledge) ને જ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ, સમાજ અને વિજ્ઞાનને ક્ષેત્રે વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી પ્રકૃતિનો બેફામ ઉપયોગ કરીને પશ્ચિમના અર્થતંત્રના ખ્યાલે પર્યાવરણીય અસમતુલા સર્જી છે. પરિણામે હર્બર્ટ માર્કુસ કહે છે તેમ necessity અને wants કે need અને greed વચ્ચેનો ભેદ જ નાબૂદ થયો છે.

(૬) **મનુષ્યના આધિભૌતિક સંબંધ :** પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનમાં થોડાક અપવાદોને બાદ કરતાં મનુષ્યના આધિભૌતિક સંબંધોની વિભાવનાને સ્થાન નથી. કારણ કે આ સામાજિક વિશ્વદર્શન અવકાશ, સમય, જ્ઞાન અને વ્યક્તિ તરીકે મનુષ્યની કેન્દ્રની વિભાવના પર રચાયેલું છે. માનસિક સમય સાથે કેન્દ્રને અતિક્રમવાનો ખ્યાલ તેની જ્ઞાનમીમાંસામાં નથી. જો તેમ થાય તો પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનનું સ્વરૂપ જ બદલાઈ જાય.

આપણે જોઈ ગયા કે મનુષ્યના ત્રણે પ્રકારના પાયાના સંબંધોના વિસ્તૃત એકમ તરીકે જો સમાજ કે સંસ્કૃતિનો અભ્યાસ કરવામાં આવે તો તેમાં આવતાં પરિવર્તનોની પ્રક્રિયાનું સ્વરૂપ અને તેની બીજા સમાજો પરની પારસ્પરિક અસરનો ખ્યાલ તેમના સામાજિક વિશ્વદર્શન દ્વારા વધારે સ્પષ્ટ થાય છે. ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં મોટાભાગના માનવ સમાજોમાં આવતાં પરિવર્તનની ગતિ એકંદરે ધીમી હતી. વૈચારિક ક્ષેત્રે આવતાં પરિવર્તનો પણ તેમની ધીમી ગતિને લીધે સમાજને ખાસ આંચકો આપતાં ન હતાં. જાણે કે આખો સમાજ એક જ પ્રકારના ઐતિહાસિક સમયમાં જીવતો હોય તેવું લાગતું હતું. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિની ગતિને ફ્રાન્સની ક્રાંતિએ વેગ આપ્યો. પરિણામે યુરોપીય સમાજના ત્રણે પ્રકાર (સ્વ સાથેના, સમાજ સાથેના અને પ્રકૃતિ સાથેના) ના સંબંધોના સ્વરૂપની સંરચના (structure) તૂટવા લાગી. ૧૯મી સદીમાં પરિવર્તનની ગતિ વધારે ઝડપી બની-તેથી નવી પરિસ્થિતિમાં માનવ સંબંધોને વધારે વ્યવસ્થિત રીતે (વૈજ્ઞાનિક અભિગમથી) સમજવા માટે જ્ઞાન અને સમયની વિભાવના પણ બદલાવા લાગી. ૧૮મી સદી સુધીની ઇતિહાસ સંશોધન પ્રકૃતિ અને લેખન-પ્રકૃતિનું સ્વરૂપ પણ હવે બદલાવા લાગ્યું. ૧૯મી સદી દરમ્યાન બીજા સમાજો પર પશ્ચિમનું આધિપત્ય સ્થપાવા લાગ્યું, તેની સાથેની ઇતિહાસની વિભાવના તથા સંશોધન પદ્ધતિ પર પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના સમય અને જ્ઞાનને આવરી લેતાં પાસાંનો પ્રભાવ સ્પષ્ટ રીતે વર્તાવા લાગ્યો. કારણ કે વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનના પ્રભાવ હેઠળ ઝડપથી પરિવર્તન પામતા પશ્ચિમના સમાજને તેમજ "બહાર"ના સમાજોને સમજવા માટે તેમજ નવા ઊભા થતા પ્રશ્નોને હલ કરવા માટે ઇતિહાસ ઉપરાંત બીજી ઘણી માનવવિદ્યાઓ અને વિશેષ કરીને સમાજ વિદ્યાઓનો વિકાસ થવા લાગ્યો હતો. જેમ જેમ વિજ્ઞાનના સંશોધન ક્ષેત્રે વિશેષીકરણનું મહત્ત્વ વધવા લાગ્યું તેમ તેમ સમાજ વિદ્યાઓમાં પણ વિશેષીકરણનો પ્રભાવ વધતો ગયો. પરિણામે મનુષ્યના ત્રણ પ્રકારના સંબંધોને વૈજ્ઞાનિક અભિગમથી તપાસવામાં આવ્યા. તેથી મનુષ્યની અખિલાઈનું સ્વરૂપ નષ્ટ થયું. ઇતિહાસ સંશોધન પદ્ધતિમાં પણ તાટસ્થ્ય જાળવવા માટે વસ્તુલક્ષી અભિગમને પ્રાધાન્ય મળ્યું. ગસેટ ઓર્તેગાએ વ્યંગમાં કહ્યું છે તેમ ઇતિહાસના અભ્યાસમાં મનુષ્યને જ્યાં સુધી 'વસ્તુ' (dehumanised) ન બનાવવામાં આવે ત્યાં સુધી તેના બધા વ્યવહારોનો અભ્યાસ ન થઈ શકે. આ વસ્તુલક્ષી તર્કબુદ્ધિ (empirical rationality) ને ગસેટ ઓર્તેગા ભૌતિક-ગણિતીય તર્કબુદ્ધિ (physico-mathematical reason) તરીકે ઓળખાવે છે. આ સંશોધન પદ્ધતિમાં મનુષ્યની જીવનશક્તિમાંથી નિષ્પન્ન થતી બુદ્ધિ (vital reason) ની નોંધ લેવાતી નથી. આમ તો ઔદ્યોગિક ક્રાંતિ પછી ઔદ્યોગિક સંબંધોમાં અને ત્યાર પછી મોટાભાગની માનવસર્જિત સંસ્થાઓના સંચાલનમાં માંગ-પુરવઠાના નિયમ મુજબ મનુષ્યના શ્રમ અને બુદ્ધિની કિંમત નક્કી કરવામાં આવી. કાર્લમાર્ક્સે પ્રથમવાર મનુષ્યના થતા શોષણ દ્વારા તેના વસ્તુકરણ (thingification)નો નિર્દેશ કર્યો હતો. આમ ૧૯મી સદી દરમ્યાન વ્યક્તિ તરીકે ઉપસેલી મનુષ્યની છબીમાં સ્પર્ધા આધારિત સંબંધોમાં ઉપયોગિતાને ધોરણે 'પોતે' અને 'બીજા' અંગેનો સ્પષ્ટ થયેલો ખ્યાલ ઔદ્યોગિક સમાજનું વિશિષ્ટ લક્ષણ બની ગયું.

આ પ્રકારની મનુષ્યને સમજવાની વસ્તુલક્ષી-અનુભવાશ્રિત (empirical) જ્ઞાનમીમાંસા (episte-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

mology) અંગે માઇકલ ફૂકો તેના "The Birth of Clinic" નામના પુસ્તકમાં ઉલ્લેખ કરે છે તેમ, ડૉક્ટરને પોતાના જ્ઞાન ફલકને વિસ્તારવા માટે જીવંત દર્દી કરતાં તેના મૃત દેહમાં વધારે રસ હોય છે. (વૈજ્ઞાનિકોને પણ આઇન્સ્ટાઇન જેવી વિલક્ષણ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓના મૃત્યુ પછી તેમની ખોપરી તપાસવામાં રસ હોય છે) કારણ કે મૃતદેહ તેના કબજામાં તેની સતત નજર (gaze) હેઠળ સંપૂર્ણ રીતે હોવાથી તે તેનો સઘન રીતે પૃથક્કરણાત્મક અભ્યાસ કરી શકે. આ જ્ઞાનમીમાંસા હેઠળ જીવનને દરેક ક્ષેત્રે બીજાં જૂથો કે સમાજોને પોતાના વિશિષ્ટ જ્ઞાન દ્વારા 'નજર' (gaze) હેઠળ રાખીને તેમના પર સ્થૂળ કે સૂક્ષ્મ આધિપત્ય સ્થાપવાની વૃત્તિ કામ કરતી જોવા મળે છે. એ રીતે મનુષ્યનું પ્રદેશ, જાતિ, વર્ણ, રંગ, ધર્મ કે અનેક પ્રકારના વ્યવસાયને ધોરણે અનેક પેટા વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવે છે અને પૃથક્કરણીય પદ્ધતિથી તેને સમજવાનો પ્રયાસ કરવામાં આવે છે. આપણી અત્યારની ઇતિહાસ સંશોધન પદ્ધતિ હેઠળ પણ વિવિધ સમાજો, ઘટકો કે બનાવો-ઘટનાઓના કેન્દ્રમાં રહેલા મનુષ્યને સમજવા માટે ઇતિહાસકાર તેની સાથે પોતાનો સીધો-જીવંત સંબંધ જોડતો નથી, એટલે કે તે ભૂતકાળને પોતાનો-વર્તમાનનો ભાગ બનાવતો નથી. ઇ.એચ.કાર મુજબ ઇતિહાસ એ ભૂતકાળ અને વર્તમાન વચ્ચેનો સંવાદ છે. પરંતુ વાસ્તવમાં તે તેથી પણ વિશેષ છે. તે એ અર્થમાં કે ઇતિહાસકારમાં ભૂતકાળના માનવસમાજ અંગેની સંવેદનશીલતા હોવી જોઈએ. પેલોપોનેશિયન યુદ્ધને લીધે જે આઘાત ગ્રીક ઇતિહાસકાર થ્યુસીડાઇડીસને લાગ્યો તેનો પ્રત્યક્ષ અનુભવ ટોયન્બીએ યુરોપીય સત્તાઓ વચ્ચે થયેલા પ્રથમ વિશ્વ યુદ્ધ વખતે કર્યો. કાળક્રમ મુજબ બનાવો ભલે જુદા જુદા સમયે બનતા હોય પરંતુ તેમની સમુપસ્થિતિનો અનુભવ, ક્રોશે કહે છે તેમ, કોઈ પણ સંવેદનશીલ ઇતિહાસકાર પોતાનામાં કરતો હોય છે. એ અર્થમાં ગસેટ ઓર્તેગા ઇતિહાસને વર્તમાનના વિજ્ઞાન તરીકે ધરાવે છે. પરંતુ તે માટે પાશ્ચાત્ય વિશ્વદર્શન હેઠળ વિકસેલી જ્ઞાન- મીમાંસા પર્યાપ્ત નથી.

(૫)

પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના સંદર્ભમાં આધુનિક ભારતના ઇતિહાસના મુખ્ય પ્રવાહો પર દષ્ટિપાત કરીએ તો જણાશે કે બ્રિટિશ સત્તાની સ્થાપનાની સાથે સાથે તદ્દન જુદા જ પ્રકારની શાસન પદ્ધતિની પણ શરૂઆત થઈ. આ શાસન પદ્ધતિનાં વિવિધ પાસાં (લશ્કરી, વહીવટી, કાનૂની, શૈક્ષણિક, સામાજિક, આર્થિક વગેરે)નો પ્રભાવ સમગ્ર ભારતીય સમાજ-સંસ્કૃતિ પર પડવા લાગ્યો. તેને પરિણામે આવેલાં પરિવર્તનોનાં બાહ્ય સ્વરૂપની ચર્ચા તથા પૃથક્કરણની જરૂર હોવા છતાં તે પર્યાપ્ત નથી, એટલે કે સમગ્ર સમાજલક્ષી (societal) સંબંધોની ઉપલી સપાટી પર દેખાતાં પરિવર્તન પર નીચેની સપાટીએ કામ કરતા પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના પ્રવાહોની કેટલી ઘેરી અસર થઈ છે તે તરફ આપણું વિશેષ ધ્યાન ગયું નથી. ફ્રેન્ચ ઇતિહાસકાર બ્રુડેલ કહે છે તેમ ઇતિહાસની ઉપલી સપાટીએ બનતા બનાવો કે ઘટનાઓ માત્ર સમુદ્રની ઉપલી સપાટી પરનાં મોજાંના ફીણ સમાન છે, જ્યારે સપાટી નીચે કામ કરતા ભરતીના પ્રવાહો તરફ બહુ ઓછાનું ધ્યાન જાય છે. આધુનિક ભારતના સંદર્ભમાં આ નીચેના પ્રવાહો અને તેમના પ્રભાવનો ખ્યાલ બે અલગ સમાજ-સંસ્કૃતિના સામાજિક વિશ્વદર્શન વચ્ચે થતી આંતરપ્રક્રિયાના સ્વરૂપને સમજવાથી આવે છે. એ રીતે જોઈએ તો ભારતમાં બ્રિટિશ સંસ્થાનવાદ એવા પ્રકારના આધિપત્યની સંરચના હતી કે જેને લીધે અહીંના સામાન્ય મનુષ્યના સ્વ સાથેના સમાજ અને તેની સંસ્થાઓ સાથેના, અને પ્રકૃતિ સાથેના સંબંધોમાં મૂળભૂત પરિવર્તન આવવા લાગ્યું. વળી એ ભૂલવું ન જોઈએ કે આ પરિવર્તનનું મુખ્ય વાહક રાજ્ય પોતે જ બન્યું. બ્રિટિશ શાસન પહેલાં પ્રણાલિગત સમાજમાં રાજ્યની ભૂમિકા માત્ર સામાજિક સંસ્થાઓના બાહ્ય સંબંધો જાળવી રાખીને તેમની સુરક્ષાના બાહ્ય કવચ તરીકેની હતી. હવે રાજ્યનું મહત્ત્વ નવા સંદેશા-વાહનવ્યવહારનાં સાધનો સાથે જીવનના દરેક ક્ષેત્રે વધવા લાગ્યું. આ આધિપત્યવાદી પરિવર્તનને ઘણીવાર સ્પષ્ટ રીતે જોઈ શકાતાં પણ ન હતાં કારણ કે તેની પ્રથમ અસર



For Private and Personal Use Only

ત્રણે પ્રકારના સંબંધોની સંરચના (structure) પર થવા લાગી, એટલે કે ધર્મ, સાહિત્ય, શિક્ષણ, અર્થકારણ રાજકારણ વગેરેની આંતરિક સંરચના બદલાવા લાગી. ચિંતન અને વિચાર કરવાની પદ્ધતિમાં પણ ખબર ન પડે તે પ્રકારનું પરિવર્તન આવવા લાગ્યું. ૧૯મી સદીના સાહિત્યમાં પરોક્ષ રીતે આ આંતરિક સંરચનામાં આવતાં પરિવર્તનની વ્યક્ત કે અવ્યક્ત, એવી આશા, નિરાશા, વેદના કે માનસિક ગૂંગળામણનો પરિચય થાય છે. આ પ્રકારની વ્યથા ૧૯મી સદીના પ્રખર બૌદ્ધિક બંકિમચંદ્ર ચેટરજીનાં લખાણોમાં જોવા મળે છે. ડૉ. સુદીપ્ત કવિરાજ તેમના પુસ્તક, *"The Unhappy Consciousness : Bankimchandra And the Formation of Nalionalist Discourse in India"* માં ઉલ્લેખ કરે છે તેમ બંકિમચંદ્રે પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના પ્રભાવ હેઠળ શાસકવર્ગની નકલ કરતા શિક્ષિત બંગાળી બાબુનું વ્યંગ ચિત્ર 'કૃષ્ણકાન્તેર વિલ' તથા 'કમલકાન્તેર દફતર'માં રજૂ કરીને પોતાની ઊંડી વ્યથાને વ્યક્ત કરી છે. ભારતની સાંસ્કૃતિક અસ્મિતાની ખોજના ભાગરૂપ નવી રીતે ઇતિહાસને જોવાના પ્રયાસ પણ શરૂ થયા હતા. એ સંદર્ભમાં બંકિમચંદ્રે બીજા બૌદ્ધિકોની જેમ ભારતના ભૂતકાળનું નવું અર્થઘટન કરવાની સાથે ભવિષ્યના ભારતની કલ્પના 'આનંદમઠ' જેવી નવલકથા દ્વારા કરી અને અનાયાસે પશ્ચિમને અનુસરીને તેમણે 'કૃષ્ણચરિત્ર'માં કૃષ્ણને સંસ્કૃતિના ધારક તરીકે રજૂ કર્યા.

ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો મેં મારા લેખોમાં કંઈક અંશે પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના પ્રભાવનો ઉલ્લેખ કર્યો છે, ગુજરાતમાં સુધારા આંદોલનને અનુલક્ષીને પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના પ્રભાવનો ખ્યાલ નવલરામ લક્ષ્મીરામ પંડ્યાના અભ્યાસપૂર્ણ લેખ, 'સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન' માં પ્રથમવાર રજૂ થાય છે, જ્યારે નવાં વ્યક્તિકેન્દ્રી સુધારાનાં મૂલ્યો સામેના પ્રતિભાવને રૂપે મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ વેદાન્તમાં અભિગમ દ્વારા ભારતના સામાજિક વિશ્વદર્શનનો ખ્યાલ રજૂ કર્યો. પરંતુ બે સામાજિક વિશ્વદર્શન વચ્ચેના સંઘર્ષયુક્ત સંક્રાન્તિકાળનો જાત અનુભવ આપણને ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા, 'સરસ્વતીચંદ્ર' દ્વારા વધારે સ્પષ્ટ થાય છે. ગોવર્ધનરામ ભારતના સામાજિક દર્શનમાં બીજાં સામાજિક વિશ્વદર્શનોને યોગ્ય રીતે આત્મસાત કરવાની શક્તિ છે તેનો ખ્યાલ પણ વ્યક્તિકેન્દ્રી મનુષ્યનું રૂપાન્તર અહમ્‌રહિત વ્યક્તિ કે મનુષ્યમાં કેવી રીતે થાય છે તેની પ્રક્રિયા દ્વારા 'સરસ્વતીચંદ્ર'માં રજૂ કરે છે.

(૬)

૧૯મી સદીમાં રાજા રામમોહન રોયથી શરૂઆત કરીએ તો પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના પડકાર સામેનો પ્રતિભાવ **ભારતના સામાજિક વિશ્વદર્શનને લગતી નવી સભા થતા નવજાગૃતિનું** સ્વરૂપ લે છે. ભારતના સામાજિક વિશ્વદર્શનનાં મુખ્ય પાસાંઓને ટૂંકમાં તપાસીએ તો જણાશે કે વેદકાળ કે તે પહેલાં આકાર લેતી અહીંની સંસ્કૃતિ તદ્દન ખુલ્લી સંસ્કૃતિ છે, તેનું કોઈ કેન્દ્ર નથી. અહીંના સામાજિક વિશ્વદર્શનના મહત્ત્વના પાસા તરીકે સામાજિક અવકાશમાં કેન્દ્રની વિભાવના જ નથી. જુદે જુદે સમયે બહારથી આવીને સ્થિર થતી પ્રજાઓનાં જીવન મૂલ્યો અને જીવન પદ્ધતિઓ અહીંના સામાજિક અવકાશનો અંતર્ગત ભાગ બન્યાં છે. તેથી જ કોઈપણ સમાજ - સંસ્કૃતિમાંથી આવતાં સારાં તત્ત્વો કે વિચારોને આત્મસાત્ કરવાની મૂળભૂત વૃત્તિ આ કેન્દ્રરહિત વિશ્વ દર્શનમાં છે. અને જ્યારે જ્યારે સમાજમાં સ્થગિતતા આવી છે ત્યારે તેની સંરચનાને પડકારવાની અંતર્ગત શક્તિ પણ જુદે જુદે સમયે ઉપનિષદ કાળથી લઈને બુદ્ધ, મહાવીર અને ત્યાર પછીના સંતો અને સૂફીઓના જીવનકાર્ય દ્વારા જોવા મળે છે. અહીંના સામાજિક વિશ્વદર્શનમાં સમયનો ખ્યાલ પ્રાકૃતિક-ચક્રાકારી છે. તેથી તેના પાયામાં સ્પર્ધાને સ્થાન નથી. તેની જ્ઞાનની વિભાવના માત્ર જ્ઞાતા અને જ્ઞેયના ફલક પર જ રચાઈ નથી. તેને પણ અતિક્રમીને જ્ઞાતારૂપી કેન્દ્ર દ્વારા સર્જિત 'માનસિક સમય'ના ચક્રમાંથી બહાર નીકળવાની તેમાં ક્ષમતા છે. મનુષ્ય-મનુષ્ય વચ્ચેનું સ્વરૂપ અહમ્‌કેન્દ્રી વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું ન રહેતાં તે અહમ્‌રહિત મનુષ્ય-મનુષ્યનું બને છે. તેમાં સ્પર્ધાને બદલે સહકાર-પ્રેમની ભાવના અભિપ્રેત છે. તેથી જ મહાભારતકારે ચેતવણી આપી છે કે દ્વેષ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સ્પર્ધા(પોતે અને બીજા)નો અતિરેક સમાજની સમતુલા જોખમાવે છે અને સંસ્કૃતિનો વિનાશ નોંતરે છે, જ્યારે મનુષ્ય-પ્રકૃતિના સંબંધોમાં, મનુષ્ય પ્રકૃતિનો જ ભાગ હોવાથી તેનો પ્રકૃતિ પ્રેમ મનુષ્યની કેન્દ્રવિહીન-અદ્વૈતની ભાવનાને વ્યક્ત કરે છે. ટૂંકમાં, અહીં કેન્દ્રની મૂળભૂત વિભાવના જ ન હોવાથી સમય, જ્ઞાન તથા મનુષ્ય-મનુષ્ય અને મનુષ્ય-પ્રકૃતિ વચ્ચેના સંબંધોથી આધિભૌતિક સબંધનું જે સ્વરૂપ ઊપસે છે તેને કેન્દ્રસ્થ જ્ઞાતા પોતાની બુદ્ધિથી અલગ પાડીને સમજી ન શકે.

આ પ્રકારના સામાજિક વિશ્વદર્શનમાંથી નિષ્પન્ન થતી જ્ઞાનમીમાંસા (epistemology) પશ્ચિમની જ્ઞાનમીમાંસાથી તદ્દન અલગ છે.

૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં પ્રથમવાર પશ્ચિમના સંદર્ભમાં નવજાગૃતિરૂપે ભારતના સામાજિક વિશ્વદર્શનનો ખ્યાલ રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ટાગોર અને ગાંધીજી જેવાના જીવન-કાર્ય અને દર્શન દ્વારા સ્પષ્ટ રીતે રજૂ થાય છે. રામકૃષ્ણ પરમહંસે અહમ્‌રહિત ચેતનાની અવસ્થામાં સ્થળ-કાળના સંદર્ભમાં વિકસેલા ધર્મોના બાહ્ય સ્વરૂપમાંથી પાયાનું તત્ત્વ શોધી-સમજી તેમને આત્મસાત્ કર્યો. સ્વામી વિવેકાનંદ પૂર્વે અને પશ્ચિમની આધ્યાત્મિક અને ભૌતિક શક્તિને એકબીજાથી ભિન્ન ન ગણી. ઉપરછલ્લી રીતે પલાયનવાદી દર્શન તરીકે ઓળખાતા વેદાન્ત દર્શનને તેમણે માનવ-પ્રકૃતિના અભિન્ન દર્શન તરીકે રજૂ કરીને માનવ સેવા અને એકતા માટેનું ક્રિયાશીલ ક્ષેત્ર ગણ્યું. ટાગોરે પ્રકૃતિ પ્રેમ, મનુષ્ય પ્રેમ અને વિશ્વપ્રેમના ત્રિવેણી સંગમને ઈશ્વર પ્રેમ તરીકે ઘટાવ્યો. જ્યારે ગાંધીજીમાં આ બધાં પાસાં તેમના કાર્ય દ્વારા પ્રગટ થયાં છે. ભારતના સામાજિક વિશ્વદર્શનને રજૂ કરતા આવા મહાનુભાવોએ મનુષ્યની બિનશરતી મુક્તિનો આગ્રહ સેવ્યો અને તે એ વખતે કે જ્યારે પશ્ચિમના સામાજિક વિશ્વદર્શને તેનું આધિપત્યવાદી સ્વરૂપ ખૂબ નિર્દયતાથી માનવજાત પર લાદવાનો પ્રયાસ કર્યો હતો.

(૭)

બીજી બાજુ ઇતિહાસને સમજવાની પશ્ચિમની જ્ઞાનમીમાંસામાં પણ મનુષ્યની સ્વતંત્રતા માટેની આકાંક્ષા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાચીન કાળથી આજ સુધી મનુષ્યના ત્રણે પ્રકારના સંબંધોમાં તેણે કેટલા પ્રમાણમાં સ્વતંત્રતાનો અનુભવ કર્યો છે અને ક્યા પ્રકારના અંકુશો (મર્યાદાઓ) તેની મૂળભૂત સ્વતંત્રતા માટે બાધક બન્યા છે તેનું રેખીય સમય અને સ્થળના સંદર્ભમાં વિશ્લેષણ કરવાનો પ્રયાસ એ મોટાભાગના ઇતિહાસકારોનો મુખ્ય હેતુ છે.

આધુનિક યુગમાં રેનેસાંના સમયથી પશ્ચિમના સમાજમાં મનુષ્યને કેન્દ્રમાં રાખીને તેની મુક્તિ-સ્વતંત્રતા માટેના પ્રયાસની શરૂઆત સ્પષ્ટ રીતે જોવા મળે છે અને અગાઉ ઉલ્લેખ થયો તેમ ૧૯મી સદીથી વ્યક્તિ સ્વાતંત્ર્ય લોકશાહી બંધારણવાદ, મુક્ત અર્થતંત્ર વગેરે આદર્શો હેઠળ પશ્ચિમના સમાજે વ્યાપક રીતે 'પ્રગતિ'નો ખ્યાલ વિકસાવ્યો. પરંતુ કેન્દ્રસ્થ એવી તેની સામાજિક વિશ્વદર્શનની ભાવનાએ આત્મવિરોધી પરિસ્થિતિ સર્જી. ઔદ્યોગિક ક્રાંતિની કૂચ સાથે રાષ્ટ્રવાદ, સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ જેવા આધિપત્યવાદી અભિગમ હેઠળ બીજી સંસ્કૃતિઓ-સમાજોનો ઉપયોગ કરવા માટેની સ્પર્ધાને પરિણામે આ સામાજિક વિશ્વદર્શનના અંતર્ગત ભાગરૂપ એવાં પશ્ચિમનાં રાષ્ટ્રો વચ્ચે જ મહાયુદ્ધ (પ્રથમ વિશ્વયુદ્ધ) થયું. આ યુદ્ધને પરિણામે એક બાજુ વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને લોકશાહીની ઘોષણા કરવામાં આવી તો બીજા બાજુ, પોતાને જ વિશ્વનું કેન્દ્ર ગણનાર પશ્ચિમી સમાજ બીજા સમાજો માટે એ આદર્શ અપનાવવા તૈયાર ન હતો. આ યુદ્ધે હમણાં સુધી પશ્ચિમના સમાજે કેળવેલા પ્રગતિના ખ્યાલને ધક્કો પહોંચાડ્યો. યુદ્ધોત્તર પરિસ્થિતિએ તે સમાજમાં એક પ્રકારનો માનસિક અવકાશ સર્જ્યો. પરિણામે સમાજના પાયાના એકમ તરીકે ગણાવી (મનુષ્યની નવી છબી) એવી વ્યક્તિનું સ્થાન હવે ટોળા (mass) એ લીધું. ચહેરા વગરના મનુષ્યના આ ટોળાની પોતાની આગવી અસ્મિતા ન હતી. વિકૃત રાષ્ટ્રવાદ પર આધારિત



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ટોળાના માનસને અનુમોદન આપતી ફાસીવાદ-નાઝીવાદી વિચારસરણીએ યુરોપ પર પકડ જમાવી. તો બીજી બાજુ વ્યક્તિ સ્વાતંત્ર્ય કરતાં વ્યક્તિ સમાનતાના અતિરેક હેઠળની રાજકીય-આર્થિક વિચારસરણીએ પણ સામ્યવાદને નામે ટોળાશાહીને ઉત્તેજન આપ્યું. પ્રચારના આ યુગમાં મનુષ્યનું સ્વત્વ નાબૂદ કરીને તેને ટોળામાં બદલાવી નાખનાર અને જીવનના કેન્દ્રથી દૂર એવી ઉપલી સપાટીને જ જીવનના કેન્દ્ર તરીકે ધરાવનાર ભાષણિયા નેતાઓ આ ટોળાશાહી સંસ્કૃતિના તારણહાર બન્યા. અંતિમવાદી જીવનપદ્ધતિ દ્વારા આ સમૂહવાદી વિચારસરણીની અસર સાહિત્ય, સંગીત, કળા વગેરે ક્ષેત્રે જોવા મળે છે. તે સમયનાં ઍબ્સર્ડ નાટકો કે ચિત્રકળા મનુષ્યના ખાલીપણાનો અંદાજ આપે છે. વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનના ઝડપી વિકાસ સાથે માનવ સંબંધો સંપૂર્ણરીતે ઉપયોગિતાને આધારે રચાયા. આધિપત્યવાદી સામાજિક વિશ્વદર્શન હેઠળ વધારે સ્પર્ધા, વધારે ઉત્પાદન અને વધારે સિદ્ધિઓ રૂપી 'અમૃત'ને માનવ ખોપરીના પાત્રમાં જ પીવાતી મહત્ત્વાકાંક્ષાએ બીજું વિશ્વયુદ્ધ સર્જ્યું.

બરાબર આ જ સમયે એટલે કે ૨૦મી સદીના પૂર્વાર્ધમાં ગાંધીજીએ ભારતના સામાજિક વિશ્વદર્શન હેઠળ નવી માનવ સંસ્કૃતિ રચવાના આશયથી 'હિંદ સ્વરાજ' જેવી પુસ્તિકા દ્વારા ભાવિ માનવ સંબંધોની સંરચનાનો નવો નકશો તૈયાર કર્યો, અને તેને અનુલક્ષીને ભારતની સ્વતંત્રતાની લડત ચલાવવા અનુરોધ કર્યો. તે સમયના માનવ સમાજોના પરિપ્રેક્ષ્યમાં બે જુદાં જુદાં સામાજિક વિશ્વદર્શન વ્યવહારમાં કેવી રીતે કામ કરે છે તેનો અભ્યાસ હજુ સુધી કોઈ ઇતિહાસકારે ગંભીરતાથી કર્યો હોય એમ લાગતું નથી. પશ્ચિમની જ્ઞાનમીમાંસાના પ્રભાવ હેઠળ ઇતિહાસકારોએ સ્વતંત્રતાના આંદોલનની સ્થૂળ ઘટનાઓનું વિશ્લેષણ કરતા દસ્તાવેજી પુરાવાઓનો વિશેષ અભ્યાસ કર્યો છે. પરંતુ જે સમયે પશ્ચિમનો સમાજ જે પ્રકારનું સાંસ્કૃતિક ખાલીપણું અનુભવતો હતો તે સમયે ભારતના સમાજે રાજકીય સ્વતંત્રતાને વ્યાપક અર્થમાં લઈને ખરી માનસિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ગાંધીજીના નેતૃત્વ હેઠળ નવો પુરુષાર્થ કર્યો હતો. જો કે **રાજકીય સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી છેલ્લા પચાસ વર્ષના ગાળા દરમ્યાન ભારત ધીરે ધીરે પશ્ચિમના સામાજિક વિશ્વદર્શનના વમળમાં આવી ગયું દેખાય છે.**

બીજા વિશ્વયુદ્ધ પછી વિજ્ઞાન અને યંત્ર વિજ્ઞાનની પ્રબળ અસર હેઠળ નવી સંહારક શક્તિ ધરાવતા સમાજમાં લોકશાહી, મૂડીવાદ અને સામ્યવાદને નામે સમૂહવાદે નવું સ્વરૂપ ધારણ કર્યું. પશ્ચિમના સમાજની પકડમાંથી રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરતા સમાજો પર લોકશાહી અને સામ્યવાદને નામે નવા પ્રકારનું આધિપત્ય સ્થાપવાની સ્પર્ધા શરૂ થઈ. છેલ્લા ત્રણેક દાયકાઓ દરમ્યાન પશ્ચિમના સમાજે 'બીજા' સમાજો પર પોતાનું સાંસ્કૃતિક, આર્થિક અને તે દ્વારા રાજકીય આધિપત્યને મજબૂત બનાવ્યું છે. સાથે સાથે પશ્ચિમના સમાજમાં પણ ઉપર છલ્લાં પરિવર્તન આવ્યાં. સોવિયેટ સમૂહવાદી વિચારસરણી નિષ્ફળ ગઈ. માહિતી વિજ્ઞાનનાં નવાં ઉપકરણોના વિકાસ સાથે માનવ સંબંધોમાં મૂળભૂત પરિવર્તન આવતું દેખાય છે. માઇકલ ફૂકોએ તેના "The Birth of Clinic" માં ડોક્ટરની 'નજર' (gaze) દ્વારા રજૂ કરેલા આધિપત્યકેન્દ્રી અને વસ્તુલક્ષી જ્ઞાનના અભિગમને જાણે સંપૂર્ણ બનાવવા અત્યારે બાયો-ટેકનોલોજી અને જીનેટિક - એન્જિનિયરિંગની શાખાએ ડી.એન.એ. અને જેનો દ્વારા મનુષ્ય વિશેના ખ્યાલમાં પરિવર્તન આણ્યું છે. આજે 'ડીજિટલ' જ્ઞાને વાસ્વિક્તાને સ્થાને વાસ્તવિક્તા જેવી જ "દેખાતી વાસ્તવિક્તા" (virtual reality) સર્જી છે. મનુષ્યની ચેતનામાં ચોક્કસ પ્રકારના કાર્યક્રમનું આરોપણ (programming in consciousness) કરીને વૈશ્વિકરણને નામે બજારકેન્દ્રી માનસિકતાએ અત્યારના પશ્ચિમના સમાજનું મુખ્ય લક્ષણ બન્યું છે. હર્બર્ટ માર્કુસ કહે છે તેમ પશ્ચિમના સમાજમાં મનુષ્યની આંતરિક ચેતના પરનાં વસ્તુકેન્દ્રી મૂલ્યો (commodity oriented values)ના પ્રભાવથી તેની વ્યક્તિ-સ્વાતંત્ર્યની મૂળભૂત ભાવના માત્ર બાહ્ય દૃષ્ટિએ જ ટકાવી રાખવામાં આવી છે. એ અર્થમાં મનુષ્યનું 'રોબોટીકરણ' થતું જાય છે. સ્થળો વચ્ચેનું ભૌતિક તેમજ માનસિક અંતર પણ નવા યંત્ર વિજ્ઞાનને લીધે ઘટ્યું છે. એક જ પ્રકારનાં જીવન મૂલ્યો એક જ પ્રકારની જીવન શૈલી એ અતિઆધુનિક્તાનાં મુખ્ય લક્ષણ બનતાં જાય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. પરંતુ આ આધિપત્યવાદી પશ્ચિમના સર્વાંગી આક્રમણ સામેના તીવ્ર પ્રત્યાઘાતના સ્વરૂપમાં અંતિમવાદી-કટ્ટર ધર્મપંથી આંદોલન શરૂ થયું છે. આ આંદોલને રાષ્ટ્રીય સરહદોનું મહત્ત્વ ઘટાડી નાખ્યું છે. આધુનિક સમયમાં રાષ્ટ્રવાદી ભાવનાનું કેન્દ્ર રાજ્ય બન્યું. ધીરે ધીરે રાજ્યે સંસ્કૃતિનું મહત્ત્વ ઘટાડી નાખ્યું. સંસ્કૃતિનું અર્થઘટન કરવાનો ઇજારો પણ રાજ્યે પોતાની પાસે રાખ્યો અને રાજકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા રાજકારણીઓ સાંસ્કૃતિક મૂલ્યોના 'રક્ષક' બન્યા છે. આમ સંસ્કૃતિની ઢાલ બનાવીને સંસ્કૃતિના રક્ષક તરીકે હવે રાજ્યો વચ્ચે પણ નવી સ્પર્ધા શરૂ થઈ છે. પરિણામે સંસ્કૃતિમાં માનવમૂલ્યો નષ્ટ થવાની અણી પર છે.

પશ્ચિમની જ્ઞાનમીમાંસાના માળખામાં રહીને માનવ ઇતિહાસનો અભ્યાસ કરતાં જણાશે કે તેમાં ઘર્ષણ, સ્પર્ધા અને આધિપત્ય સ્થાપવાની મનુષ્યની વૃત્તિને બૌદ્ધિક રીતે ઐતિહાસિક પરિવર્તનોનાં નામ હેઠળ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. ત્રણે પ્રકારના મનુષ્યના પાયાના સંબંધોમાં મનુષ્યના આંતરિક ગૌરવ અને તેની ખરી સ્વતંત્રતાને પોષક એવાં મૂલ્યોનો હ્રાસ થતો દેખાય છે. કમનસીબે આધુનિક યુગમાં ઇતિહાસનો ઉપયોગ દરેક સમાજ કે સમાજનાં જૂથો પોતાની ઓળખ (identity) ને ટકાવવા કે વિચારસરણીને લાદવાના સાધન તરીકે કરતાં દેખાય છે. પરિણામે આ સમૂહવાદી માનસિકતામાં મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધોમાં પ્રેમ કે સ્નિગ્ધતા ઘટતી જાય છે. તે આ જ્ઞાનમીમાંસાના વિકલ્પમાં ભારતના સામાજિક વિશ્વદર્શને રજૂ કરેલી જ્ઞાનમીમાંસાના અભિગમથી ઇતિહાસનો અભ્યાસ કરી શકાય ? ભારતના સામાજિક વિશ્વદર્શન દ્વારા ગાંધીજીએ મનુષ્ય માત્રની સ્વતંત્રતાની કલ્પના 'સ્વરાજ'ની વિભાવના દ્વારા રજૂ કરી, જેમાં મનુષ્યનું પોતાના પર પોતાનું જ તંત્ર હોય, જેમાં સ્વ ઉપરનો અંકુશ બીજાના સ્વનો સ્વીકાર કરે, તેનું ગૌરવ કરે અને તેને પોતાનો જ માને તો એ સમાજ અહિંસક સમાજ બને. તેમાં આધિપત્યવાદી રાજ્ય જેવી સંસ્થાનું મહત્ત્વ ન હોય. તેમાં નાના સમુદાયોનું પોતાનું જ તંત્ર હોય. શોષણવિહીન સ્વદેશી ભાવના આધારિત જીવનશૈલી અને વિકેન્દ્રિત અર્થતંત્ર, આસપાસની પ્રકૃતિને અનુકૂળ હોય. આ આદર્શવાદી ભાવના નથી, પરંતુ પર્યાવરણ શુદ્ધિ અને પાણીના બચાવ જેટલી જ અત્યારથી આવશ્યક્તા છે. અત્યારે ઇતિહાસને ત્રિભેટે ઊભેલા માનવસમાજે માહિતીસભર આંધળું જ્ઞાન, વિષાદયુક્ત બૌદ્ધિક જ્ઞાન અને સ્થળકાળને અતિક્રમણ પ્રજ્ઞામાંથી પસંદગી કરવાની છે. પોતાના અને બીજાનાની ભાવનાએ મહાભારત સર્જ્યું. મહાભારતમાં, જ્ઞાનમીમાંસાના સંદર્ભમાં એક અંતિમ પાસું અંધ ધૃતરાષ્ટ્રનું પાત્ર છે. તો બીજી બાજુ તેથી તદ્દન જુદી જ્ઞાનમીમાંસાની દૃષ્ટિ ધરાવતા કૃષ્ણનું પાત્ર છે. તો બે વચ્ચે 'ચર્મચક્ષુ'ની દૃષ્ટિ ધરાવતા અર્જુનનું પાત્ર છે, જે યુદ્ધરૂપી કટોકટી વખતે જ વિષાદનો અનુભવે કરે છે. જો ઇતિહાસનું જ્ઞાન માત્ર વિપુલ પ્રમાણમાં આંધળી માહિતી જ આપતું રહેશે તો તે આપણી કમનસીબી હશે, જો તે બૌદ્ધિક એવી ચર્મચક્ષુની દૃષ્ટિ આપતું હશે તો તે વિષાદમય જ રહેવાનું. તેને અતિક્રમવા માટે એટલે આજની આધુનિક પશ્ચિમની સંસ્કૃતિની પાયાની સંરચનાને અતિક્રમવાની દૃષ્ટિ એ જ કૃષ્ણાની પ્રજ્ઞા - દિવ્યચક્ષુની દૃષ્ટિ હોઈ શકે. સ્થળ-કાળના પિંજરામાંથી બહાર જોવાની આ દૃષ્ટિ મનુષ્યને ક્યારે પ્રાપ્ત થશે ! ઇતિહાસને આ સવાલ આપણે ગંભીરતાથી પૂછી શકીએ ? આવા સવાલ પૂછવાની ઉત્કંઠા સાથે ઇતિહાસ સંશોધન થશે ? તેની સંશોધન પદ્ધતિમાં પરિવર્તન આવશે ?

★ ★ ★



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી ઇતિહાસ અંગેની વિભાવના : અનુભવની એરણેથી

પ્રા. શિરીન મહેતા*

ઇતિહાસ વિષેની મારી વિભાવનાના ઘડતરમાં મારા શૈશવકાળ, વિદ્યાર્થી અવસ્થાનાં જે પરિબળોએ ભાગ ભજવ્યો છે તેનો ઉલ્લેખ જરૂરી સમજતાં તેટલા પૂરતાં આત્મલક્ષી વિધાનો કર્યાં છે.

મારો ઇતિહાસ સાથેનો નાતો એક ઐતિહાસિક ઘટના સમાન બન્યો. સાત વર્ષની મારી વયે દેશના ભાવિ ઇતિહાસનું ચણતર નક્કર પાયા ઉપર થઈ રહ્યું હતું. ઐતિહાસિક ઘટનાઓ ત્વરિત ગતિથી આકાર લઈ રહી હતી. ૧૯૪૨નો અરસો હતો. હિંદ છોડો' આંદોલનો જોર-શોરથી ચાલી રહ્યાં હતાં. ૧૯૪૧ના અમદાવાદની ખૂબ જ વિખ્યાત એવી રાષ્ટ્રીય શાળા 'શેઠ સી.એન. વિદ્યાલય'ના બાળમંદિરમાં મારો પ્રવેશ રોમાંચક રહ્યો. શાળાના મુખ્ય શિક્ષક જાણીતા શાયર શ્રી ઝીણાભાઈ દેસાઈ જેઓ 'સ્નેહરશ્મિ'ના તખ્ખલુસથી ઓળખાતા તેમનાં ધ્વજ અંગેનાં રાષ્ટ્રીય કાવ્યો, શ્રી ઉમાશંકર જોષી અને સુન્દરમ્-ત્રિભુવનદાસ લુહારનાં રાષ્ટ્રગીતો વિદ્યાર્થીઓમાં મુક્ત કંઠે ગવાતાં. આઝાદીના નારાઓ સભર વાતાવરણ, સભાઓ, સરઘસો રાષ્ટ્રીય નેતાઓનાં આવાગમન એ શાળામાં રોજના કાર્યક્રમ રહેતા. જો કે પાછળથી શાળાઓ આઠ મહિના બંધ રહી. પરંતુ આઝાદીની તમન્ના, રાષ્ટ્રવાદ, ખાદીનો પહેરવેશ, જીવનમાં સાદાઈ ગળથૂથીમાંથી મળ્યાં. ઇતિહાસનું સચોટ બીજારોપણ, પ્રત્યક્ષ સ્વરૂપે થતું જતું હતું. વળી હાઈસ્કૂલમાં ઇતિહાસ-ભૂગોળના વિષયનું રસપાન કરાવનારા ઉત્તમ શિક્ષક ભાસ્કરરાવ વિદ્વાંસ મળ્યા. તેઓ જે રીતે નકશાઓ દ્વારા શિક્ષણકાર્ય કરતા તે એવું તો મગજમાં ઊતરતું કે આજે પણ ભુલાય તેમ નથી. જાણે-અજાણ્યે પણ મારા માનસ ઉપર સમય અને સ્થળનો તાલમેલ સ્પષ્ટપણે ઘૂંટાતો જતો હતો.

ઘરનું વાતાવરણ પણ અભ્યાસ કેન્દ્રિત હતું. પિતા સ્નાતક હતા. સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. સ્વભાવે શિક્ષક હતા પણ કાપડની મિલમાં 'સેલ્સમેન'ની નોકરી કરતા. તેથી તેમને ઘણી વખત દેશભરમાં પર્યટણ કરવું પડતું. લાંબાગાળાની તેમની મુસાફરીમાં અમે પણ જોડાતાં. ઐતિહાસિક સ્થળો, સ્મારકો, મ્યુઝિયમોની મુલાકાતે અમે જતાં અને તે અંગેનું સાહિત્ય એકત્રિત કરવાનો પિતાને ગાંડો શોખ હતો. તેમને મુખેથી રાજામહારાજાઓની વાતો, લોકવાયકાઓ વગેરે સાંભળવા મળતાં. આમ બાળપણથી જ ઐતિહાસિક ઘટનાઓ-બનાવો જાણવાની-જોવાની ઉત્સુકતા-આતુરતા જન્મી.

આઝાદી મળી. ૧૯૫૧માં એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થયા બાદ અમદાવાદની ગૌરવવંતી કૉલેજ ગુજરાત કૉલેજમાં પ્રવેશ મળ્યો. બ્રિટિશ સરકાર સ્થાપિત આ કૉલેજમાં વિનયન અને વિજ્ઞાન બે વિભાગો હતા. મારો પ્રથમ વર્ગ હતો તેથી મને વિજ્ઞાન શાખામાં પ્રવેશ મળ્યો પરંતુ તે જમાનામાં છોકરીઓ માટે શિક્ષિકાની કારકિર્દી ઉત્તમ ગણાતી. ડૉક્ટરી, ઇજનેરી વ્યવસાયો દુષ્કર મનાતા. મેં વિનયન વિભાગમાં જ પ્રવેશ માન્ય રાખ્યો. વકીલાત, શિક્ષક એ જ સારા વ્યવસાયો બ્રિટિશ યુગમાં લેખાતા, ગુજરાત કૉલેજમાં બે વર્ષના સામાન્ય અભ્યાસક્રમો બાદ સ્નાતક કક્ષાએ મુખ્ય વિષય તરીકે વિષયની પસંદગીનો પ્રશ્ન આવ્યો. મારાથી બે વર્ષે મોટા મારા ભાઈ પણ ગુજરાત કૉલેજમાં હતા, તેઓ ઇતિહાસ વિષય સાથે સ્નાતક થયા હતા. તેમણે મને સૂચન કર્યું, "ઇતિહાસ વિષય રસપ્રદ છે. બી.એ. સાલેટોર, જી.બી. દેશપાંડે, એન.બી.નાયક, પ્રો. મોરાથિસ જેવા પ્રોફેસરો ઇતિહાસ સરસ શિખવાડે છે. વળી મારી પાસે ઇતિહાસનાં સુંદર પુસ્તકો ખરીદેલાં છે. તને કામ આવશે અને ખર્ચ નહીં કરવો પડે." મધ્યમવર્ગનાં ટાંચાં સાધનોમાં કરકસર થાય તો સારું એમ વિચારી ઇતિહાસ વિષય પસંદ કર્યો.ખર્ચ

★ નિવૃત્ત પ્રાધ્યાપક-અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બચાવવાની સાથે સાથે આ વિષયમાં રસ પણ હતો. સ્નાતકની પદવી મેળવ્યા પછી, જુનિયર એમ.એ. ઇતિહાસ વિષયમાં ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ કર્યું. સાથે સાથે બી.એડ.માં પણ પ્રવેશ મેળવ્યો. કારણ શાળાના શિક્ષક થવું હોય તો કેળવણીના સ્નાતકની પદવી આવશ્યક હતી. અહીં પણ ઇતિહાસ અને ગુજરાતી સાહિત્ય મુખ્ય વિષયો પસંદ કર્યા. બી.એડ.નો અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ શાળામાં નોકરી ના કરી. એમ.એ. પૂરું કરવાની ઇચ્છા પ્રબળ હતી. પરંતુ બી.એડ્.ના અભ્યાસક્રમે મારામાં સારા શિક્ષક થવાના ગુણ કેળવ્યા. વિદ્યાર્થીઓના માનસની મને ઉત્તમ સમજ મળી. વિદ્યાર્થીઓને સચોટ અસરકારક દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા કઈ રીતે સમજાવી શકાય એ તાલીમે મને આ જીવનભાથું બાંધી આપ્યું. દેશ, વિદેશમાં મને વિદ્યાર્થીઓની ચાહના મળી એ કેટલે અંશે બી.એડ.ની તાલીમ વગર શક્ય બન્યું હોત કે કેમ તે પ્રશ્નાર્થ છે.

યોગાનુયોગ લગ્નજીવનમાં પણ મારા પતિ મકરંદ મહેતા ઇતિહાસવિદ્ નીકળ્યા. એ મધુર અકસ્માત હતો. તેઓ જી.એલ.એસ. આર્ટ્સ કૉલેજ-લો કૉલેજમાં ઇતિહાસના પ્રાધ્યાપક હતા અમારી ચર્ચા-વિચારણામાં મારું ઇતિહાસ વિષેનું જ્ઞાન ઘૂંટાતું જતું હતું.

**શિક્ષક તરીકે**

જે કૉલેજમાં કેળવણી મેળવી હતી તે જ ગુજરાત કૉલેજ બ્રિટિશયુગની પરંપરા ધરાવતી હતી. તેમાં મને ઇતિહાસના વ્યાખ્યાતા બનવાની તક મળી. ૧૯૬૦ થી ૧૯૬૬ સુધી એ કામગીરી કરી. ત્યાર બાદ ૧૯૬૬-૧૯૭૦ સુધી જી.એલ.એસ. આર્ટ્સ કૉલેજ, લાલ દરવાજા, અમદાવાદમાં વ્યાખ્યાતા તરીકે નોકરી કરી. આમ દશ વર્ષના ગાળા દરમ્યાન ઇતિહાસ અને ઇતિહાસ સાથે સંકળાયેલા વિષયો શીખવ્યા, જેવા કે નાગરિકશાસ્ત્ર અને વહીવટતંત્ર, જગતના ધર્મો, જગતનો ઇતિહાસ, ભૂગોળ, આધુનિક યુરોપ, આધુનિક ભારત, પ્રાચીન ભારતીય રાજ્ય-વ્યવસ્થા વગેરે વાંચન વધતું ગયું.

**વળી પાછી વિદ્યાર્થી અવસ્થા :**

૧૯૭૦માં વળી પાછી જીવનની દિશા બદલાઈ. પ્રોફેસર મકરંદ મહેતાને દિલ્હીમાં 'શ્રીરામ સેન્ટર ફોર ઇન્ડસ્ટ્રિયલ રીલેશન'નામની સંસ્થામાં 'લાલા શ્રીરામ' ઉપર સંશોધનનો પ્રોજેક્ટ મળ્યો. અમે દિલ્હી ગયાં. દિલ્હીની કૉલેજમાં પીએચ.ડી. સિવાય વ્યાખ્યાતા બનવાની તક ના મળી. મારો ગજ ન વાગ્યો. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની 'સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડી'ની જાહેરાત આવી. લેખિત પરીક્ષા આપી. પીએચ.ડી.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો. પ્રથમવર્ષ 'કોર્સવર્ક' ગણાય. એક વિદેશી ભાષા શીખવી ફરજિયાત હતું. મેં ફ્રેન્ચ ભાષા પસંદ કરી જેનું જ્ઞાન પાછળથી મને ખૂબ ઉપયોગી નીવડ્યું. મારા પીએચ.ડી.નો પ્રાદેશિક વિભાગ 'દક્ષિણ-પૂર્વ એશિયા' હતા જેમાં ભારત, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા આ ચાર દેશોનો સમાવેશ થતો. પીએચ.ડી.નો વિષય આ ચાર દેશોમાં તેમના આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતો કોઈ પણ વિષય પસંદ કરી શકાય.

વિશાળ ક્ષેત્રફળમાં પાંગરેલી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી, દેશમાં એક નમૂનારૂપ વિશ્વવિદ્યાલય જ નહીં પણ વિદેશની કોઈપણ યુનિવર્સિટીની બરાબરી કરી શકે તેવી રીતે અદ્યતન ઢબે તેનો વિકાસ કરવામાં આવ્યો છે. તેની મહાકાય લાયબ્રેરી, દેશવિદેશની અનેક ભાષાઓમાં આવતાં મેગેઝિનો, સામયિકો, અનેક છાપાંઓ, જુદી જુદી ભાષાઓનાં પુસ્તકો, માઇક્રોફિલ્મ્સ, વગેરેથી સજાવેલી છે. સમાજવિદ્યાભવન, ભાષાભવનો, વિજ્ઞાનશાખામાં શિખવાતા અનેક વિષયોનાં અલગ અલગ ભવનો અહીં આવેલાં છે. ઉપરાંત દેશ-વિદેશનાં છોકરી-છોકરાઓને રહેવા માટે હૉસ્ટેલો પણ છે. આમ ટૂંકમાં આ અદ્યતન વિદ્યાર્થીજગત છે. વળી 'સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ'ની આસપાસ 'ઇન્ડિયા કાઉન્સિલ ઑફ વર્લ્ડ અફેર્સ' પુસ્તકાલય 'સેન્ટ્રલ સેક્રેટેરિયટ લાયબ્રેરી, 'નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇંડિયા' વગેરે પુસ્તકાલયો, દફતર ભંડારો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવેલાં છે.

મારે માટે તો બાળક શાળામાં પ્રથમ દિવસે જાય તેવો જ અનુભવ રહ્યો. જેમ જેમ અભ્યાસ શરૂ થયો, વર્ગો લેવાતા ગયા, દેશ-વિદેશના વિખ્યાત પ્રાધ્યાપકો ભણાવતા ગયા તેમ તેમ મને મારું ઘણું વામણાપણું લાગ્યું. ૧૦ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ, સ્નાતક કક્ષાનું જ્ઞાન હોવા છતાં મારું જ્ઞાન કેવળ પુસ્તકિયા લાગ્યું. વિદ્યાર્થીઓ સમક્ષ જે ઇતિહાસ શીખવ્યો તે હકીકતોથી સભર, બીજાઓએ લખેલો ઇતિહાસ, જે રીતે અર્થઘટન કર્યું હતું, ભૂલો તેઓએ કરી હતી તે મેં કોઈપણ જાતની શંકા કે પ્રશ્ન કર્યા વગર ગ્રહી લીધી હતી. એ મર્યાદા મારી મને સૌ પ્રથમ સમજાઈ.

'દક્ષિણ-પૂર્વ એશિયા'ના તે સમયે વિભાગીય વડા અને સ્કૂલના ડીન ડૉ. બિમલપ્રસાદ હતા, જેઓના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ મેં પીએચ.ડી. કર્યું.તેઓ ભારતની વિદેશનીતિના પારંગત હતા. જયપ્રકાશ નારાયણના પટના યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા. તેઓ પ્રખર ગાંધીવાદી હતા. પાકિસ્તાન દેશ માટે વિષયનિષ્ણાત પ્રોફેસર મહમદ આયુબ, શ્રીલંકાના નિષ્ણાત ડૉ. ઉર્મિલા ફડનીસ અને નેપાળ માટે ત્યાંના ભૂતપૂર્વ (વિદેશ પ્રધાન ઋષિકેશ સહા અમારા પ્રોફેસર હતા. શરૂઆતમાં આ વિદ્વાન પ્રાધ્યાપકો સમજાય અને ના પણ સમજાય. પરંતુ વિદ્વાનો અને પુસ્તકાલયોની અસર મારા પર પડ્યા વગર રહી નહીં. ઇતિહાસ અંગેના મારા ખ્યાલોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

**જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, ન્યુ દિલ્હીએ મને ઇતિહાસ વિષે નીચેની સમજ આપી :-**

૧. ઇતિહાસ વિષેનું જ્ઞાન સંશોધન વગર પાંગળું છે. સંશોધન કરો નહીં, લખો નહીં ત્યાં સુધી વિચારોની ગોઠવણી થતી નથી. વિચારો વ્યવસ્થિત તર્કબદ્ધ થતા નથી.

૨. Question the data - મેળવેલી માહિતી કબૂલ કરો નહિ. પ્રશ્નો પૂછો, શંકા કેળવો, ટીકાત્મક અભિગમ કેળવવાથી જવાબ મળે અને એ જ સંશોધન.

૩. સાચો ઇતિહાસ લોકાભિમુખ છે. સંશોધન માટે પસંદ કરાયેલા સ્થળની મુલાકાત, survey જરૂરી છે. વિષય સાથે સંકળાયેલા અને છતાં હયાત હોય તો તેવી વ્યક્તિઓની મુલાકાત લો, વિચારો જાણો. દફતર ભંડારો, દસ્તાવેજો વહીવટી હેવાલો પૂરતી માહિતી આપતા નથી.

૪. ખ્યાલાત્મક માળખું અને પૃથક્કરણ વગર સંશોધન કેવળ હકીકતોથી ભરેલો વર્ણનાત્મક ઇતિહાસ બની રહે છે. આ વિશ્વવિદ્યાલયમાં કાર્લમાર્ક્સના ઇતિહાસ અંગેના ભૌતિક અર્થઘટનને પ્રાધાન્ય હતું. ઘટનાઓ, બનાવો કે ક્રાન્તિની કાર્યકારણીય પ્રક્રિયામાં આર્થિક પાસાંઓ મહત્ત્વનાં ગણાતાં. નેતૃત્વ, વૈચારિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક પરિબળોને ગૌણ ગણી સંશોધન પર ભાર મુકાતો, વર્ગ-વિગ્રહની પ્રક્રિયા પર ભાર મુકાતો.

૫. ૧૯૭૦ના અરસામાં સંશોધન-ક્ષેત્રે વિષયોની પસંદગી તેમજ ખ્યાલાત્મક અભિગમમાં પરિવર્તન આવ્યું. પ્રાદેશિક અભ્યાસો, નિમ્નસ્તરીય લોકો, ઇતિહાસ વિહોણાઓનો ઇતિહાસ, તળ ઇતિહાસ history from below, પ્રજાકીય ઇતિહાસ ચર્ચાના વિષયો બન્યા. આ સમાજને મૂલવવા 'સંસ્કૃતીકરણ' - Sanskritization કે 'બ્રાહ્મણીય સભ્યતા' Brahminical Culture - ટૂંકમાં સમાજના ઉપલા વર્ગોના માપદંડોથી નહીં પણ સમાજના નીચલા વર્ગો, દલિતો, આદિવાસીઓ વગેરે તેમની આગવી સંસ્કૃતિના માપદંડોથી મૂલવવા જોઈએ. તેઓની સભ્યતાની આગવી ધરી - independent nucleus છે, તેઓનું સ્વતંત્ર જગત autonomous world છે એ અભિગમ હોવો જોઈએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**પીએચ.ડી.ના વિષયની પસંદગી :**

૧૯૭૧ના અરસામાં 'સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ'માં આંતરરાષ્ટ્રીય સંબંધો કરતાં પ્રાદેશિક અભ્યાસો તરફ ઝુકાવ આવ્યો. મારા માર્ગદર્શક પ્રોફેસર બિમલપ્રસાદે પિતાતુલ્ય સલાહ આપી. આ સમયે હું બે બાળકોની માતા હતી. તેમણે મને કોઈ મહત્ત્વકાંક્ષી વિષય કરતાં હું જેના ઉપર કામ કરી શકું અને છતાં ખૂબ ઉપયોગી નીવડી શકે તેવા વિષય પર કામ કરવા સૂચન કર્યું કે મારે ગુજરાતના જ ઇતિહાસમાં સંશોધન કરવું. ગાંધીયુગના ગુજરાત ઉપર ખેડાણ જોઈએ તેવું થયું ના હતું. ભારતની સ્વતંત્રતાના સંગ્રામમાં ગાંધી-ગુજરાત કેન્દ્રબિન્દુ હતા. ગુજરાતે ગાંધીજીને તેમની સત્યાગ્રહ પદ્ધતિને અજમાયેશ કરવાની પ્રયોગશાળા પૂરી પાડી હતી. ગુજરાતે કર્મનિષ્ઠ નેતાઓ, કાર્યકરો, સ્વયંસેવકો, સ્ત્રીઓ અને પુરુષો સેનાનીઓ આપ્યા. ગાંધીજી અને તેમના જમણા હાથ સમા વલ્લભભાઈને સાધનસામગ્રી, માનવશક્તિ આપ્યાં. તેમણે કહ્યું, "એક ગુજરાતી તરીકે, ગાંધીયુગ દરમિયાન થયેલા કોઈ એક આંદોલન પર કામ કરીને ગુજરાતી સાહિત્યમાં ખડકાયેલું વિપુલ સાહિત્ય, નામી-અનામી સ્ત્રીપુરુષો, ગુજરાતનાં ગામડાંની પ્રજા ઉપર તારા સિવાય કોણ પ્રકાશ પાડી શકે ? આ દિશામાં સંશોધન કરવું તમારી ફરજ છે. આ સાહિત્યને અંગ્રેજી ભાષામાં રજૂ કરો તો તેનો વાંચનાર વર્ગ ઘણો વ્યાપક બને."

મારો વિષય નક્કી થયો "બારડોલી સત્યાગ્રહ, ૧૯૨૮ : એક ખેડૂત આંદોલન"

**સંશોધનની રૂપરેખા અને ફળશ્રુતિ :**

૧. સૌ પ્રથમ તો એ પ્રશ્ન થયો કે આટલાં બધાં આંદોલનો ગુજરાતમાં ગાંધીયુગ દરમ્યાન થયાં તો શા માટે બારડોલી સત્યાગ્રહ ઉપર કામ કરવું ?

૨. વળી આ આંદોલન ઉપર મહાદેવ દેસાઈએ દળદાર પુસ્તક બહાર પાડ્યું હતું. ઉપરાંત નરહરિ પરીખ, ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ, આ આંદોલન ઉપર પ્રકાશ પાડી ચૂક્યા હતા. મારે નવું શું કહેવાનું હતું ?

૩. આ આંદોલનનું નેતૃત્વ ધુરંધર પ્રખર રાજકારણીય એવા વલ્લભભાઈ પટેલે લીધું હતું. શું આ ખેડૂત આંદોલન એક રાજકીય ઘટના હતી કે જે દ્વારા ગાંધીજી, વલ્લભભાઈ શક્તિશાળી ખેડૂત મંચ બ્રિટિશ સલ્તનત સામે ઊભો કરવા માંગતા હતા ? સાચા અર્થમાં ખેડૂતોને બ્રિટિશ સરકારે અન્યાય કરેલો ?

બ્રિટિશ સરકારે એક યા બીજાં કારણો રજૂ કરી દર ત્રીસ વર્ષે થતી રૈયતવારી પ્રદેશોમાં જમીન-મહેસૂલની આકારણીમાં ૧૯૨૬માં દક્ષિણ ગુજરાતના તાલુકાઓમાં એકાએક ૩૦% જમીન મહેસૂલ વધારી મૂક્યું.

સવાલ એ હતો કે જો આ જમીન મહેસૂલ વધારો જમીન ધરાવતા ખેડૂતોને સ્પર્શતો હોય તો ખેત-મજૂરો, જમીનવિહોણા ખેતદાસોનો અભિગમ આ આંદોલન અંગે કેવો હતો ? તેમાં ૬૦ ટકા વસ્તી ધરાવતો વર્ગ હતો (ચાર્ટ ૧ જુઓ).

**મેં નવું શું શોધ્યું ?**

૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ એ જ એક સત્યાગ્રહ આંદોલન હતું કે જે સફળ થયું હતું. વલ્લભભાઈ પટેલે આ ખેડૂત આંદોલનને એવું વ્યવહારુ સ્વરૂપ આપ્યું, એવી રીતે આયોજન કર્યું કે જ્યાં ગાંધીજી નિષ્ફળ ગયા હતા ત્યાં આંદોલન સફળ થયું. ખેડા સત્યાગ્રહ, ૧૯૨૧-૨૨નું બારડોલી ખાતે પસંદ કરાયેલું અસહકારનું આંદોલન નિષ્ફળ ગયાં હતાં (ચાર્ટ ૨ જુઓ).

મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ, ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ વગેરેએ આ આંદોલન ઉપર ઘણું સાહિત્ય ખડક્યું. પરંતુ તેઓ ખુદ સ્વતંત્ર સેનાનીઓ હતા, તેમાં ભાગ લીધો હતો, એક ઇતિહાસકારની અદાથી નિષ્પક્ષ રૂપે કઈ રીતે આ બનાવને નીરખી શકે ! વળી તેમની પાસે સરકારી દસ્તાવેજો, ગવર્નર જનરલ, ગવર્નર, કલેક્ટર કમિશનરના પત્રો ના હતા. મેં આ દસ્તાવેજો, પોલીસ ફાઈલો, કોંગ્રેસની એ.આઈ.સી.સી.ની ફાઈલો,




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ચાર્ટ -૧

## બારડોલી તાલુકાના ખેડૂતોનું સામાજિક આર્થિક પાસું




★ જમીનના માલિકો, ગણોતિયા પણ હોય અને ગણોતિયા મજૂરી પણ કરતા હોય તેથી ટકાવારી ૧૦૦ ટકા ના હોઈ શકે.

### જમીનના માલિકીહક પ્રમાણે આર્થિક સ્તરીકરણ




તાલુકાના ૯૫ ટકા ખેડૂતો જાતે ખેતી કરતા. રૈયતવારી પ્રથામાં બંગાળ જેવા મોટા જમીનદારો ના હતા. માત્ર ૫ ટકા ખેડૂતો પાસે ૨૬ એકરથી વધારે જમીન હતી.

બારડોલીના ૧૯૨૮ના ખેડૂતોના આંદોલનમાં જેમની પાસે જમીન હતી તેઓએ અગ્રગણ્ય ભૂમિકા ભજવી હતી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચાર્ટ-૨

## સત્યાગ્રહ આંદોલનની ક્રિયાશીલતા

### સંવાદિત માળખું

૧. અસહકારના આંદોલનનું એકમ-જિલ્લો કે તાલુકાની પસંદગી.

૨. ગામડાંઓની વહેંચણી કેમ્પોમાં.

૩. કેમ્પની પસંદગીનું સ્થળ તેની રાજકીય, ભૌગોલિક સ્થાનીય અગત્ય પ્રમાણે તેમજ કોમ-જાતિ તત્ત્વ પણ ગણતરીમાં

**ગામડાંઓની વહેંચણી કેમ્પોમાં**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૮ | ૧૦ | ૧૪ | ૧૬ | ૨ |


**પ્રત્યેક કેમ્પમાં નેતૃત્વ અને સત્તાકીય માળખું :**

| | સ્ત્રીઓની સામેલગીરી સ્તરીય |
|---|---|
| ૧. પ્રત્યેક કેમ્પ વિભાગીય વડા હસ્તક (રાષ્ટ્રીય નેતા) | તેમની પત્ની, પુત્રી,બહેન અથવા સ્ત્રી-નેતા પણ હોય |
| ૨. ૫ થી ૭ સ્થાનિક નેતાઓ | અહીં પણ આગળ પડતી પ્રાદેશિક નેતૃત્વ ધરાવતી સ્ત્રીઓ સામેલ થતી. |
| ૩. ૧૦૦ સ્વયંસેવકો (સ્થાનિક) | યુવા સ્ત્રીઓ, છોકરીઓ સ્વયંસેવકો હતી. (સ્થાનિક) |

Process of Mobilisation - પ્રજાને કાર્યરત બનાવવાનાં પગલાં

Vertical mobilization
ઊર્ધ્વ ગતિશીલતા

Horizontal mobilisation
સમસૂત્ર ગતિશીલતા જ્ઞાતિ-કોમ પ્રમાણે




**ઉપયોગમાં લેવાતાં માધ્યમો**

જ્ઞાતિ, કોમ સમિતિઓ, પ્રચાર માધ્યમો-પત્રિકાઓ, જરનલ, જાહેર સભાઓ, સરઘસો, પ્રભાતફેરીઓ, ગરબા, પ્રાર્થના, ભજન મંડળીઓ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોર્ટ રેકર્ડસ બધું જ જોયું.

આકરી જમીન મહેસૂલ દક્ષિણ ગુજરાતના બધા જ તાલુકાઓમાં લદાઈ હતી. છતાં બારડોલી તાલુકો-સુરત જિલ્લો જ સત્યાગ્રહ માટે કેમ ? ભૂમિકા તૈયાર હતી. પરિસ્થિતિ પાકટ હતી. સુરત જિલ્લો ૧૯૦૭ થી રાજકીય જાગૃતતા ધરાવતો હતો. અહીંના પાટીદારો, અનાવિલો દક્ષિણ આફ્રિકામાં વસેલા હતા અને ગાંધીજીના આફ્રિકાના સત્યાગ્રહમાં (૧૯૦૮-૧૯૧૪) તેઓએ ખૂબ મદદ કરી હતી. સુરતમાં આવેલા પાટીદાર અને અનાવિલ આશ્રમોના વિદ્યાર્થીઓ સત્યાગ્રહ, અહિંસાની વિચારસરણીથી વાકેફ હતા.

આ આંદોલન સાચા અર્થમાં ખેડૂતોને થયેલા અન્યાય ઉપર નિર્ધારિત હતું એ તપાસવા માટે મેં જમીન મહેસૂલ આકારણી પદ્ધતિનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કર્યો. આંકડાકીય માહિતી મેળવી, સરવાળા, ગુણાકાર બધું જ કર્યું. અને લાગ્યું કે સરકારે ખોટી રીતે જુલ્મી આકારણી કરી છે. હકીકતમાં ખેતી સમૃદ્ધ થઈ જ ના હતી. પાટીદારો અને અનાવિલોનાં દક્ષિણ આફ્રિકામાંથી મોકલાતાં નાણાં જમીન ખરીદવામાં રોકાતાં જમીનના ભાવ ઊંચે ગયા હતા. જમીનની વેચાણ-કિંમતને આધારે થયેલી આકારણી જુલ્મી હતી.

વલ્લભભાઈએ તો સપાટી ઉપરનું નેતૃત્વ પૂરું પાડ્યું હતું. ખરી કામગીરી કરનારાં સ્થાનિક પરિબળો, સ્થાનિક કાર્યકરો હતાં. બારડોલી તાલુકાના ગામડે ગામડે ફરી, આંદોલનમાં ભાગ લેનારામાંથી જેઓ હયાત હતા તેમની મુલાકાતો નોંધી (ચાર્ટ-૨).

ખ્યાલાત્મક માળખાનાં ડાબેરી વિચારસરણી અને આર્થિક પરિબળો ઉપરાંત મેં સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક પરિબળો ઉપર એટલો જ ભાર મૂક્યો. બારડોલી તાલુકાની પ્રજાનું ૧૮૯૦ થી કોંગ્રેસ સાથે જોડાણ, સુરત કોંગ્રેસ (૧૯૦૭) તેમજ તાલુકામાં વિકસેલી સામાજિક સુધારણા, આર્યસમાજ આંદોલન વગેરે સર્વગ્રાહી પાસાં તપાસ્યાં. આંદોલન સમયનું સાહિત્ય, પત્રિકાઓ, લોકગીતો, રાસ-ગરબા ઉપર પ્રકાશ પાડ્યો.

આદિવાસીઓમાં થયેલી ગાંધીવાદી પ્રવૃત્તિનો માત્ર સ્પર્શ કરેલો.

નીચે રજૂ કરેલા ચાર્ટ દ્વારા structural approach થી બારડોલીનો ખેડૂત સામાજિક, આર્થિક દૃષ્ટિએ-સમજાવવાનો પ્રયાસ કરેલો. બારડોલી સત્યાગ્રહની સફળતા પાછળ જડબેસલાક તાલુકાના આંદોલન સમયે આયોજન હતું જે ચાર્ટ નં. ૨ માં દર્શાવ્યું છે.

**આ સંશોધનની મર્યાદા :**

૧. ૬૦ ટકા વસતી ધરાવતા ખેતમજૂરો, ખેતદાસો, એમના સમાજ ઉપર પ્રકાશ જોઈએ તેવો પાડ્યો ના હતો.

૨. સ્ત્રીઓએ આગળ પડતી ભૂમિકા ભજવી હતી છતાં તેમના ફાળાનું વિશ્લેષણ કે ચર્ચા જોઈએ તેવી કરેલી નહીં. શહેરી તેમજ ગ્રામીણ બહેનોએ સ્ત્રી-નેતૃત્વ પૂરું પાડ્યું હતું પણ વિગતે પ્રકાશ પડેલો નહિ.

જો કે આ ખામી પાછળથી મેં આદિવાસી સ્ત્રીઓ ઉપર સંશોધન કરી લેખો લખી દૂર કરેલી.

મારું આ સંશોધન પુસ્તક રૂપે,'પેઝન્ટ્રી એન્ડ નેશનાલિઝમ : એ કેસ સ્ટડી ઑફ બારડોલી સત્યાગ્રહ" પ્રગટ થયું.[1]

**મારી વિસ્તરતી ક્ષિતિજો : ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ કાર્ય, વિદેશ ગમન - બાહ્ય જગત સાથે પરિચય**

આજીવન શિક્ષક રહેવાની તક ૧૯૭૩માં પીએચ.ડી. લગભગ પૂરું થવા આવ્યું ત્યારે મળી. ગુજરાત યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે નિમણૂક થઈ. શિક્ષકની કામગીરી છેલ્લાં ૨૧ વર્ષ ઇતિહાસ વિભાગમાં-પાછળથી રીડર (૧૯૮૦), પ્રોફેસર (૧૯૯૦), અધ્યક્ષ (૧૯૯૨) અને ઑક્ટોબર ૧૯૯૪માં નિવૃત્તિ મળી ત્યાં સુધી તો કરી. પણ હજી પણ આજીવન ઇતિહાસનો અભ્યાસ ચાલુ છે. અત્યાર સુધી જે કંઈ ભાથું મળ્યું હતું તેનો ઉપયોગ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુસ્નાતક, એમ.ફિલ, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં કર્યો. આધુનિક ભારત, ભારતનો સ્વાતંત્ર્ય ઇતિહાસ, મધ્યકાલીન આર્થિક-સામાજિક ભારતનો ઇતિહાસ, ગુજરાતનો ઇતિહાસ વગેરે વિષયો ભણાવવાનો અનેરો આનંદ આવ્યો. સંતુષ્ટ વિદ્યાર્થીઓના પ્રતિભાવો જોઈ મારા આનંદમાં ઘણો વધારો થતો.

**મારું ધ્યેય :** Mapping of Gujarat History ડૉ. બિમલપ્રસાદના સૂચન પ્રમાણે વણખેડાયેલાં, વેરાન, ઉજ્જડ પાસાંઓ ગુજરાત ઇતિહાસમાં હોય તેના ઉપર કામ કરવું અને આ વિષયો ઉપર પ્રકાશ પાડવો, સંશોધન કરવું એ મારું આજીવન ધ્યેય છે. ભારતના બીજા પ્રદેશોના ઇતિહાસમાં ખેડાણ થયું છે તેવું ગુજરાતમાં નથી થયું. પરિણામે મેં નિશ્ચય કર્યો કે અંગ્રેજીમાં જ લખવું જેથી એનો વાચકવર્ગ વ્યાપક રહે, પરપ્રાંતમાં ગુજરાત વિષે લોકો માહિતગાર થાય. ઇતિહાસમાં ખાસ કરીને બ્રિટિશયુગ દરમિયાન ગુજરાત ઉપર વિશેષ કામ કર્યું. મારા કાર્યનો વ્યાપ ત્રણ સ્તરે રહ્યો.

૧. સ્થાનિક કક્ષાએ - ગુજરાતની યુનિવર્સિટીઓ, કૉલેજો, સંસ્થાઓ દ્વારા આયોજિત થતા સેમિનારો, તાલીમશિબિરો (workshop) રીફ્રેશર કોર્સ ભણાવવામાં શક્ય તેટલા ગુજરાતનાં સામાજિક, રાજકીય આર્થિક પાસાંઓ ઉપર સંશોધન-લેખો કરવા પ્રયાસ કર્યો.

૨. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત બહાર, મુંબઈ, મહારાષ્ટ્ર, દિલ્હી, કલકત્તા, બનારસ, હૈદરાબાદ વગેરે સ્થળે થતા સેમિનારોમાં ભાગ લઈ શોધપત્રો ગુજરાત ઉપર રજૂ કર્યાં. ઇંડિયન હિસ્ટરી કૉંગ્રેસમાં પણ સંશોધન-લેખો વાંચ્યા.

૩. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આયોજિત પરિષદોમાં ગુજરાતના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડ્યો. આ ઉપરાંત પેરિસ (ફ્રાન્સ)માં 'સીટે યુનિવર્સિટી' અને સોર્બોન યુનિવર્સિટીમાં તેમજ સન્ડરલેન્ડ યુનિવર્સિટી (યુ.કે.)માં મુલાકાતી પ્રોફેસરની કામગીરી મળતાં (૧૯૯૬-૨૦૦૧) પણ ગુજરાત અંગે રજૂઆત થતી હતી.

**ગુજરાતના ઇતિહાસને સ્પર્શ કરતા વિષયોમાં કરેલું ખેડાણ :**

**આર્થિક ઇતિહાસ :** બારડોલીનું ખેડૂત આંદોલન (૧૯૨૮)[૧]

એકમાત્ર શરૂઆત હતી. ગુજરાતનો વિશાળ દરિયાઈ કિનારો, તેનો ધીકતો વેપાર, સૈકાઓથી વિકસેલું તેનું વહાણવટું હતું. ગુજરાતના આ પાસા ઉપર કામ કરવાની તક "દરિયાઈ ઇતિહાસ" વિષય પર ગોવામાં નેવલ ઇન્સ્ટિટ્યૂટ તરફથી (૧૯૮૦) આયોજિત સેમિનારમાં "ભાવનગર બંદરના વેપાર-વાણિજ્યના વિકાસ-અવરોધો ૧૭૨૩-૧૮૯૬" શોધપત્ર રજૂ કરી મેળવી.[૨] ગુજરાતના સદીઓથી વિકસેલા વેપાર સાથે સંકળાયેલા વેપારીઓનાં મહાજનો અને કારીગરોનાં પંચો અંગે ખેડાણ કર્યું.[૩] સામાન્ય રીતે ગુજરાતમાં 'સ્વદેશી આંદોલન' બંગાળના ભાગલા સમયે (૧૯૦૫-૦૮) વિકસ્યું એવો જ ખ્યાલ બધાને હતો પરંતુ ગુજરાત અને તેમાંયે અમદાવાદમાં બ્રિટિશ શાસનકાળમાં આધુનિક કાપડ મિલઉદ્યોગ મોટા પાયા ઉપર વિકસ્યો, તેની શરૂઆત ૧૮૬૧ થી થઈ, ૧૯૧૪ સુધી ૫૪ કાપડની મિલો કેવળ અમદાવાદમાં સ્થપાઈ અને ભારતનું માંચેસ્ટર કહેવાયું, આ ઉદ્યોગપતિઓએ બ્રિટિશ માલના બહિષ્કાર અને સ્વદેશી માલની ખપત માટે ૧૮૭૫ થી ગુજરાતમાં સ્વદેશી આંદોલન છેડ્યું હતું. આ આંદોલનમાં સ્ત્રી-શિક્ષિકાઓ, ગુજરાતના શિક્ષકોએ સ્વદેશી ઉપર ખૂબ લખાણો લખ્યાં. પુસ્તકો, દુહાઓ, ગીત સ્વદેશીને બિરદાવતાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં લખાયાં. 'ગુજરાતમાં સ્વદેશી આંદોલન ૧૮૭૫-૧૯૦૮' ઉપર ઇંડિયન હિસ્ટરી કૉંગ્રેસ, અમૃતસર (૧૯૮૦)માં રજૂ કર્યો.[૪] આ મહાનિબંધ 'ખેડૂત આંદોલન' ઉપર તૈયાર કર્યો હતો, પરંતુ આ નિબંધ મર્યાદાઓ જણાતાં ગુજરાતના ખેડૂતો અને તેમાંય વિશેષ કરીને આદિવાસી ખેડૂતો, ખેતમજૂરો, હાળીઓની ભૂમિકા સ્વાતંત્ર્ય આંદોલન સમયે કેવી રહી ! એ અંગે આગળ સંશોધન કર્યું અને ગુજરાતના ખેડૂતોના ૧૯૩૦ થી સ્વાતંત્ર્યની પ્રાપ્તિ સુધી તેમના અભિગમો-જુદા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્તરના ખેડૂતોનાં રાજકીય વલણોની ચર્ચા ''૧૯૪૨ની 'હિંદ છોડો' લડત અને ખેડૂતો''[૫] ઉપર સંશોધન કર્યું.

**સામાજિક પાસું :**

ગુજરાતના સામાજિક પાસા ઉપર કામ કરવાની જરૂરિયાત પહેલેથી જ જણાઈ હતી. સામાન્ય રીતે સામાજિક ઈતિહાસ અંગે ખોટો ખ્યાલ પ્રવર્તે છે. રાજકારણ, આર્થિક બાબતોનો સમાવેશ ના થાય તેવી સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, કલા વિષયક બાબતોને આવરી લે તે સામાજિક ઈતિહાસ. આવો Residual ગણાયા પછી બાકી રહે તેવો, અભિગમ પડકારી મેં સર્વગ્રાહી સંયોગિક બધાં જ પાસાંઓને આવરી લે તેવો અભિગમ અપનાવેલો જે સામાજિક-રાજકીય, આર્થિક બાબતોનો સમાવેશ કરે છે. શરૂઆતમાં મેં ગુજરાતની જ્ઞાતિપ્રથા[૬], સતીપ્રથા,[૭] દૂધપીતીનો ચાલ, કેળવણીનો વિકાસ વગેરે વિષયો સ્પર્શ્યા. આ સંશોધન લેખો મુંબઈથી બહાર પડતા 'ગુજરાત રીસર્ચ જર્નલ'માં ૧૯૬૫-૭૦ સુધીના અરસામાં છપાયા. પરંતુ તેમાં હકીકતો વધારે પ્રમાણમાં હતી. પૃથક્કરણ નબળું હતું. જ્યારે મેં ''દક્ષિણ-ગુજરાતના પાટીદારો અને અનાવિલોમાં જ્ઞાતિ સુધારણા'' ઉપર કામ કર્યું ત્યારે મારામાં ટીકાત્મક અભિગમ સારા પ્રમાણમાં વિકસ્યો હતો. 'આદિવાસીઓના લોકસાહિત્યમાં વ્યક્ત થતી સામાજિક ચેતના' ઉપર કામ કરવાની તક સુરત મુકામે ''ઈતિહાસ અને સાહિત્ય'' વિષય પર સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ ખાતે સેમિનારનું આયોજન થયું (૧૯૮૫) ત્યારે મળી. મહાનિબંધ લખતાં જે મર્યાદા રહી હતી તે આદિવાસી સમાજ ઉપર કામ કરવાને લીધે દૂર થઈ. પાછળથી આલેખમાં સુધારા કરી. ૧૯૮૭માં ગોવા ખાતે ભરાયેલી ઈંડિયન હિસ્ટરી કોંગ્રેસમાં લેખ રજૂ કર્યો હતો.

મારા ''સ્ત્રી-અભ્યાસ''ના લેખોમાં ગુજરાતના સામાજિક પાસા ઉપર વધારે સારી રીતે કામ થયું. આ લેખોનો ઉલ્લેખ નીચે મેં કરેલો છે.

**રાજકીય બાબતો :**

સ્પષ્ટ રાજકારણ ઉપર પ્રકાશ ફેંકાય તેવા લેખો લખવાની તક જ્યારે જ્યારે સેમિનારોની બાંધણી વિષય અનુસાર થાય ત્યારે થતી રહી. ૧૯૦૭માં 'સુરત કોંગ્રેસમાં પડેલી ફાટ' વિષે રાષ્ટ્રીય સ્તરને ધ્યાનમાં લઈ મવાળવાદી-જહાલવાદીઓની ઘણી ચર્ચા થઈ પરંતુ ગુજરાતમાં મળેલી આ રાષ્ટ્રીય સંસ્થાની બેઠક સમયે પ્રાદેશિક પરિબળો, ગુજરાતના મવાળવાદી- જહાલવાદીઓ, તેમની પ્રવૃત્તિ, તેમની વચ્ચેના સંઘર્ષની વાત ઉપર જોઈએ તેવો પ્રકાશ પડ્યો ન હતો. મારા દક્ષિણ-ગુજરાત વિષેના સંશોધન દરમિયાન ઘણી માહિતી, મૂળભૂત સ્રોતો મળતાં 'ગુજરાત ઓન ધ ઈવ સૂરત સ્પ્લિટ - ૧૯૦૭' ઉપર લેખ લખ્યો[૧૦] નવી દિલ્હી ખાતે ૧૯૯૨માં અકબર બાદશાહની ૪૫૦ મી વર્ષગાંઠ ઊજવવાનું નક્કી થયું. ઈંડિયા કાઉન્સિલ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝે ''અકબર'' ઉપર સેમિનાર આયોજ્યો. (૧૫-૧૭ ઑક્ટોબર, ૧૯૯૨) તેમાં પણ ''ગુજરાતના જૈન સ્રોતોમાં વ્યક્ત થતી અકબરની પ્રતિમા'' ઉપર સંશોધન કર્યું, જે લેખ પાછળથી 'અકબર એન્ડ હિઝ એઈજ' ગ્રંથમાં છપાયો.[૧૧] જૈન સાધ્વીઓનાં લખાણો, વિજ્ઞપ્તિ-પત્રો, અને સાધુઓની હસ્તપ્રતો ઉપરથી આ લેખ તૈયાર કર્યો હતો. એલ.ડી.ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ, ભો.જે.વિદ્યાભવનમાંથી અપ્રાપ્ય એવું મૂળ સ્રોતોવાળું સાહિત્ય મળ્યું હતું. તેવી જ રીતે ૧૯૯૮માં નવી દિલ્હી ખાતે નિર્ધારિત 'સરદાર પટેલ સોસાયટી'એ ''વલ્લભભાઈ પટેલ'' ઉપર સેમિનાર કર્યો. તેમાં મેં સરદાર પટેલ અને ગુજરાત કોંગ્રેસ ઉપર કામ કર્યું. 'ફ્રોમ સ્પાર્ક ટુ ફ્લેઈમ : પટેલ, ગાંધી એન્ડ ગુજરાત કોંગ્રેસ''[૧૨]માં સરદાર પટેલની ગુજરાત કોંગ્રેસની પ્રમુખ ભૂમિકા શરૂઆતથી કે તેમના સમગ્ર જીવન સુધી કેવી રહી તેની ઉપર ટીકાત્મક ચર્ચા કરેલી હતી.

**વિદેશની અકાદમીનો પરિચય :**

**La-Reunion Mauraceus :**

વિદેશગમન કે આંતરરાષ્ટ્રીય પરિષદોમાં આવાગમન એ મારી શિક્ષક તરીકેની કામગીરીના ભાગ તરીકે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ થતું ગયું. સૌપ્રથમ વિદેશની આંતરરાષ્ટ્રીય પરિષદમાં જવાનો મોકો ૧૯૮૬માં મળ્યો. હિંદી મહાસાગરમાં મડાગાસ્કરની નીચે દ-આફ્રિકા નજદીક આવેલ ફ્રેન્ચ ટાપુ રેન્યો (La Reunion) અને બાજુમાં આવેલ મોરેશિયસમાં જવાનું આમંત્રણ પ્રોફેસર મકરંદ મહેતા અને મને મળ્યું. ઇન્ડો-ફ્રેન્ચ કલ્ચરલ એકચેન્જ પ્રોગ્રામના ઉપક્રમે ૧૮ દિવસ "ઇન્ડો-ફ્રેન્ચ કલ્ચરલ પરિષદ"નું આયોજન થયું. અહીં મને ફ્રેન્ચ ભાષાનું જ્ઞાન ખૂબ ઉપયોગી નીવડ્યું. ૧૮૬૬ના અરસામાં લૂઈ રૂઝલે નામના ફ્રેન્ચ મુસાફરે ગુજરાત અને રાજસ્થાનની મુસાફરી કરી હતી અને વિશેષ કરીને ગુજરાત, રાજસ્થાનનાં સાંસ્કૃતિક સામાજિક પરિબળો ઉપરાંત રજવાડાંઓ ઉપર સુંદર પ્રકાશ પાડ્યો હતો. પરિણામે મેં આ વિષય ઉપર જ "ફ્રેન્ચ પરસેપ્શન ઑફ પ્રિન્સલી સ્ટેટ ઑફ ઇંડિયા ઇન મિડ-નાઇનટીન્થ સેન્ચ્યુરી થ્રુ લૂઈ રૂઝલેઝ ટ્રાવેલ એકાઉન્ટ" ઉપર મેં શોધપત્ર રજૂ કર્યો, જે ત્યારે તેઓએ બહાર પાડેલા પરિષદના પ્રોસીડિંગ્સમાં છપાયો હતો.

સાથે સાથે મોરેશિયસમાં આવેલા "ગાંધી ઇન્સ્ટિટ્યૂટ'માં અમને ગાંધીજી ઉપર ભાષણ કરવાની તક મળી હતી.

**England France :**

પીએચ.ડી.ના સંશોધન સમયે ઇંગ્લેંડની "ઇંડિયા ઓફિસ લાયબ્રેરી" માં બ્રિટિશ યુગના સચવાયેલા દસ્તાવેજો જોવાની મુરાદ અધૂરી રહી હતી. ૧૯૮૯માં "સ્વાતંત્ર્ય ચળવળમાં સ્ત્રીઓની ભૂમિકા" વિષય મેં સંશોધન માટે પસંદ કર્યો અને યુ.જી.સી.એ મને છ અઠવાડિયાં માટે ઇંગ્લેડ જવાની શિષ્યવૃત્તિ આપી. સાથે સાથે મને પેરિસમાં આવેલી સીટે યુનિવર્સિટી (Cite University) સાથે સંલગ્ન "મેઝ દ સ્યા હોમ" (Maison De Sciene La Homme" એટલે સમાજવિદ્યા ભવન કહી શકાય, ત્યાં મને એક મહિનો કામ કરવાની ફેલોશિપ પણ મળી. સીટે યુનિવર્સિટી ઉપરાંત પેરિસની "નેશનલ બીબલીઓથિક"માં ફ્રાન્સની જેકોબીન કલબ અને ટીપુ સુલતાનના મૂળ પત્રવ્યવહારો, શ્યામજી ક્રિષ્ન વર્માનું અદ્ભુત સાહિત્ય, સિરાજઉદ્દૌલાના દસ્તાવેજો વગેરે ઘણું જોવા મળ્યું. ઇંગ્લેંડમાં ઇંડિયા ઓફિસ લાયબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ લાયબ્રેરી, ઓરિયેન્ટલ લાયબ્રેરી, સોઆઝ- SOAS (School of Oriental and African Studies) લાયબ્રેરીમાં ઘણું વાંચવા મળ્યું. ખૂબ સાહિત્ય એકત્રિત કર્યું. ઓક્સફર્ડની બોડેલીન લાયબ્રેરીમાં પણ કામ કરવાની તક મળતી રહી. ત્યાં ઔરંગઝેબની સહીઓવાળા પત્રો-નિગારનામા, શાહજહાંનનાં ફરમાનો, શાંહજહાન નામા, તુઝુકી બાબરી વગેરે મુઘલકાલીન મૂળ દસ્તાવેજો ઑક્સફર્ડની લાયબ્રેરીમાં છે.

ઇંડિયા ઑફિસ લાઇબ્રેરીમાંથી ગુજરાત અને સ્ત્રી-પ્રવૃત્તિ વિષેની અપાર માહિતી, બ્રિટિશ ઑફિસરોની પત્નીઓનાં લખાણો, ગુજરાત કૉલેજમાં અંગ્રેજીની પ્રાધ્યાપિકા અને પાછળથી પ્રિન્સિપાલ બનેલી (૧૮૯૮માં) પારસી બહેન કોરનેલિયા સોરાબજીનાં પેપર્સ, ચીમનાબાઈ પેપર્સ, ઉપરાંત "અખિલ હિંદ મહિલા પરિષદ" (૧૯૨૭)નાં પ્રથમ પ્રમુખ હંસાબેન મહેતાનાં ભાષણો વગેરે સાહિત્ય મળ્યું. ગુજરાતી જૂનાં પારસી નાટકો જે ૧૮૨૩ થી લખાયેલાં અને ભજવાતાં હતાં તે મને ઓરિયન્ટલ લાઇબ્રેરીમાંથી મળ્યાં. આ ઉપરાંત અનેક ગુજરાતી ભાષાનાં જૂનામાં જૂનાં પુસ્તકો મળ્યાં. ઑક્ટો.૧૯૯૪માં નિવૃત્તિ બાદ Englandમાં વિઝિટિંગ પ્રોફેસર, ઉપરાંત ઇટાલી, ફ્રાન્સની યુનિવર્સિટીઓમાં આ સાહિત્ય અને જીવનમાં ઇતિહાસનું જ્ઞાન-સમજનું ભાથું ઇંગ્લેડમાં માત્ર છ અઠવાડિયામાં ગ્રહણ ન'તું થયું. ૧૯૯૬ થી ૨૦૦૧ સુધી ઇંગ્લેડની સંડરલેન્ડ યુનિવર્સિટી પ્રોફેસર મહેતા અને મને વિઝિટિંગ પ્રોફેસર તરીકે પાંચ વર્ષ માટે આમંત્રણ મળ્યું ત્યારે ઘણા બધા ઐતિહાસિક સ્રોતો એકત્રિત કરવાની તક સાંપડી. સંડરલેન્ડમાં બ્રિટિશ ઇતિહાસ ઉપરાંત સ્ત્રી-અભ્યાસો (Gender Studies) સમાજકલ્યાણ, વગેરે વિભાગોમાં શીખવવાનો અનુભવ મળ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણ્યે-અજાણ્યે પણ મારા અભ્યાસનું કેન્દ્ર "નારી અભ્યાસ, નારી ચેતનાનો ઇતિહાસ" બનતા જતા હતા. સપ્ટેમ્બર ૧૯૯૬માં ઈટાલીમાં, "વર્લ્ડ ઇકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ ગ્લોબલાઈઝેશન" (World Economic Development and Globalisation) આંતરરાષ્ટ્રીય પરિષદનું બોલોના (Bologna) ઈટાલીમાં આયોજન થયું તેમાં આમંત્રણ. ગુજરાતની સ્ત્રીપ્રયોજકો અને બીનનોકરિયાત વિભાગમાં ગરીબ બહેનોના વ્યવસાય ઉપર શોધપત્ર રજૂ કર્યો અને વિશેષ કરીને 'સેવા' સંસ્થા ઉપર પ્રકાશ પડ્યો. કેસેટો પણ બતાવેલી. આ શોધપત્ર ઘણો વખણાયેલો. ત્યાંનાં સમાચારપત્રોએ તેની નોંધ લીધી હતી.

## ગુજરાત ઇતિહાસ પરિષદોમાં ૧૯૯૫નું જ્ઞાનસત્ર, પ્રમુખ-૧૯૯૭-૯૮

ગુજરાત ઇતિહાસ પરિષદ ગુજરાતના ઇતિહાસમાં રસ ધરાવનારાઓને પોતાનાં સંશોધનો, અભ્યાસો, વિચારો રજૂ કરવાનો મંચ પૂરો પાડે છે. એક વર્ષે અધિવેશન તો બીજા વર્ષે જ્ઞાનસત્રના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે. વિષય નિષ્ણાતો જ્ઞાનસત્રમાં પોતાની અભિવ્યક્તિ રજૂ કરી ચર્ચા-વિચારણાનાં વમળો ઊભાં કરે છે. ગુજરાત ઇતિહાસ પરિષદનું ૧૨મું જ્ઞાનસત્ર મુંબઈ ખાતે બોરીવલ્લીમાં ડિસેમ્બર ૧૯૯૫માં ભરાયું. ચર્ચા-પ્રારંભનું વ્યાખ્યાન રજૂ કરવાની મને તક આપવામાં આવી હતી.

"સ્ત્રી-ઇતિહાસ"માં સારો એવો પ્રવેશ કર્યો હતો. ગુજરાતમાં સ્ત્રીઓની સામાજિક ચેતના અંગે ખેડાણ કરવાથી ઘણી બાબતોનો ખ્યાલ સામાન્યપણે લોકોમાંના હોય તે વિચારો જાણવા મળ્યા. તેથી જ્ઞાનસત્રમાં "ગુજરાતી સમાજ અને નારી"એ વિષય મેં પસંદ કર્યો.[13] આ લેખ લખવાનો મુખ્ય હેતુ હતો ગુજરાતની સ્ત્રીઓની ભૂમિકા, ફાળો વિવિધ ક્ષેત્રોમાં તેમણે આપ્યો હતો તેના ઉપર પ્રકાશ પાડવો. મારા મગજમાં કેટલાક પ્રશ્નો ઘૂંટાતા હતા.

૧. ગુજરાતમાં સ્ત્રીઓને બહાર લાવવામાં ગાંધીજીના ફાળાને ઘણી અગત્ય આપવામાં આવે છે. પરંતુ જે ત્વરિત ગતિથી ગાંધીજી કાર્યનિષ્ઠ બની શક્યા, સ્ત્રીઓને કાર્યરત કરી શક્યા તે શું આટલા ટૂંક સમયમાં શક્ય હતું ? ૧૯૧૫માં અમદાવાદ આવ્યા ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહમાં બહેનોની મદદ લીધી હતી.

૨. ગાંધીજીએ માત્ર વાવણી કરી. ખેડાણ થઈ ચૂક્યું હતું. આ ખેડાણ કરનારાં પરિબળો કયાં, કોણે ખેડાણ કર્યું. કઈ સ્ત્રી-સંસ્થાઓ, કયા વર્ગની, તેમની સમાજ-સુધારણાની દિશા કઈ ? તેમની સામાજિક ચેતના કયા પ્રકારની હતી ? વગેરે પ્રશ્નોની ચર્ચા "ગુજરાતી સમાજ અને નારીમાં કરી.

પ્રસ્તુત લેખમાં ૧૯મી સદીમાં સ્ત્રીઓની સામાજિક ચેતના ઉપર પ્રકાશ પાડ્યો. ટૂંકમાં ગાંધીયુગ પહેલાં સ્ત્રીઓની જાગૃતિ તપાસી. ગુજરાતમાં સૌપ્રથમ સ્ત્રી-શિક્ષિકાઓ ગંગાબાઈ યાજ્ઞિક, જીવકોર, કૃષ્ણાગૌરી હિરાલાલ રાવળ, જમનાબાઈ પંડિતા પ્રથમ કક્ષાની સામાજિક સુધારકો મળી. આ સ્ત્રીઓ ગુજરાતનાં ગામડાઓમાંથી આવતી હતી. ગંગાબાઈ-માણસા, કૃષ્ણગૌરી લુણાવાડા વગેરે. વિજયાલક્ષ્મી જેવી કવયિત્રીઓ હતી. તો કૃષ્ણાગૌરી ગુજરાતની પ્રથમ નવલકથા "સદ્‌ગુણી હેમંતકુમારી" (૧૮૯૯)ની લેખિકા હતી. શિરીન કાબરાજી, ખેડાની તુલસીબાઈ વગેરે સ્ત્રી-પત્રકારો પણ હતી. ઘણાં સ્ત્રીમાસિકો નીકળતાં. જાણીતા સુધારક મહિપતરામ રૂપરામનાં પત્ની પાર્વતીકુંવર "પરહેજ"નામનું માસિક બહાર પાડવામાં મુખ્ય ભૂમિકા નિભાવતાં. ગંગાબાઈ યાજ્ઞિક, જમનાબાઈ પંડિતા, જીવકોર એ બંડખોર વિધવાઓ હતી, જેમણે વિધવા ઉપરના જુલ્મો પડકાર્યા અને વ્યવસાઈ સ્ત્રીપણાનો ખ્યાલ સૌ સ્ત્રીઓને આપ્યો. સુરતની બે વિધવાઓ બાજીગૌરી મુન્શી અને નાનીબેન ગજ્જર વિધવા સ્ત્રીઓનાં જીવન અને કવનમાં શાંતિભરી ક્રાન્તિ લાવ્યાં, વનિતા વિશ્રામ, વિધવા સદનો, વિધવાગૃહો કાઢ્યાં, જેમાં વિધવાઓમાં સ્વમાનભેર જીવી શકે તેવા વ્યવસાયો શીખવાતા. આમ ઘણી વખત પુરુષ-સુધારકો કરતાં



For Private and Personal Use Only

જુદી જ દિશા સ્ત્રીસુધારકોએ લીધી.

**પ્રમુખ તરીકે :**

ગુજરાત ઇતિહાસ પરિષદે મારા ઘડતરમાં પ્રમુખ ભૂમિકા નિભાવી. મારી વરણી પ્રમુખ તરીકે ૧૯૯૭-૯૮ બે વર્ષ માટે થઈ. ૧૯મું અધિવેશન અમદાવાદ ખાતે ૧૯૯૭માં આયોજાયું. મને મારી ૩૭ વર્ષની કારકિર્દીનો નિષ્કર્ષ અજમાવવાની ઉત્તમ તક અને મંચ મળ્યાં. ગુજરાતની ઊગતી યુવાપેઢીના ઇતિહાસકારો મારા ઉદ્‌બોધનના કેન્દ્રમાં હતા. ઇતિહાસ અંગેના બદલાતા જતા અભિગમો, નવા ઉમેરાતા જતા વિષયો જે વર્તમાન સમાજની જરૂરિયાત હતી, પ્રણાલિકાગત સ્રોતો ઉપરાંત ઇતિહાસમાં ભૂતકાળ અંગેના સત્યશોધનના પ્રયાસમાં મદદ રૂપ એવા નવા સ્રોતો પણ ધ્યાનમાં લેવાતા જતા હતા. પરિણામે મારા પ્રમુખ તરીકેના પ્રવચનનું શીર્ષક "ઇતિહાસનાં પરિમાણો : પડકારો અને દિશાઓ" હતું.[૧૪]

**નવા વિષયો :**

વર્તમાન સમસ્યાઓ જેવી કે સામાજિક, ધાર્મિક, રાજકીય વગેરે માળખામાં ઢળેલી હોઈ તેનાં મૂળિયાં ભૂતકાળ સુધી પાંગરેલાં હોય છે. તે લાંબા ગાળાની પ્રક્રિયા બતાવે છે, જેમાં સમાજનાં બધાં જ માળખાંઓ ધીમે ગતિ કરે છે. આમ ફ્રેન્ચ ઇતિહાસકારો જેને 'La historic longeradurce' કહે છે અને તેઓ સર્વગ્રાહી સર્વ પાસાંને આવરી લે તેવા ઇતિહાસની તરફેણ કરે છે.

વિષયો ટૂંકો ગાળો રજૂ કરતા પણ હોય, જેમાં બનાવો, ઘટનાઓ, આંદોલનો ત્વરિત ગતિથી વહે છે પરંતુ સમાજના ધાર્મિક, રાજકીય આર્થિક, સામાજિક માળખામાં પરિવર્તન ઝડપથી નથી આવતું. લાંબાગાળાના ઇતિહાસમાં પ્રવાહોનું નિર્દેશન કરતી વ્યક્તિઓ, સંસ્થાઓની ભૂમિકા વણપ્રિછાયેલી રહે છે. પરિણામે history of mentalite સામાન્ય માણસના રોજબરોજના જીવન પ્રત્યેનાં વલણો, સ્ત્રી-પુરુષના સંબંધો, કુટુંબ, માનસિક રીતે પછાત વ્યક્તિઓ, ગુનાઓ, કેદ, કાયદાઓ, નપુંસક જાતિ વગેરે સામાજિક જીવનને સ્પર્શતા વિષયો ઉપર સંશોધન થાય છે.

**નવી પદ્ધતિ :**

જ્યારે ટૂંકા ગાળાની ઘટના ઉપર ઇતિહાસ સંવાદ કરે છે, ત્યારે હાલમાં ઇતિહાસ ક્ષેત્રે "discourse" વાર્તાલાપ, વિવેચન, વિવરણ અભિગમ અપનાવાય છે. ફ્રેન્ચ અને જર્મન ઇતિહાસકારોએ આનો પ્રચાર કર્યો. હાલમાં નવા લખાતા ઇતિહાસો - સ્ત્રીઓ, દલિતો, આદિવાસી વગેરેમાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બંગાળ, મહારાષ્ટ્રમાં discourseનો ઉપયોગ કરાય છે. દા.ત. "સતીપ્રથા" ઉપર ચર્ચા-વિચારણા કરવી હોય તો, સંસ્થાનવાદી ડિસકોર્સ, સમાજસુધારકોનું વિવરણ, રૂઢિગત, પ્રણાલિકાગત વૈદિક વાર્તાલાપ, બ્રાહ્મણવાદી વિવાદ, પૂર્વાત્યવાદીઓનું મંતવ્ય વગેરે ધ્યાનમાં લેવાવાં જોઈએ. ટૂંકમાં એ વિષય ઉપર જે કંઈ સાહિત્યમાં લખાયું હોય તે આવરી લેવાવું જોઈએ. માર્કસના ભૌતિક અર્થઘટનના ખ્યાલાત્મક માળખા સાથે સાથે ડિસકોર્સમાં વૈચારિક માળખાને પણ એટલું જ પ્રાધાન્ય છે. વિચારોના ઘડતરમાં ભાષાની મુખ્ય ભૂમિકા છે. ભાષાકીય માળખા સાથે જે કંઈ સુસંગત હોય તેનો ઇતિહાસના સંશોધનમાં સમાવેશ થવો જોઈએ. સામાજિક જીવનની અભિવ્યક્તિ બધાં જ માધ્યમો જેવાં કે કલા, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્યમાં થાય છે જેને ફ્રેન્ચ ફિલસૂફો 'સભ્યતાનાં પાઠ્યપુસ્તકો' (Cultural texts) કહે છે.

આમ માનવ કેન્દ્રિત ઇતિહાસના સ્રોતોના કોઈ સીમાડા નથી રહ્યા. પ્રચાર માધ્યમો પણ મહત્ત્વનાં મનાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**હાલમાં મારું કાર્યક્ષેત્ર-સંશોધન અને discourse અભિગમ-"સ્ત્રી અભ્યાસો" - "સ્ત્રી-ઇતિહાસ"**

સમાજના વંચિત વર્ગો ઉપર વર્તમાનમાં ઇતિહાસક્ષેત્રે સંશોધનની જરૂરિયાત લાગી છે. ભારતીય સંસ્કૃતિ સૈકાઓથી વિકસી છે. ભારતીય પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસમાં ઘણું લખાયું છે. સંસ્કૃતિના ઘડતરમાં દેશ, કાળના વિકાસમાં એકેએક યુગમાં સ્ત્રીઓએ ભૂમિકા ભજવી છે. પરંતુ આ બાબત ઉપર કેટલો પ્રકાશ ફેંકાયો છે ? ખુદ ઇતિહાસકારોની પણ માન્યતા છે કે સ્ત્રીઓની ભૂમિકાની માહિતી ઉપલબ્ધ નથી, પછી સ્ત્રીઓએ ભજવેલા ભાગ ઉપર પ્રકાશ કેવી રીતે પાડી શકાય ? પરંતુ પ્રયત્ન કરવાથી અનેક વિગતો અને માહિતી મળે છે.

હાલમાં મેં I.C.H.R. "ઇન્ડિયન કાઉન્સિલ ઑફ હિસ્ટોરિકલ રીસર્ચ' ન્યુ દિલ્હી સંસ્થાની સિનિયર રીસર્ચ ફેલોશિપ પ્રાપ્ત કરેલી છે. મારો પ્રોજેક્ટ છે "સ્ત્રીઓ અને ગુજરાતમાં સામાજિક પરિવર્તન બ્રિટિશ કાળમાં".

મારું ધ્યેય સ્ત્રીઓની ભૂમિકા ઉપર પ્રકાશ પાડવાનું છે. જો સ્ત્રીઓ પશ્ચાત્ ભૂમિકામાં રહી તો કેમ એમ થયું તે પરિબળોની ઊલટતપાસ પણ એટલી જ જરૂરી બને છે. સમાજની અર્ધી વસ્તી સ્ત્રીઓની છે. તેમને વિષયવસ્તુ બનાવવી, કેન્દ્રતા આપવી અને પ્રકાશમાં તેમનાં કાર્યો, ફાળાને લાવવાનો મુખ્ય હેતુ છે.

**સ્ત્રી-અભ્યાસની સમજૂતી :**

'Jender Studies' એ નવી વિકસેલી શાખા છે. વિશેષ કરીને ૧૯૭૦ પછી 'સ્ત્રી-આંતરરાષ્ટ્રીય વર્ષ'ની ઉજવણી બાદ, નારી અભ્યાસ જેને કહેવામાં આવે છે તેને સ્ત્રીવાદ-Feminism કે નારીવાદ સાથે સંબધ નથી. સ્ત્રી-ઇતિહાસ કે નારીઅભ્યાસ કેવળ સ્ત્રીઓને જ ધ્યાનમાં લઈ exclusive સ્ત્રી-અભ્યાસ કદી થઈ શકતો નથી પરંતુ જે પુરુષોએ પણ સ્ત્રીઉત્થાનમાં ભાગ ભજવ્યો હોય તે વિગતોનો પણ સમાવેશ થાય.

નારી ઇતિહાસ કેવળ આગળ પડતી સ્ત્રીઓનાં જીવનચરિત્રનો પણ બની શકતો નથી. સમગ્ર "સ્ત્રી-જાતિ"ને એક નેજા હેઠળ ના મૂકી શકાય. બધી જ સ્ત્રીઓના સામાન્ય પ્રશ્નો પણ છે પરંતુ વર્ગ, જ્ઞાતિના સંદર્ભ આદિવાસી દલિત સ્ત્રીઓની સમસ્યાઓ, તેમના સમાજમાં તેમનું સ્થાન સમાજની ઉપલાવર્ગની સ્ત્રીઓ કરતાં અલગ હોઈ શકે.

સ્ત્રી-ઇતિહાસના સંદર્ભે ખૂબ સંકુચિત ખ્યાલ પ્રવર્તે છે – પુરુષપ્રધાન સમાજ સામેની ઝુંબેશનો ઇતિહાસ ગણવામાં આવે છે. પરંતુ હકીકતમાં સ્ત્રી-ઇતિહાસ એટલે સ્ત્રીઓએ પોતાને સમાજસુધારણા વિષે શું કહેવું હતું ? સ્વાતંત્ર્ય સંગ્રામ શું ગાંધીજી ચીંધ્યા માર્ગે જ તેઓએ ભૂમિકા ભજવી ? કેવળ પતિ, ભાઈ કે પુત્રના સૂચનનું જ પાલન કર્યું કે કંઈક આગવું મંતવ્ય, સ્વતંત્ર કામગીરી કરી ? વગેરે સ્ત્રીઓની દૃષ્ટિથી તેમના ખ્યાલથી ઘટના, બનાવોને જોવાં તે સ્ત્રી-ઇતિહાસ. સ્ત્રીઓના પત્રો, તેમની ડાયરીઓ, તેમનાં લખાણો, લેખો, નિબંધો, આત્મવૃત્તાન્તો, તેમના વિષે પુરુષોએ લખ્યું હોય તે – આ બધા સ્રોતો સ્ત્રીઇતિહાસનો પાયો છે, કેવળ વર્ણનાત્મક હેવાલ, સ્ત્રી કઈ સાલમાં જન્મી, મૃત્યુ પામી કે આ-આ કાર્યો કર્યાં સ્ત્રીઇતિહાસની ઇમારત સર્જતો નથી.

ડિસકોર્સ અભિગમે નારી ઇતિહાસની નવી દિશા ખોલી છે. અત્યાર સુધી 'સ્ત્રી" એટલે પુરુષોએ વ્યાખ્યા આપી તે. ફ્રેન્ચ, જર્મન, યુરોપના સ્ત્રી-અભ્યાસુઓ કહે છે કે લિંગભેદ કુદરતી છે પરંતુ આ લિંગભેદ- 'સ્ત્રી' અને 'પુરુષ'ની ભેદરેખાને વિસ્તૃત કરવામાં સાંસ્કૃતિક, સામાજિક, ભૌગોલિક, રાજકીય, ઐતિહાસિક બધાં જ પરિબળોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. સ્ત્રીઓના ઊતરતા દરજ્જાને આ પરિબળોએ નક્કી કર્યો. સ્ત્રીઓનું હલકું સ્થાન રાખવામાં આ પરિબળોએ શો ભાગ ભજવ્યો એનું વિશ્લેષણ કરવું સ્ત્રી-અભ્યાસનો હેતુ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડિસકાઉર્સ - વાર્તાલાપ, વિવરણ-પ્રથા રૂઢિગત, ઐતિહાસિક પરિમાણો પડકારી ભાષા, વૈચારિક ભૂમિકા, સાહિત્ય, ફિલ્મ વગેરે માધ્યમોના સ્રોતોને, મેડિકલ હેવાલો વગેરેને પ્રાધાન્ય આપે છે. સ્ત્રીઓનાં લખાણો, વૃત્તાંતો, ડાયરી, પત્રો વગેરે સ્રોતો પર ભાર મૂકે છે.

આમ મારો વિષય સંસ્થાન યુગમાં ગુજરાતમાં સ્ત્રીઓની ભૂમિકામાં સ્ત્રી-સમાજ સુધારકો, તેમની વિચારસરણી, સ્ત્રી-પત્રકારો, સંસ્થાઓ, મુસ્લિમ અને પારસી સ્ત્રીઓના ગુજરાતના સામાજિક પરિવર્તન અંગે પ્રકાશ પાડે છે. આદિવાસી લોકસાહિત્યમાં વ્યક્ત થતી સ્ત્રીઓની સામાજિક ચેતના, સ્ત્રીઓના કાયદાઓ, આંદોલનોને આવરી લેતો અભ્યાસ રજૂ કર્યો છે. વિશેષ કરીને ૧૯મી અને ૨૦મી સદીની ગુજરાતની સ્ત્રીઓની ભૂમિકા ચર્ચી છે. "Unknown Voices : Women and Social change in Gujarat" એ શીર્ષક હેઠળ પુસ્તક તૈયાર થઈ રહ્યું છે.

હાલમાં ગુજરાત યુનિવર્સિટીએ અનુસ્નાતક કક્ષાએ ઇતિહાસમાં "સ્ત્રી ઇતિહાસ" ઉપર પેપર અભ્યાસક્રમમાં દાખલ કર્યું છે. તેથી ગુજરાતીમાં "નારી ચેતનાનો ઇતિહાસ" લખી રહી છું.

નારી ઇતિહાસ ઉપરના લેખોની યાદી પાદનોંધ ૧૫ થી આપેલી છે.

### પાદનોંધો

૧. શિરીન મહેતા, ધી પેઝન્ટ્રી એન્ડ નેશનાલિઝમ : એ કેસ સ્ટડી ઑફ બારડોલી સત્યાગ્રહ (મનોહર પબ્લિકેશન, ન્યુ દિલ્હી, ૧૯૮૪).

૨. શિરીન મહેતા, "ધી ગ્રોથ ઑફ ભાવનગર પોર્ટ- ૧૭૨૩-૧૮૯૬, ક્વાર્ટરલી રીવ્યુ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝ, કલકત્તા, જાન્યુ-માર્ચ, ૧૯૮૩, ગ્રંથ ૨૨, નં. ૪ પાના ૩૦-૩૭

૩. 'ધી મહાજન્સ એન્ડ ધી બીઝનેસ કોમ્યુનિટીઝ ઑફ અમદાવાદ', દ્વિજેન્દ્ર ત્રિપાઠી, સંપાદક, 'બીઝનેસ કોમ્યુનિટીઝ ઑફ ઇંડિયા', (ન્યુ દિલ્હી, ૧૯૮૪) પાના. ૧૭૩-૧૮૩.
'કન્ટિન્યુઇટી એન્ડ ચેઈન્જ ઇન અરબન ઇન્સ્ટિટ્યુશન : એ કેસ સ્ટડી ઑફ મસ્કતી ક્લોથ મહાજન ઑફ અહેમદાવાદ ૧૯૦૬-૧૯૪૭', મકરન્દ મહેતા સંપાદક, અરબનાઇઝેશન ઇન વેસ્ટર્ન ઇંડિયા : હિસ્ટોરિકલ પરસ્પેક્ટિવ (અમદાવાદ, ૧૯૮૮) પાના ૧૭૫-૧૮૯.

૪. 'સોશ્યલ બેકગ્રાઉન્ડ ઑફ સ્વદેશી મુવમેન્ટ ઇન ગુજરાત, ૧૮૭૫-૧૯૦૮' Vidya, Gujarat University, અમદાવાદ, જાન્યુઆરી ૧૯૮૧, ગ્રંથ ૨૪, નં. ૧ પાના. ૩૧-૪૬.

૫. 'પેઝન્ટ્સ એસરશન ઇન ગુજરાત એન્ડ ક્વીટ ઇંડિયા મુવમેન્ટ. Nineteen Forty Two' "સામીપ્ય" : એપ્રિલ ૯૧ - માર્ચ ગ્રંથ ૯, નં. ૧-૨, પાના ૭૪-૮૦, ૧૯૯૨.

૬. 'ધી કાસ્ટ સીસ્ટમ એન્ડ ધી સોશ્યલ રિફોર્મ મુવમેન્ટ ઇન ગુજરાત ઇન નાઇનટીન્થ સેન્ચ્યુરી' જર્નલ ઑફ ધી ગુજરાત રીસર્ચ સોસાયટી", મુંબઈ, ઑક્ટોબર ૧૯૬૫, ગ્રંથ ૨૭, પાના ૩૧૫-૨૦.

૭. 'એ સ્ટડી ઑફ પ્રેક્ટિસ ઑફ સ્લેવરી વિથ સ્પેશ્યલ રેફરન્સ ટુ ગુજરાત' જર્નલ ઑફ ગુજરાત રીસર્ચ સોસાયટી, મુંબઈ, જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર ૧૯૬૬, નં. ૧-૪, પાના. ૭૪-૭૯.

૮. 'દક્ષિણ ગુજરાતના પાટીદારો અને અનાવિલોની જ્ઞાતિ-સુધારણાની દિશા' "સામીપ્ય", અમદાવાદ, ઑક્ટોબર-ડિસેમ્બર, ૧૯૮૮, નં. ૧-૨

૯. 'સોશ્યલ કૉન્શ્યસનેસ ઑફ આદિવાસીઝ ઑફ સાઉથ ગુજરાત : એ કેસ સ્ટડી ઑફ ધેર ફોલ્ક લિટરેચર', 'પ્રોસીડિંગ્સ ઑફ ધી ઇંડિયન હિસ્ટરી કોંગ્રેસ', ગોવા યુનિવર્સિટી, ગોવા, ૧૯૮૭, ૪૮મો સુવર્ણ જયંતી અંક.

૧૦. 'ગુજરાત પોલિટિક્સ ઓન ધ ઇવ ઑફ ધ કોંગ્રેસ સેશન ઑફ સુરત, ૧૯૦૭', પ્રોસીડિંગ્સ ઑફ ધી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇંડિયન હિસ્ટરી કોંગ્રેસ, બોધગયા, ૧૯૮૧, ૪૨મું અધિવેશન, પાના. ૪૫૧-૫૫.
૧૧. 'અકબર એઝ રીફલેક્ટેડ ઇન ધી કોન્ટેમ્પોરરી જૈન લિટરેચર' ઇક્તદાર આલમખાન, સંપાદક : ''અકબર એન્ડ હિસ એઈજ'' (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ હિસ્ટોરિકલ રીસર્ચ, ૧૯૯૯) સીરીઝ-૫, પાના. ૨૨૩-૨૩૯.
૧૨. 'ફ્રોમ સ્પાર્ક ટુ ફ્લેઈમ : પટેલ, ગાંધી એન્ડ ધી ગુજરાત કોંગ્રેસ' ''સામીપ્ય'', ગ્રંથ ૨૭, નં. ૧-૨, એપ્રિલ-સપ્ટેમ્બર, ૨૦૦૦, પાના. ૬૧-૬૯.
૧૩. 'ગુજરાતી સમાજ અને નારી', ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૨મું જ્ઞાનસત્ર, ડિસેમ્બર, ૧૯૯૫, મુંબઈ પાના. ૧-૧૬.
૧૪. 'ઇતિહાસનાં પરિમાણો : પડકારો અને દિશાઓ' પ્રમુખનું પ્રવચન, ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૯મું અધિવેશન, અમદાવાદ (૨૨-૨૩ માર્ચ, ૧૯૯૭, પાના. ૧-૧૬).
૧૫. 'ધી રોલ ઑફ વીમેન ઇન પેઝન્ટ મુવમેન્ટ ઑફ ગુજરાત : એ સ્ટડી ઇન ગાંધિઅન ફેઇઝ ૧૯૧૫-૩૦' ''ધી ઇંડિયન હિસ્ટોરિકલ રીવ્યુ'', ન્યૂ દિલ્હી, જુલાઈ, ૧૯૮૫-જાન્યુ. ૧૯૮૬, ગ્રંથ-૧૨, નં. ૧-૨, પાના. ૧૬૪-૧૭૨.
૧૬. 'ફ્રીડમ, સ્ટ્રગલ એંન્ડ ગુજરાતી વીમેન એઝ ગ્રાસરૂટ વર્કર્સ એન્ડ સત્યાગ્રહિઝ - ૧૯૧૫-૧૯૩૦', નવાઝ બી. મોદી, સંપાદક : ''વીમેન ઇન ઇંડિયાઝ ફ્રીડમ સ્ટ્રગલ'' (એલાઈડ પબ્લિશર લિમિટેડ, મુંબઈ, ૨૦૦૦) પાના. ૧૮૫-૧૯૨.
૧૭. 'કન્ટિન્યુઇટી ટ્રેડિશન એન્ડ ચેઈન્જ ઇન વીમેન્સ ડેવલમેન્ટ : એ કેસ સ્ટડી ઑફ સેવા ૧૯૭૨-૧૯૯૬', આર. શ્રીનિવાસન, ઉષા ઠક્કર, પામ રાજપુત, સંપાદકો : ''પુષ્પાંજલિ'', એસેઝ ઓન ગાંધિઅન થીમ ઇન ઓનર ઑફ ડૉ. ઉષા મહેતા (દેવીકા પબ્લિકેશન, દિલ્હી, ૧૯૯૯) પાના. ૪૧૩-૪૨૮
૧૮. 'કોન્ટ્રિબ્યુશન ઑફ ગુજરાતી વીમેન ઇન જર્નાલિઝમ ૧૮૫૦-૧૯૧૫' ''સામીપ્ય'', ગ્રંથ ૧૩, નં. ૧-૨, એપ્રિલ-સપ્ટેમ્બર, ૧૯૯૬
૧૯. 'કૃષ્ણાગૌરી હીરાલાલ રાવલ : ગુજરાતની પ્રથમ મહિલા નવલકથાકાર અને સમાજ સુધારક' ''કુમાર'', જુલાઈ, ૧૯૯૫.
૨૦. 'ગુજરાતની સમાજ સુધારણામાં પાર્વતીકુંવર (૧૮૩૦-૧૮૭૬)નો ફાળો' ''કુમાર'', મે, ૧૯૯૭.
૨૧. 'સ્વતંત્રતાનાં આંદોલનોમાં સ્ત્રીઓએ ભજવેલા ભાગનું વિશ્લેષણ', જે.ડી.શુક્લ સંપાદક : ''આધુનિક યુગમાં ભારતનો નારી-સમાજ'' (આશીષ પબ્લીકેશન, આણંદ, ૧૯૯૦) પાના. ૨૫-૩૩.
૨૨. 'જૂની કેડીઓ, નવાં ચઢાણો' ડૉ. કુમનબહેન દીવાનજી, ડૉ. પ્રીતિ શાહ, ડૉ. ચંદ્રિકા રાવલ, સંપાદકો : ''સ્ત્રી સિદ્ધિનાં સોપાનો'' (ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ), અમદાવાદ.
૨૩. 'વીમેન ઇમેજીસ એઝ રીફલેક્ટેડ ઇન ધી લેઈટ નાઇન્ટીન્થ સેન્ચ્યુરી ગુજરાતી લિટરેચર', પ્રતિભા જૈન, સંપાદક : ''વીમેન ઈમેજીસ ઇન ઇંડિયા'' (રાવત પબ્લિકેશન, જયપુર, ૧૯૯૩), પાના ૧૮૬-૧૯૭.
૨૪. 'ધી રોલ ઑફ પારસી વીમેન ઇન શેપિંગ ધી કલ્ચરલ કાઉન્ટુર્સ ઑફ ગુજરાત' ઇન્ડો-ઈરાન પરિષદ ૨૦૦૨, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં પેપર રજૂ કર્યું હતું.
૨૫. 'કચ્છી વીમેન ઇન કોગ્નિટો : રીએપ્રેઝલ ઑફ મહારાજ લાયબલ કેસ- ૧૮૬૨', કચ્છ ઉપર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે આયોજિત ૨૦૦૧માં સેમિનારમાં પેપર રજૂ કર્યું હતું.

★



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતના મહાન પુરાવિદ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી

ડૉ. ભારતી શેલત★

ભારતના મહાન પુરાતત્ત્વવિદ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનો જન્મ જૂનાગઢમાં સંવત ૧૮૯૬માં કાર્તિક સુદિ ૩ (૭ નવેમ્બર, ૧૮૩૯)ના દિવસે જૂનાગઢમાં પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. મોટા ભાઈ કરુણાશંકર વ્યાકરણ અને વેદાંતશાસ્ત્રના વિદ્વાન હતા. બીજા ભાઈ રઘુનાથ (રૂગનાથજી) વૈદ્ય હતા. એમણે વૈદ્યકીય ઔષધોનો પરિચય આપતો 'નિઘંટુસંગ્રહ' સં. ૧૮૯૩ (ઈ.સ. ૧૮૩૬-૩૭)માં પ્રકટ કર્યો. ભગવાનલાલ સહુથી નાના હતા.

પં. ભગવાનલાલ આરંભમાં ગામઠી શાળામાં ભણ્યા. પરંતુ સંસ્કૃત અને વૈદકનું જ્ઞાન એમણે પોતાના પિતા ઇન્દ્રજી પાસેથી મેળવ્યું. સંસ્કૃત ભાષા સમજવાની સારી શક્તિ ભગવાનલાલે મેળવી હતી અને સંસ્કૃતવિદ્યાનો વ્યાસંગ ચાલુ રાખ્યો હતો. આ વિદ્યાનો જ એમની પ્રાચીન શોધખોળોમાં મોટો આધાર હતો. આ સમયે જૂનાગઢમાં અંગ્રેજીનું શિક્ષણ દાખલ થયેલું ન હોવાથી સ્વાભાવિક તેમનું લક્ષ્ય એ તરફ દોરાયું નહીં. નાનપણથી જ ભગવાનલાલ ગિરનારના શૈલલેખો કુતૂહલથી નિહાળતા. એ લેખોની લિપિ પરિચિત નહીં હોવાથી એ શિલાલેખો ઉકેલવા અઘરા હતા. છતાં દિવસે દિવસે ભગવાનલાલની જિજ્ઞાસા વધતી ચાલી. ૧૮૫૪માં કાઠિયાવાડના એ સમયના પૉલિટિકલ એજન્ટ લૅ. કર્નલ લૅંગને આ શિલાલેખોનું ઘણું આકર્ષણ હતું. આથી એમણે જેમ્સ પ્રિન્સેપને અશોકના અભિલેખોની નકલ ઉતરાવી મોકલી હતી. કર્નલ લૅંગે જૂનાગઢના નાગર મણિશંકર કીકાણીને પ્રિન્સેપે ૧૮૩૮માં છપાવેલ પાલી મૂળાક્ષરોવાળું એક પાનું આપ્યું. એ પાનું ભગવાનલાલને બતાવ્યું અને તેમણે તેલમાં બોળેલા પાતળા કાગળને મૂળ છાપેલા કાગળ ઉપર દબાવી નકલ લીધી. આ પછી પંડિતે પાલી લિપિના અક્ષરો ઘૂંટવા માંડ્યા. આ શોખ અને સંશોધનનું પરિણામ એ આવ્યું કે પં. ભગવાનલાલ રુદ્રદામાનો લેખ વાંચવા લાગ્યા, છતાં તેને સંપૂર્ણપણે ઉકેલી શક્યા નહીં. કારણકે તેઓ આ લિપિના જોડાક્ષર અને માત્રાઓથી પરિચિત ન હતા. વધુ અભ્યાસ માટે આ લિપિને લગતા મુંબઈ, બંગાલ, ગ્રેટબ્રિટનની એશિયાટિક સોસાયટીનાં જર્નલો મંગાવ્યાં. અને અભ્યાસ આગળ વધાર્યો. આ લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા તેમણે શિલાલેખોની એક એવી નકલ તૈયાર કરાવી, જેમાં બ્રાહ્મી લિપિના દરેક દરેક અક્ષર નીચે તેનું લિપ્યંતર મૂક્યું. આમ એક એક અક્ષર છૂટો પડવા માંડ્યો. અને સમયાંતરે લિપિમાં થયેલો ફેરફાર ભગવાનલાલને જણાઈ આવ્યો. આ રીતે તૈયાર કરેલી નકલથી ફરી વાર રુદ્રદામાનો લેખ વાંચ્યો. પં. ભગવાનલાલનો ઉત્કીર્ણ લેખવાચનનો શોખ વધતો ગયો. અને આવા લેખો વાંચવાથી લિપિ ઉપર કાબૂ આવતો ગયો. કર્નલ લૅંગ પંડિતજીના પરિચયમાં આવ્યા અને એમના આ લિપિઉકેલના કાર્યથી પ્રભાવિત થઈને પંડિતજીને પોતાનો 'નાનો પુરાવિદ' કહેતા. કર્નલ લૅંગના કાઠિયાવાડમાંથી ગયા બાદ ઍલેક્ઝાંડર કિનલૉક ફૉર્બ્સે પંડિતજીને એ કામમાં ઘણી સહાયતા કરી. ફૉર્બ્સે ૧૮૫૬માં ગુજરાતનો ઇતિહાસ આલેખનારી 'રાસમાળા' લખી હતી. આથી મુંબઈમાં પુરાતત્ત્વનાં અન્વેષણના કામમાં ડૉ. ભાઉદાજીને સંશોધનકાર્યમાં મદદ કરવા ૧૮૬૨માં ભગવાનલાલને મુંબઈ બોલાવ્યા. ભગવાનલાલ ભાઉદાજીને ગુરુ માનતા. ભાઉદાજીએ આ ઊગતા પુરાવિદનો પરિચય જસ્ટિસ ન્યૂટન સાથે કરાવ્યો. ન્યૂટન 'રૉયલ એશિયાટિક સોસાયટી'ની મુંબઈ શાખાના પ્રમુખ હતા. તેઓ ક્ષત્રપ વંશ પર પોતાનો નિબંધ તૈયાર કરતા હતા. પંડિતજીએ પોતાની પાસેના ૬૦ ક્ષત્રપ સિક્કાઓ બતાવ્યા.

પં. ભગવાનલાલે ગિરનારના મૌર્ય ક્ષત્રપ અને ગુપ્ત શિલાલેખોની પોતે તૈયાર કરેલી નકલ ડૉ.

★ નિયામક, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ



For Private and Personal Use Only

ભાઉદાજીને આપી. અને સાબિત કરી આપ્યું કે અત્યાર સુધી થયેલી આ શિલાલેખોની બધી જ નકલો અશુદ્ધ છે. જૂનાગઢના આ અભિલેખોના કામથી ડૉ. ભાઉદાજીને એટલો બધો સંતોષ થયો કે તેમણે ભગવાનલાલને મુંબઈ કાયમ આવવા આમંત્રણ આપ્યું અને સને ૧૮૬૨ના એપ્રિલની ૨૪મી એ ભગવાનલાલ મુંબઈ આવ્યા. આ બેઉ પંડિતોનો ઉદ્દેશ દેશના પ્રાચીન અવશેષોની શોધ કરવી અને ભારતના પ્રમાણભૂત ઇતિહાસ સંબંધી જ્ઞાનની મર્યાદાઓને વિસ્તારવી એ હતો.

૧૮૬૨ના મે ની ૧૯મી તારીખે અજન્તાના લેખોની નકલ કરવા માટે મુંબઈથી પ્રયાણ કર્યું અને ત્યાં જઈ ધીરજ અને ખંતથી અજન્તાની ગુફાના ૨૩ અભિલેખોની નકલ કરી. ૧૮૬૩માં નાસિક, કાર્લા, ભાજા, ભેંડાર, જુન્નર, અને નાના ઘાટના અભિલેખોની નકલો ભગવાનલાલે કરી. જેસલમેરના ગ્રંથભંડાર તપાસવા અને કીમતી હસ્તપ્રતોની નકલ કરવા મોકલ્યા.

ડૉ. ભાઉદાજીના શબ્દોમાં 'હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મેં કરેલી મુસાફરીઓથી મને નિશ્ચય થયો છે કે પ્રત્યેક શિલાલેખની અને વર્ષો પહેલાં છપાયેલ પ્રત્યેક તામ્રપત્રની ફરી તપાસાઈને નકલ થવાની જરૂર છે અને જૂનાં મંદિરો વગેરેમાં સેંકડો અભિલેખો હજી વણઉકલ્યા પડ્યા છે, જે ભગવાનલાલ જેવા નિષ્ણાત દ્વારા તપાસાય તો ઇતિહાસ અને પુરાવિદ્યા ઉપર પ્રકાશ નાંખે એવી મને ખાતરી છે. ૧૮૬૬માં હાથી ગુફાના અભિલેખોની નકલ ડૉ. ભાઉદાજી માટે કરી હોવાનું લીડનની ૧૮૮૩ની ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં ભગવાનલાલે વાંચેલા નિબંધમાં જણાવ્યું હતું. ૧૮૬૮માં સમુદ્રગુપ્તના અલાહાબાદ શિલાસ્તંભ લેખની નકલ ઉતારી. અલાહાબાદથી તેઓ બનારસ ભિટારી, મથુરા અને દિલ્હી ગયા. ભિટારી અને મથુરામાં જૂના અભિલેખોની નકલો કરી. આમ ૩૫ જેટલા ઉત્કીર્ણ લેખોની નકલો, પ્રાચીન સિક્કા અને પ્રાચીનતાની દૃષ્ટિએ અમૂલ્ય વસ્તુઓ ખરીદી ૧૮૬૯માં મુંબઈ પરત આવ્યા. ૧૮૭૧ ના આરંભથી પુરાવિદ્યાની યાત્રા માટે ભગવાનલાલે પ્રયાસો કરવા માંડ્યા અને ડૉ. ભાઉદાજીના પ્રયત્નોને પરિણામે જૂનાગઢ રાજ્યે બે વરસ સુધી રૂ. ૨૦૦ના માસિક પગારથી રાખ્યા. ૧૮૭૦-૭૧ દરમ્યાન તેમણે ખંડવા, ઓંકારેશ્વર, ઉજ્જન બાઘની ગુફાઓ, ધાર, માંડુગઢ, ઇંદોર, સાંચી, શતધર, પીપળીઆ, ઉદયગિરિ, ભીલસા, ઉદેપુર, એરણ, બનારસ, પ્રયાગ, ગડવા, દિલ્હી, દહેરાદુન, કાલસી, વિરાટ, મથુરા અને ગ્વાલિયરનો પ્રવાસ કર્યો. ડૉ. ભાઉદાજી સાથેનાં એમનાં ૧૪ વર્ષ એમાં પંડિતજીનો ઉત્કીર્ણ લેખવાચનનો વિકાસ અને પ્રભુત્વ—એનાં મૂળ જડી આવે છે. પંડિતજીનું સ્વાભાવિક વલણ પુરાતત્ત્વ તરફનું, પણ એમાં રહેલી ત્રુટિઓ સુધારવામાં ડૉ. ભાઉદાજીનો મુખ્ય હાથ હતો. પં. ભગવાનલાલના ઊગતા જીવનમાં ડૉ. ભાઉદાજી જેવા અગ્રણી પુરાવિદના બહોળા અભ્યાસનો લાભ મળ્યો. પં. ભગવાનલાલને સામાન્ય અભ્યાસુમાંથી મહાન પુરાવિદ બનાવવાનું માન ડૉ. ભાઉદાજીને ઘટે છે; એમાં બે મત નથી. સિક્કાઓનો સંગ્રહ સને ૧૮૬૧ પહેલાંથી ભગવાનલાલે કરવા માંડ્યો હતો. ઐતિહાસિક સંશોધનના લેખોમાં એમણે સિક્કાઓનો ઘણો ઉપયોગ કર્યો હતો. પશ્ચિમી કાર્દમક ક્ષત્રપ ચાષ્ટનના બે સિક્કા તેમની પાસે હતા. ભારતીય યવન રાજા એપોલોડોટસનો ત્રાંબાનો સિક્કો મળ્યો છે જેના અગ્રભાગ ઉપર Basileos Basileon Sotter Apolodotus પૃષ્ઠ ભાગમાં ખરોષ્ઠી - પ્રાકૃત લખાણ છે महरजस त्रतरस अपलदतस એવું લખાણ છે. નહપાન અને ઈશ્વરદત્તના સિક્કા પણ તેમણે વાંચ્યા છે.

ભગવાનલાલના 'પશ્ચિમી ક્ષત્રપો વિશેના લેખનું તેમના મૃત્યુ બાદ સંપાદન કરનાર સિક્કાશાસ્ત્રી રેપ્સને જણાવ્યું, 'પં. ભગવાનલાલનો લેખ હજી તો આ વિષય સંબંધે સમગ્ર રીતે જોતાં ઉત્તમ અને સંપૂર્ણ માહિતી આપે છે.' તેમના કેટલોગની પ્રસ્તાવનામાં લખે છે કે 'ભારતીય સિક્કાશાસ્ત્રના અભ્યાસી તરીકે, મહાન ભારતીય વિદ્વાન પં. ભગવાનલાલ ઇન્દ્રજીના કાર્યનું મારા ઉપર જે ઋણ છે તેનો નમ્ર સ્વીકાર કર્યા વગર રહી શકું નહીં. આ પુસ્તકનાં પાનાં ફેરવવાથી તેણે જે પાયો સારી રીતે અને સાચી રીતે નાંખ્યો હતો, ઘણે ભાગે તેના ઉપર



For Private and Personal Use Only

મેં ઇમારત બાંધી છે, એ તરત દેખાશે' સંશોધનના પ્રતિદિન ભારે ઝડપથી આગળ વધ્યે જતા વિષયમાં રેપ્સનનો ઋણસ્વીકાર ભગવાનલાલની શક્તિનો સચોટ ખ્યાલ આપે છે.

પુરાવિદ્યાની એક શાખા. ઉત્ખનનથી શોધખોળનીએ તેમાં નોંધ લેવા જેવું ભગવાનલાલે એક જ સોપારાના ઉત્ખનનનું કાર્ય કર્યું છે. પરંતુ એ એક જ કાર્યે એમની એ દિશામાં સરસ શક્તિ સિદ્ધ કરી આપી છે. ૧૮૮૨ના ઇસ્ટર તહેવારોમાં માત્ર ચાર દિવસ જેટલા ટૂંકા સમયમાં કરેલું. આ ઉત્ખનનને પરિણામે જે બૌદ્ધ અવશેષો મળ્યા તેનાથી માત્ર ભારત અને યુરોપના વિદ્વાનોમાં જ નહિ પણ મુંબઈના જૈનોમાં અને સિલોનના બૌદ્ધોમાં ભારે જાગૃતિ આવી. સોપારામાંથી અશોકના આઠમા શૈલલેખનો એક ત્રુટિત કટકો શોધીને તથા પોતે શોધેલા સ્તૂપમાંથી અને બીજી ઉપલબ્ધ માહિતી એકઠી કરીને શૂર્પારક નામે પ્રસિદ્ધ પ્રાચીન સ્થળના ઇતિહાસ પર પ્રથમવાર પ્રકાશ પાડ્યો હતો.

૧૮૭૯થી પં. ભગવાનલાલે જાહેર પ્રવૃત્તિમાં ભાગ લેવા માંડ્યો. એમનાં ચાર શોધપત્રો બોમ્બે બ્રાન્ચ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટીના જર્નલમાં પ્રગટ થયા. 'ગુજરાત-માળવાના ગધૈયા સિક્કા' એ એમનો પ્રથમ નિબંધ હતો. એની સાથે ધારવાડ જિલ્લામાંથી મળેલાં તાંબાનાં બે વાસણો જેના પર હાલા કન્હેરી ભાષામાં લેખ હતા અને જે ૭ મી - ૮ મી સદીના હતા. તેના પર લખેલી નોંધ પણ રજૂ કરી હતી. 'ઉત્કીર્ણ લેખોની નકલ, લિપ્યંતર અને ભાષાન્તરનું પુનઃ અવલોકન' 'પ્રાચીન નાગરી લિપિમાં અંકસંખ્યા' અને 'કન્હેરી ગુફાના એક શિલાલેખથી આંધ્રભૃત્યોના એક નવા રાજા પર પ્રકાશ' જેવા લેખો પણ તેમણે વાંચ્યા હતા. ૧૮૭૭માં પં. ભગવાનલાલે આર્ક્યોલોજિકલ સર્વેનાં કામ સાથે Cave Temples of the Western India નું કામ ડૉ. બર્જેસ સાથે ચાલુ કર્યું અને ડૉ. બુહ્લરે 'પ્રાચીન નાગરી અંકસંખ્યા'ના પંડિતજીના લેખનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો અને ઇન્ડિયન એન્ટિક્વેરીના જર્નલમાં ડૉ. બર્જેસે છપાવ્યો. ૧૮૭૮માં પં. ભગવાનલાલે બૉમ્બે ગેઝેટિયરમાં પ્રાચીન ઇતિહાસ આલેખનનું કાર્ય ઉપાડી લીધું અને નેપાળના શિલાલેખોની નકલ પરથી તેનું લિપ્યંતર અને ગુજરાતી અનુવાદ કરવાનું કાર્ય શરૂ કર્યું. આ લેખો ૧૮૮૦ના ઇન્ડિયન એન્ટિક્વરીમાં પ્રગટ થયા. લંડન મ્યુઝિયમના સેસિલ બેન્ડાલે આ લેખની ખૂબ પ્રશંસા કરી અને ભગવાનલાલને મળવા ભારત આવ્યા તથા નેપાળનો પ્રવાસ કર્યો. ૧૮૮૧માં પં. ભગવાનલાલની મહેનતના પરિપાક રૂપે Cave Temples of Western India પુસ્તક પ્રગટ થયું. જેમાંના બધા લેખોની નકલ, લિપ્યંતર અને ભાષાંતર પંડિતજીએ જ તૈયાર કરેલ હતાં. 'નેપાળના ઇતિહાસ પર વિચારણા', 'રાષ્ટ્રકૂટોના ઇતિહાસનું સંશોધન', 'ત્રૈકૂટક અને કોંકણના શિલાહાર વંશના ઇતિહાસ અને ગુજરાતના ગુર્જરો અને ચાલુક્યોના ઇતિહાસ પર ડૉ. ભગવાનલાલે નવો પ્રકાશ પાડ્યો. ગુજરાતનો ઇતિહાસ લખવાની ઘણી સામગ્રી ભગવાનલાલ પાસે વર્ષોથી હતી. ક્ષત્રપોનું પ્રકરણ ૧૮૮૨ પહેલાં શરૂ કર્યું અને એ પૂર્ણ થતાં દક્ષિણ ગુજરાતના ચાલુક્યો અને રાષ્ટ્રકૂટો વિશે તથા ત્રૈકૂટકો વિશે નોંધેલા લેખો દ્વારા ચર્ચા કરી. ગુપ્ત-વલભીના રાજાઓનું પ્રકરણ તૈયાર કર્યા પછી ચાવડાઓ વિશે લખાણ લખ્યું.૧૮૮૨માં ભગવાનલાલે મુંબઈ પાસેના સોપારામાં શોધ કરતાં અશોકનો શિલાલેખ અને બુદ્ધનો સ્તૂપ શોધી કાઢ્યા અને પુરાવિદોમાં એક નવી ચર્ચા જગાડી. બોમ્બે ગેઝેટિયરના ગ્રંથના વિભાગમાં Thana, a place of Interest માં થાણેનાં જાણવાલાયક સ્થળો પ્રગટ થયાં, જેમાં ઉત્કીર્ણ લેખો અને પ્રાચીન ઇતિહાસ પં. ભગવાનલાલે તૈયાર કર્યો હતો. મુંબઈ યુનિવર્સિટીએ આ જ વર્ષે તેમને ફેલો તરીકે નીમી એમના પુરાતત્ત્વના જ્ઞાનની યોગ્ય કદર કરી. ૧૮૮૩માં લીડનમાં ભરાયેલી 'ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑફ ઓરિએન્ટાલિસ્ટ્સ'માં 'હાથીગુંફા અને ઉદયગિરિ ગુફાના ત્રણ શિલાલેખો' વિશે તૈયાર કરેલ નિબંધને ડૉ. પિટરસને રજૂ કર્યો અને ભારતનાં શોધપત્રોમાં શ્રેષ્ઠ ગણાયો. ભગવાનલાલે હાથીગુંફાના અને બીજા અભિલેખો વાંચીને દેશના ધાર્મિક ઇતિહાસની સુંદર સેવા કરી છે. ૧૮૮૩માં નેધરલેન્ડ્સ ઇન્ડિયાના ફાઇલોલૉજી, જ્યોગ્રોફી અને એથ્નોલૉજીના રૉયલ ઇન્સ્ટિટ્યૂટના બૉર્ડ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાનલાલ પોતાની સંસ્થાના પરદેશી સભ્ય બનાવ્યા. પં. ભગવાનલાલના જ્ઞાનથી પ્રભાવિત થઈ લંડનની 'હેગ રોયલ ઇન્સ્ટિટ્યૂટે' એમને પોતાના વિદેશી સભ્ય તરીકે ચૂંટી કાઢ્યા અને એમના અપાર જ્ઞાનની કદર કરી.

પાંડુની ગુફાવાળા લેખને વાંચ્યા પછી ડૉ. મેક્સ મ્યૂલરે પં. ભગવાનલાલનું સાચું મૂલ્યાંકન કરતાં ૩૦-૧૧-૧૮૮૩ના પત્રમાં લખ્યું, તમે જે અતિ ઊંચા પ્રકારનું પુરાતત્ત્વાન્વેષણનું કામ કર્યું છે તે માટે અભિનંદન અને મને આશા છે કે તેને તમે આગળ વધારશો. ડૉ. ભાઉદાજીનું અવસાન એ એક મોટી ખોટ છે. પરંતુ તેના કાર્યને આગળ વધારવાને અને તેની જગ્યા પૂરવાને તમે લાયક છો. મારી દૃષ્ટિએ અપાર જ્ઞાન કરતાં યે તમે તમારી જાતને એક પ્રામાણિક અભ્યાસી, સચેત વિદ્વાન તરીકે પુરવાર કરી છે અને મારી નજરમાં ગમે તેટલી વિદ્યા કરતાં એ ગુણ વિશેષ મહત્ત્વનો છે.'

૧૮૮૪માં તેમણે બૉમ્બે ગેઝેટિયર માટે ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કર્યો. ઇન્ડિયન એન્ટિક્વરી (વો. ૧૩, પૃ. ૪૧૧)માં 'નેપાળનાં ઇતિહાસ વિશે વિચારણા', 'ગુજરાતનું તામ્રપત્ર', 'ધરસેનનો તામ્રલેખ', 'ભિતરી કીર્તિસ્તંભ લેખનું લિપ્યંતર અને અનુવાદ' જર્નલ ઑફ ધ બૉમ્બે બ્રાન્ચ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટીમાં પ્રસિદ્ધ કર્યો. આ જ વર્ષના આરંભમાં લીડનની યુનિવર્સિટીએ પં. ભગવાનલાલની સેવાઓનું મૂલ્ય આંકી પીએચ.ડી.ની માનવંતી પદવી આપી.

આ ઉપરાંત ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડની રોયલ એશિયાટિક સોસાયટીના માનદ સભ્ય નિમાયા. ૧૮૮૬માં કાઠિયાવાડના દરબારોએ પોતાના પ્રતિનિધિ તરીકે ડૉ. ભગવાનલાલને વિયેનામાં ભરાયેલી 'ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઑફ ઓરિએન્ટલિસ્ટસ'માં પ્રતિનિધિ તરીકે મોકલવાનો નિર્ણય કર્યો. પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે તેઓ જઈ શક્યા નહીં. છતાં 'બે નવાં ચૌલુક્ય તામ્રપત્ર' વિશે શોધપત્ર મોકલી આપ્યું. ૧૮૮૭માં તેમને ડૉક્ટર ઑફ લૉઝ'નું માનદ પદ એનાયત થયું.

૧૮૮૮ના માર્ચ માસની ૧૬મી તારીખે ભારતના સૌથી મહાન અભિલેખવિદ ડૉ. ભગવાનલાલે આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો. આ વખતે એમની ઉંમર ૪૮ વર્ષ, ૪ માસ અને ૧૦ દિવસની હતી. સારાયે સંશોધનજગતમાં અંધકાર છવાઈ ગયો. અને ભારતના પ્રાચીન ઇતિહાસની અનેક આશાઓ નષ્ટ થઈ.

ડૉ. ભગવાનલાલ એક મહાન પુરાવિદ હતા, તેવા જ નિષ્ણાત વૈદ્ય પણ હતા. પોતાના સંશોધન અંગેના પ્રવાસોમાં જંગલો અને ગુફાઓમાં ઘૂમતા હતા ત્યારે પણ તેઓ પોતાના વૈદકના અભ્યાસને ભૂલતા નહીં અને પ્રાપ્ય પ્રત્યેક વનસ્પતિનો બારીક અભ્યાસ કરતા. વનસ્પતિને કેમ પારખવી, જુદા જુદા દેશોમાં એનું શું નામ છે અને કયા કયા રોગ પર એ વપરાય છે તેની નોંધ કરવી વગેરે બાબતોનું શિક્ષણ તેમના શિષ્યો શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી અને રતિરામ દુર્ગારામ મહેતાએ એમની પાસેથી મેળવ્યું હતું.

ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર યુરોપના દેશોના એક મહાન અભિલેખવિદ અને પુરાવિદ હતા. એમણે પુરાતત્ત્વાન્વેષણની દરેકે દરેક દિશા ખેડી હતી અને વિદ્વજ્જગતમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એ સમયના લિપિનિષ્ણાતોમાં અગ્રણી હતા. એક પ્રખર સિક્કાશાસ્ત્રી તરીકે તેમણે સિક્કાઓના ગહન અભ્યાસ દ્વારા ક્ષત્રપ, આંધ્રભૃત્ય, વલભી જેવા અનેક વંશોના ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો છે.

પ્રાચીન વસ્તુનિરીક્ષણના વિષયમાં ડૉ. ભગવાનલાલનો અભ્યાસ ઊંડો હતો. એટલું જ નહીં એમની પોતાની પાસે એક સારો એવો સંગ્રહ હતો. એમનું ઘર એક નાનું મ્યુઝિયમ હતું. ઇટાલીના કાઉન્ટ એનાર્લને ઇટાલીના મ્યુઝિયમ માટે થોડી વસ્તુઓ ભેટ આપી હતી. પ્રાચીન સાહિત્યનો એમનો અભ્યાસ બહોળો હતો. હસ્તલિખિત ગ્રંથોનો ખજાનો એમની પાસે હતો. એ ઉપરાંત એમને જેસલમેરના જે હસ્તલિખિત ગ્રંથો જોવા મળ્યા હતા એનો ઉપયોગ એમણે પોતાનાં લખાણોમાં કર્યો છે, જેમાં સહુથી મજબૂત પુરાવો એમણે પોતાના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂલ્યવાન નિબંધોની પાદનોંધોમાં ઉપયોગ કરેલો છે.

ડૉ. ભગવાનલાલે તેમની હયાતીમાં જ વસિયતનામું બનાવ્યું હતું. એમની જીવનમૂડીનો મૂલ્યવાન ભાગ તેમના સંશોધન માટે ખેડેલા પ્રવાસોમાં પ્રાપ્ત કરેલ ઉત્કીર્ણ લેખો, સિક્કાઓ, હસ્તલિખિત ગ્રંથો અને પુરાતત્ત્વને લગતી વસ્તુઓ હતી. એમાં એમના હસ્તલિખિત ગ્રંથો રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખાને એ શરતે આપવા જણાવ્યું કે તેમના ગુરુ ડૉ. ભાઉદાજીના કબાટની બાજુમાં બીજા કબાટમાં મૂકવામાં આવે અને તેના ઉપર ડૉ. ભાઉદાજીનો શિષ્ય ભગવાનલાલ ઇન્દ્રજી' એમ લખવામાં આવે. ૭૦૦ કરતાં પણ વધુ સિક્કાઓનો સંગ્રહ બ્રિટિશ મ્યુઝિયમને એવી શરતે આપે કે તે ડૉ. ભગવાનલાલના નામે અલગ મૂકે. આ ઉપરાંત શિલાલેખો અને તામ્રપત્રો જે એમની માલિકીનાં નથી તે તેના મૂળ માલિકને પરત કરવાં અને બાકીનાં બ્રિટિશ મ્યુઝિયમને તેની નોંધ મ્યુઝિયમના પુસ્તકમાં થાય એ શરતે ભેટ આપવાં. સિંહાકાર સ્તંભના લેખ માટે ડૉ. ભગવાનલાલે લંડન મ્યુઝિયમના ક્યુરેટરને ખાસ સૂચના કરી હતી. આ સિંહાકાર સ્તંભ પર બેક્ટ્રો-પાલિમાં લેખ હોવાથી કોઈ લાકડા કે પથ્થરની પાટ પર એના પરનો લેખ સ્પષ્ટ વાંચી શકાય એ રીતે ગોઠવે. આ પછી પોતાના તમામ છપાયેલા ગ્રંથો મુંબઈની નેટિવ જનરલ લાઈબ્રેરીને ભેટ આપ્યા હતા. આ ઉપરાંત પ્રવાસનોંધોનાં પાકા બંધાવેલા ૨૪ ગ્રંથો પણ આ લાઈબ્રેરીને આપ્યા.

ડૉ. ભગવાનલાલના સમકાલીન ભારતીય અને યુરોપના વિદ્વાનોનાં સંસ્મરણોમાંથી તેમના સાચા વ્યક્તિત્વનો પરિચય થાય છે. મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીના તે સમયના મંત્રી સર્જન કોડ્રિંગ્ટને લખ્યું છે, "હું પં. ભગવાનલાલ પાસેથી હિંદુસ્તાનની સર્વ બાબતો' - ઇતિહાસ, પ્રાચીન અને અર્વાચીન રૂઢિઓ તથા રીતભાત, કારીગરી અને ઉદ્યોગો, દેશી વૈદક, ધર્મ, જ્ઞાતિઓ અને એ ઉપરાંત જેના માટે તેઓ પ્રખ્યાત હતા તે પુરાવિદ્યા એ સર્વ વિશે કાંઇક કાંઇક શીખ્યો છું."

ડૉ. બુહ્લરે નોંધ્યું છે : "માણસો અને વસ્તુઓ ઉપર ટીકા કરવામાં ભગવાનલાલ નિષ્પક્ષપાતી અને ન્યાયી હતા. બીજાઓના ગુણોની કદાપિ અદેખાઈ નહોતા કરતા. બીજાઓના કાર્યમાં તથા સ્વભાવમાં જે કાંઈ પ્રશસ્ય હોય તેનો નિઃસંકોચ સ્વીકાર કરતા. ખોટા દેશાભિમાનથી પોતાની વિવેકબુદ્ધિને ઢંકાવા દેતા નહિ. સાહિત્ય, ઇતિહાસ કે ભાષા સંબંધી વિચારોમાં મતભેદ ઊઠતાં એમની ચર્ચાઓ હંમેશાં સંયમી અને સૌજન્યયુક્ત રહેતી."

પ્રો. કર્નના શબ્દો છે : "ભારતીય ઉત્કીર્ણ લેખવિદ્યામાં અતિશય મૂલ્યવાન અર્પણો કરીને તમે વિદ્યાની જે સેવા કરી છે તેની આ રીતે ખાસ કદર થતાં તમને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા વિના રહી શકતો નથી. અમારી લીડનની યુનિવર્સિટીની સેનેટની ઓનરરી પીએચ.ડી. ડિગ્રીથી તમને ખાતરી થશે કે તમારા પોતાના દેશ કરતાં યુરોપમાં તમારાં કાર્યોની ઓછી કદર નથી થતી."

આમ ડૉ. ભગવાનલાલે પોતાની ૨૭-૨૮ વર્ષની પુરાતત્ત્વાન્વેષણની આરાધના કરતાં કરતાં પ્રાચીન ભારતના ઇતિહાસ અને ઐતિહાસિક ભૂગોળ પર પ્રકાશ પાડ્યો છે અને સંશોધનની નવી દિશાઓ ઉદ્‌ઘાટિત કરી આપી છે. એ મહાન પુરાવિદે માત્ર ગુજરાતના જ નહીં, પ્રાચીન ભારતના ઇતિહાસની ઇમારત પદ્ધતિસર ચણી આપી છે. એ પ્રાચીન તૈયાર થયેલી ઇમારતને વધુ મજબૂત બનાવવાનું કાર્ય પુરાતત્ત્વક્ષેત્રે સંશોધન કરનાર અભ્યાસીઓનું છે, જેમણે દીવાદાંડી સમાન ડૉ. ભગવાનલાલે ચીંધેલા રાહે આગળ ધપી પ્રાચીન ઇતિહાસ અને આપણા પ્રાચીન વારસાને જીવંત રાખીને ઉજાગર કરવાનો છે.

★★★



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સર જદુનાથ (યદૂનાથ) સરકાર (૧૮૭૦-૧૯૫૮)+

બી. એન. ગાંધી★

"Good historians may be born but true historians are made."

(G.R.Elton)

ડૉ. સુબોધકુમાર મુખોપાધ્યાય તેમના પીએચ.ડી.ના મહાનિબંધ 'Evolution of Historiography in Modern India.' માં જદુનાથ સરકારનું મૂલ્યાંકન કરતાં લખે છે, "Jadu Nath Sarkar was not a born good historian but a true historian made." જીવન પર્યંતના સતત પરિશ્રમ અને કાર્ય પ્રત્યેની નિષ્ઠાના પરિણામે તે એક સાચા ઇતિહાસકાર બની શક્યા હતા. ભારતીય ઇતિહાસકારોના અગ્રેસર, માનદ ડી.લિટ.ની પદવીથી સમ્માનિત, મુંબઈની રોયલ એશિયાટીક સોસાયટી વગેરે પ્રતિષ્ઠિત સંસ્થાઓના માનદ સભ્યનું બહુમાન પ્રાપ્ત કરનાર અને મુઘલ-મરાઠા યુગથી સંબંધિત અનેક મૌલિક ગ્રંથોના રચયિતા સર જદુનાથ સરકાર - 'ભારતીય ગીબન'નો જન્મ ૧૦ ડિસેમ્બર, ૧૮૭૦ના રોજ એક સંસ્કારી અને શ્રીમંત બંગાળી કાયસ્થ પરિવારમાં થયો હતો. મુઘલ ઇતિહાસ સંબંધી અનેક મૂળભૂત સાધનોની- જેમકે 'ઇનશા-એ-હશ્ત અંજુમન (જયસિંહ-ઔરંગઝેબ વચ્ચેનો પત્ર વ્યવહાર), મિર્ઝા નાથનનું 'બહુરીસ્તાન-એ-વેઈલી, ૧૭/૧૮ મી સદીના અનેક પત્રો વગેરે - શોધ કરનાર 'મુઘલ ઇતિહાસના કોલમ્બસ જદુનાથ સરકારે પિતા રાજકુમાર અને માતા હરિસુંદરી પાસેથી દીર્ઘાયુ પ્રાપ્ત કરી લગભગ ૬૦ વર્ષ સુધી ભારતીય ઇતિહાસની પ્રશસ્ય સેવા કરી હતી.

**પ્રારંભિક કારકિર્દી :**

જદુનાથે પ્રાથમિક શિક્ષણ બંગાળના રાજાશાહી જિલ્લામાં આવેલ પોતાના ગામ કરચમારીમાં લીધું હતું. રાજાશાહીની માધ્યમિક સ્કૂલમાંથી મેટ્રીક થયા બાદ ઉચ્ચ શિક્ષણ કલકત્તામાં લીધું હતું. અંગ્રેજી અને ઇતિહાસ વિષયો સાથે બી.એ. કર્યા બાદ ૧૮૯૨માં તેઓએ કલકત્તા (કોલકત્તા) યુનિવર્સિટીની એમ.એ. (અંગ્રેજી)ની પદવી પ્રથમ વર્ગમાં પ્રાપ્ત કરી હતી.

પરસીવલના માનીતા આ 'બુદ્ધિશાળી-પ્રતિભાસંપન્ન ચમત્કારે' ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરવા માટે પ્રાપ્ત થતી શિષ્યવૃત્તિનો અસ્વીકાર કરી તે સમયની ખૂબ જ પ્રતિષ્ઠિત ગણાતી 'પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ' માટે કાર્ય કરવાનું (૧૮૯૨-૯૭) પસંદ કર્યું હતું. જદુનાથ ૧૮૯૩માં કલકત્તાની રીપન કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે રહ્યા હતા. ૧૮૯૮માં તેઓની પ્રાંતિક શિક્ષણ સેવામાં પસંદગી થઈ હતી. એક વર્ષ સુધી કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં અને એ પછી પટના કૉલેજમાં ૧૯૦૧ સુધી અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ હેઠળ તેઓએ તૈયાર કરેલ મહાનિબંધ (India of Aurangzeb) ઔરંગઝેબના સમયનું હિંદ ૧૯૦૧માં પ્રસિદ્ધ થતાં તેઓને એક પ્રથમ કક્ષાના સંશોધનકાર અને ઇતિહાસકાર તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ. અનેક વર્ષો સુધી અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન કરાવનાર જદુનાથને ઇતિહાસ વિભાગમાં મૂકવામાં આવ્યા. પટના અને કટકની કૉલેજો અને બનારસ યુનિવર્સિટીમાં તેઓએ ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. ૧૯૨૬માં પટના કૉલેજમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ બે વર્ષ સુધી (૧૯૨૬-૨૮) કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ પદે રહ્યા હતા. ૧૯૨૯માં તેઓને 'સર'નો ઇલકાબ આપવામાં આવ્યો. સર જદુનાથ

+ સરદાર પટેલ યુનિવર્સિટી, વ. વિદ્યાનગરના એમ.એ.અને એમ.ફીલના વિદ્યાર્થીઓ સમક્ષ યુજીસીના Teachers Exchange Programme હેઠળ માર્ચ ૧૯૯૦માં આપેલ વ્યાખ્યાન.

★ નિવૃત્ત, આચાર્ય, શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરકાર પોતાના મૃત્યુ (૧૯૫૮) સુધી ઐતિહાસિક સંશોધનોમાં વ્યસ્ત રહ્યા હતા.

**ઇતિહાસકાર તરીકેની કારકિર્દી :**

જદુનાથે તે પરિબળોને સ્પષ્ટ કર્યા નથી કે જેના કારણે તે ઇન્ડો-મુસ્લિમ ઇતિહાસ પ્રત્યે આકર્ષાયા હતા. ડૉ. એ.એલ. શ્રીવાસ્તવ લખે છે કે એક સમયે જદુનાથે ૧૮૫૭ની ઘટનાને પોતાના અભ્યાસના વિષય તરીકે પસંદ કરવાનું વિચાર્યું હતું, પણ આ ઘટના નજીકના ભૂતકાળની હોવાથી એ વિચારને પડતો મૂક્યો હતો. મુઘલ ઇતિહાસની માહિતી માટે વિપુલ સાધન-સામગ્રી ઉપલબ્ધ હોવાથી તેમજ એનું ક્ષેત્ર વણખેડાયેલ રહ્યું હોવાથી જદુનાથે એ ક્ષેત્રને સંશોધન માટે પસંદ કર્યું હતું. 'પ્રવાસી' નામના બંગાળી સામયિકમાંથી જાણવા મળે છે કે તેમના પિતાએ તેમનામાં (જદુનાથ) ઇતિહાસ પ્રત્યેની અભિરુચિ ઉત્પન્ન કરી હતી.

જદુનાથ સરકાર પશ્ચિમના ઇતિહાસના દ્વારથી ભારતીય ઇતિહાસના સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. "It was through the gate of Western History that he entered the field of historical researches in Indian History." ડૉ. કે.આર.કાનુનગોના મતે જો જદુનાથે ફક્ત ભારતીય ઇતિહાસથી પ્રારંભ કર્યો હોત તો દેશના બીજા પ્રખ્યાત ઇતિહાસકારોની જેમ તે વ્યક્તિઓ અને બનાવો અંગે તટસ્થ રીતે યોગ્ય નિર્ણય લઈ શક્યા ન હોત. જદુનાથે ૧૭ અને ૧૮મી સદીઓના ભારતીય ઇતિહાસમાં વિપુલ પ્રમાણમાં સંશોધન કર્યું હોવાથી ડૉ. આર.પી.ત્રિપાઠી યથાર્થ જ એ બન્નેને 'The Jadunath Centuries' કહે છે. તેઓનો ઇતિહાસ અંગેનો પ્રથમ ગ્રંથ 'India of Aurangzeb' ૧૯૦૧માં અને અંતિમ ગ્રંથ 'A History of Jaipur' ૧૯૮૪માં પ્રસિદ્ધ થયા હતા.

**ઔરંગઝેબના સમયનું હિંદ (India of Aurangzeb) :**

દિલ્હી, રામપુર, લાહોર અને પટનાના દફતરભંડારોમાં ઉપલબ્ધ સાધનોમાંથી પ્રાપ્ત માહિતીના આધારે પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ માટે તૈયાર કરેલ આ ગ્રંથમાં જદુનાથે ૧૭મી સદીના હિંદની ભૌતિક સ્થિતિનો અહેવાલ આપ્યો છે. મુઘલ પ્રાંતોની સ્થાનિક ભૂગોળનુ વિગતવાર વર્ણન અને આંકડાઓ આ ગ્રંથમાં આપ્યા છે. અનેક સમકાલીન મૌલિક સાધનોના વિવેચનાત્મક અને તુલનાત્મક અભ્યાસ પર આધારિત આ મહાનિબંધમાં સહુથી વધુ વિશ્વાસ અને આધાર રાય છતરમાનના, 'ચાચર-એ ગુલશન' અને સુજનરાય ખત્રીના 'લસિત-ઉત્-તવારીખ' પર રાખવામાં આવેલ છે. ડૉ. કાનુનગો લખે છે કે આ મહાનિબંધને એક સ્પષ્ટ અને ચોક્કસ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથના રૂપમાં આવકાર પ્રાપ્ત થયો હતો. ડૉ. મુખોપાધ્યાયની દૃષ્ટિએ આ મહાનિબંધ જદુનાથની ઇતિહાસકાર તરીકેની પ્રારંભિક તૈયારીઓનો નિર્દેશ કરે છે તેમજ ઐતિહાસિક સત્યની શોધ માટેની તેમની નિષ્ઠાને પણ વ્યક્ત કરે છે. **ઔરંગઝેબનો ઇતિહાસ (History of Aurangzeb)** : રામપુર, જયપુર અને હૈદરાબાદ રાજ્યોના દફતર ભંડારોમાં ઉપલબ્ધ ફારસી દસ્તાવેજો, ઔરંગઝેબના પત્રો અને ફરમાનો તથા અન્ય સમકાલીન સાધનોમાંથી પ્રાપ્ત માહિતીના આધારે જદુનાથે ઔરંગઝેબના ઇતિહાસનું આલેખન પાંચ ખંડોમાં કર્યું છે. ૧૯૧૨માં પ્રસિદ્ધ થનાર પ્રથમ ખંડ/ભાગમાં શાહજહાંના સમયની સમીક્ષા કરી છે, અને ઔરંગઝેબની દક્ષિણ, ગુજરાત, મુલતાન અને સિંધ વગેરે મુઘલ પ્રંતોના સૂબેદાર તરીકેની કારકિર્દીનું નિરૂપણ તથા મૂલ્યાંકન કરેલ છે. બીજા ખંડમાં (૧૯૧૩) વારસા વિગ્રહ અને એમાં ઔરંગઝેબની સફળતા માટેના જવાબદાર પરિબળોનું વિવેચન કરેલ છે. ત્રીજા ખંડમાં (૧૯૧૬) ઔરંગઝેબના રાજ્ય અમલના પ્રારંભિક પગલાઓ અને શાસન સંબંધી સિદ્ધાંતો, અન્ય ધર્મો પ્રત્યેની અસહિષ્ણુતાની નીતિ અને ઔરંગઝેબની ધર્માંધતા પ્રત્યેના હિંદુ પ્રતિકાર વગેરેનું વિવેચનાત્મક વિશ્લેષણ કર્યું છે. ચોથા ખંડમાં (૧૯૧૯) ઔરંગઝેબની દક્ષિણ હિંદમાંની ૧૬૮૯ સુધીની કારકિર્દીનો અહેવાલ આપ્યો છે. બીજાપુર અને ગોલકુંડાના વિજયો અને સંભાજીનો પરાજય એ ઔરંગઝેબની કારકિર્દીનું ઉચ્ચતમ બિંદુ હતું. તે ઉત્તર હિંદ અને દક્ષિણનો સર્વસત્તાધીશ બન્યો હતો પણ વસ્તુતઃ એ એના અંતનો પ્રારંભ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો. પાંચમા ખંડમાં (૧૯૨૪) ઔરંગઝેબના અંતિમ વર્ષો - ૧૬૮૯ થી ૧૭૦૭ના ઇતિહાસનું આલેખન કર્યું છે. જદુનાથે આ ખંડમાં ઔરંગઝેબના મરાઠાઓ સામેના નિષ્ફળ સંઘર્ષોની તેમજ ઉત્તર હિંદમાંથી લાંબા સમય સુધીની તેની ગેરહાજરીની મુઘલ સામ્રાજ્ય પર પડેલ વિપરીત અસરોની પણ સમીક્ષા કરી છે. છેલ્લા પ્રકરણમાં જદુનાથે ઔરંગઝેબના ચારિત્ર્યનું તથા તેના લાંબા રાજ્ય અમલની હિંદના ભવિષ્ય પર પડેલ અસરોનું મૂલ્યાંકન કર્યું છે. જદુનાથ સરકારના મતે "...... his (Auranzeb's) failure lay in his career and past deeds." જદુનાથની દૃષ્ટિએ "ઔરંગઝેબનું જીવન એક લાંબી શોકાન્તિકા (tragedy) હતું, અને તે એના બધા જ તબક્કાઓમાં એક પૂર્ણ નાટકની જેમ લગભગ વિકાસ પામ્યું હતું."

("The life of Aurangzeb was one long tragedy and it was developed almost like a drama in all its stages.")

ભારતીય ઇતિહાસ આલેખનમાં આધારભૂત ફારસી સાધનોનો ઉપયોગ કરનાર જદુનાથ સરકાર-'બંગાળી ગીબન'ના ઔરંગઝેબના ઇતિહાસની સમીક્ષા કરતાં એચ. બિવરીઝે (૧૯૨૨)માં લખ્યું હતું, "Jadunath Sarkar may be called Primus in India as the user of Persian authorities for the history of India. He might also be styled Bengali Gibbon."

**બ્રિટીશ હિંદનું અર્થતંત્ર (Economics of British India) :**

જદુનાથે આ લઘુ પુસ્તિકા ૧૯૦૯માં પ્રસિદ્ધ કરી હતી. આમાં બંગાળ વિભાજન અને સ્વદેશી ચળવળ (૧૯૦૫-૧૯૦૮)ની હિંદની આર્થિક સ્થિતિ પર પડેલ અસરોની ચર્ચા કરી છે. હિંદની અર્થવ્યવસ્થાના ભૌગોલિક પરિબળોની ચર્ચાથી લઘુ પુસ્તિકાનો પ્રારંભ કરી જદુનાથે ગ્રામીણ અર્થવ્યવસ્થાના તમામ પાસાંઓની તથા બ્રિટિશ રાજ્ય અમલમાં રાજકીય પ્રભાવ તેમજ જમીન મહેસૂલની બ્રિટિશ પદ્ધતિની છણાવટ કરેલ છે.

**શિવાજી અને તેમનો યુગ (Shivaji and his Times) :**

મુઘલ ઇતિહાસના આ પૂરક ગ્રંથની રચના જદુનાથે સમકાલીન મરાઠી, ફારસી, અંગ્રેજી તથા ફ્રેંચ વગેરે સાધનોમાંથી ઉપલબ્ધ માહિતીના આધારે કરી હતી. આ ગ્રંથના પ્રકાશને (૧૯૧૯) મહારાષ્ટ્રમાં એ જ પ્રકારનો ઉશ્કેરાટ ઉત્પન્ન કર્યો હતો જેવો ઔરંગઝેબના ત્રીજા ખંડે દેશના મુસ્લિમોમાં ઉત્પન્ન કર્યો હતો. જદુનાથના મતે શિવાજી હિંદુ જાતિ દ્વારા ઉત્પન્ન અંતિમ મહાન રચનાત્મક પ્રતિભાશાળી વ્યક્તિ હતી. તેઓએ પ્રતિપાદિત કર્યું કે પોતાની અદ્‌ભુત સફળતાઓ છતાં શિવાજી સ્થિર રાજ્યનું નિર્માણ કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને તેમના દ્વારા સ્થાપિત કરાયેલ મોટા ભાગની સંસ્થાઓ મૌલિક ન હતી. એમના આવા મંતવ્યોથી મરાઠા ઇતિહાસકારો નારાજ થયા હતા. મહારાષ્ટ્રના રાષ્ટ્રવાદી ઇતિહાસકારોના અનામત ગણાતા ક્ષેત્રમાં જદુનાથે અનુચિત દખલગીરી કરી હોવાની તીવ્ર લાગણી મહારાષ્ટ્રમાં ઉદ્‌ભવી હતી. આની જદુનાથ પર કોઈ અસર થઈ ન હતી.

જદુનાથે શિવાજીનું મૂલ્યાંકન એક નિષ્પક્ષ ઇતિહાસકારની દૃષ્ટિથી કર્યું હતું. શિવાજીએ અફઝલખાન પ્રત્યે કરેલ વ્યવહારનો જદુનાથે બચાવ કર્યો હતો. નિઝામ-ઉલ-મુલ્કના વઝીર અને ઇતિહાસકાર મીર આલમે પોતાના ગ્રંથમાં આપેલ માહિતીના આધારે જદુનાથે એ પુરવાર કર્યું કે અફઝલખાને જ શિવાજી પર પ્રથમ પ્રહાર કર્યો હતો. જદુનાથની દૃષ્ટિએ શિવાજીએ પોતાના ઉદાહરણ દ્વારા પોતાના લોકોને પ્રતીતિ કરાવી કે હિંદુ જાતિ એક રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. શિવાજીએ સિદ્ધ કરી આપ્યું કે હિંદુ જાતિનું વૃક્ષ વાસ્તવમાં મૃત નથી અને તે નવા પાંદડા તથા ડાળીઓ વિકસિત કરી શકે છે. શિવાજીનું મૂલ્યાંકન કરતાં જદુનાથ સરકાર લખે છે કે મરાઠા પ્રજામાં ઉત્પન્ન કરેલ ઉત્સાહ અને જુસ્સો એ શિવાજીનું અમૂલ્ય પ્રદાન હતું.

આ ગ્રંથ અંગે બીવરીજ કહે છે કે સરકારના બધા ગ્રંથો સારા છે પણ એમાંથી સર્વોત્તમ કૃતિ સંભવતઃ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'શિવાજી અને તેમનો યુગ' છે. "All his books are good but perhaps that best of them is 'The life of Shivaji and his Times')" ડૉ. મુખોપાધ્યાયના મતે "It revolutionized the study of Maratha History".

**શિવાજીનું કુટુંબ (House of Shivaji) :**

૧૯૪૦માં પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથમાં જદુનાથે શાહજી (ભોંસલે અને શિવાજીના વંશ વિશે કેટલીક નવી માહિતી આપી છે. આ ગ્રંથના પ્રથમ ૬ પ્રકરણોમાં મરાઠા ઇતિહાસની પશ્ચાદ ભૂમિકા અને બીજાપુર સ્ટેટ પેપર્સના આધારે શાહજીના જીવનવૃત્તાંતનું આલેખન કર્યું છે. પ્રકરણ સાતમાં જદુનાથે પોતે શોધી કાઢેલ અખબારાતની તુલના રાજવાડે અને અન્ય મરાઠા ઇતિહાસકારો દ્વારા પ્રકાશિત શિવાજીના સમયના પત્રો સાથે કરી એમનું સાપેક્ષ ઐતિહાસિક મહત્ત્વ સ્પષ્ટ કર્યું છે. આ ગ્રંથની રચના માટે જદુનાથે જયપુર દફતરભંડારમાં ઉપલબ્ધ પત્રોનો પણ ઉપયોગ કર્યો હતો.

સરકારે એક આશ્ચર્યજનક તથ્યને સ્પષ્ટ કર્યું છે કે શંભાજીના પતન માટે એની પોતાની બિનયોગ્યતા કે કવિ કલશની દુષ્ટ પ્રતિભા વધુ જવાબદાર ન હતા પણ મહારાષ્ટ્રના બ્રાહ્મણોની ધાર્મિક ઈર્ષાના કારણે કુંઠિત થયેલ દેશભક્તિની ભાવના જવાબદાર હતી. આથી તે યથાર્થ કહે છે, "Strange are the ways of man and his history."

**મુઘલ વહીવટીતંત્ર (Mughal Administration) :**

મુઘલ વહીવટી તંત્રના વિવિધ પાસાંઓની વિગતપૂર્ણ સ્પષ્ટતા કરતો આ ગ્રંથ જદુનાથે ૧૯૨૧માં પ્રસિદ્ધ કર્યો હતો. આ ગ્રંથની ૪ આવૃત્તમાં જદુનાથે બે નવા પ્રકરણો - લશ્કરી વિભાગ અને નગર વહીવટી તંત્ર ઉમેર્યા હતા. આ ગ્રંથની રચના માટે જદુનાથે અનેકવિધ સમકાલીન સાધનોનો ઉપયોગ કર્યો હતો, જેમકે અબુલ ફઝલની 'આઈન-એ-અકબરી', દસ્તુર-ઉલ-અમલ, હિયાત ઉલ્લાહ બિહારી રચિત 'હિદાયત-ઉલ-કવાઇદ', મલિકજાદા મુનશી રચિત 'નીગારનામા-એ-મુનશી', 'મિરાત-એ-અહેમદી', 'બહાદુરશાહનામા', તેમજ હૈદરાબાદ (દક્ષિણ) અને જયપુરના દફતરભંડારોમાં ઉપલબ્ધ અખબારાતો. ગ્રંથમાં વિભિન્ન વહીવટી વિભાગો અને પ્રમુખ અધિકારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવા ઉપરાંત જદુનાથે મુઘલ સમ્રાટોએ - વિશેષતઃ અકબર અને ઔરંગઝેબ - અપનાવેલ ધાર્મિક નીતિની સમીક્ષા કરી છે. મહેસૂલ અંગેના નિયમોનો નિર્દેશ કરતાં ઔરંગઝેબના બે ફરમાનોનો અંગ્રેજી અનુવાદ પ્રકરણ ૧૧માં આપેલ છે. જદુનાથે આ ગ્રંથમાં મુઘલ રાજ્ય અમલની સફળતાઓ - નિષ્ફળતાઓની સમીક્ષા કરી છે. ડૉ. સરકારના મતે મુઘલ રાજ્ય અમલની મોટી વિનાશકારી ખામી એ હતી કે એને હંમેશાં પોતાનું લશ્કરી સ્વરૂપ જાળવી રાખ્યું હતું, અને એને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રયત્નો કર્યા ન હતા. શાહજહાંના સમૃદ્ધ સમયમાં આગ્રા અને દિલ્હીએ પ્રાપ્ત કરેલ ભવ્યતાથી અંજાઈને એ ભૂલી ન જવું જોઈએ કે મુઘલ સમ્રાટોએ રાજનીતિશાસ્ત્રના પ્રથમ સિદ્ધાંતનું 'મહાન પ્રજા વગર મહાન રાષ્ટ્ર હોઈ શકે નહિ' - અનુસરણ કર્યું ન હતું.

**મુઘલ સામ્રાજ્યનું પતન (Fall of the Mughal Empire) :**

ઔરંગઝેબના પાંચમા ખંડના પ્રકાશન (૧૯૨૪) બાદ ૨૫ વર્ષો સુધી પરિશ્રમ કરી ડૉ. સરકારે મુઘલ સામ્રાજયના પતનના ચાર ભાગ ૧૯૩૨-૧૯૫૦ દરમ્યાન પ્રસિદ્ધ કર્યા હતા. 'ઔરંગઝેબનો ઇતિહાસ' એ વસ્તુતઃ એનું જીવનવૃત્તાંત છે જ્યારે 'મુઘલ સામ્રાજ્યનું પતન' એક ઉચ્ચ કક્ષાનો ઇતિહાસ (History of High Order) છે. 'પતન'ના પ્રથમ ભાગમાં નાદીરશાહના હિંદ છોડ્યા પછીથી માંડીને સમ્રાટ અહમદશાહના રાજ્ય અમલના અંત સુધીના (૧૭૩૯-૧૭૫૪) ઇતિહાસનું નિરૂપણ કર્યું છે. બીજા ભાગમાં આલમગીરના રાજ્યારોહણથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંડીને અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના આશ્રયમાં શાહ આલમ બીજાના દિલ્હીમાં આગમન સુધીના સમયના (૧૭૫૪-૧૭૭૧) ઇતિહાસનું આલેખન કરેલ છે. દિલ્હી પર વર્ચસ્વ સ્થાપિત કરવા માટે અફઘાનો અને મરાઠાઓ વચ્ચે થયેલ સંઘર્ષ તેમજ પાણીપતના ત્રીજા યુદ્ધમાં (૧૭૬૧) મરાઠાઓના પરાજય વગેરેનો ઇતિહાસ આ ભાગમાં આપેલ છે. ત્રીજા ભાગમાં ૧૭૭૨ થી ૧૭૮૮ સુધીનો મુખ્યત્વે મહાદજી સિંધિયાની પ્રવૃત્તિઓનો ઇતિહાસ આપેલ છે. અંતિમ/ ચોથા ભાગમાં ૧૭૮૯ થી ૧૮૦૩ સુધીના ઇતિહાસનું આલેખન જદુનાથે કરેલ છે. ડૉ. મુખોપાધ્યાય લખે છે તેમ આ ભાગમાં વસ્તુતઃ બે સામ્રાજ્યોના - મુઘલ અને મરાઠા- પતન તથા ત્રીજાના - અંગ્રેજ-ઉદયના ઇતિહાસનું નિરૂપણ કરેલ છે. "Its subject is more truely the fall of the Maratha Empire."

'પતન'માં ડૉ. જદુનાથ સરકારે મુઘલ સામ્રાજ્યના પતન માટે જવાબદાર સાબિત થનાર પરિબળોની છણાવટ કરી છે. ભારતીય સમાજના મૂળ સુધી પહોંચેલ સડાના કારણે મુઘલ સામ્રાજ્યનો અને એની સાથે હિંદુસ્તાન પરના મરાઠાઓના રાજકીય વર્ચસ્વનો અંત આવ્યો હતો. ભ્રષ્ટાચાર, બિનકાર્યક્ષમતા અને વિશ્વાસઘાતથી વ્યાપક બનેલ માહોલમાં ઉત્પન્ન આ અવનતિ અને અવ્યવસ્થા દરમ્યાન સાહિત્ય, કલા અને સાચો ધર્મ સુધ્ધાં વિનાશ પામ્યા. મુઘલ સંસ્કૃતિની અવનતિ દરમ્યાન શિક્ષણ કરમાઈ ગયું અને જે સ્કૂલો બચી હતી એ કારકૂન અને હિસાબનીશ તૈયાર કરવાના કાર્ય માત્રમાં વ્યસ્ત બની ગઈ હતી. હજારો સંક્ષિપ્ત મરાઠા ડીસપેચની તારીખોની ખાતરી કરી અને ફારસી હસ્તપ્રતોમાંથી ઉપલબ્ધ થતી માહિતીમાં સુધારા કરી જદુનાથે આ ગ્રંથોને ઐતિહાસિક દૃષ્ટિએ વધુ આધારભૂત બનાવ્યા છે.

**Military History of India :**

ડૉ. જદુનાથ સરકારના મૃત્યુ (૧૯૫૮)ના બે વર્ષ બાદ આ પુસ્તક પ્રસિદ્ધ થયું હતું. આમાં ૨૧ લેખો અને બે પરિશિષ્ટો છે. જદુનાથે પ્રથમ લેખમાં ભૌગોલિક પરિસ્થિતિઓ વ્યૂહરચનાને કેવી રીતે પ્રભાવિત કરે છે એની છણાવટ કરી છે, જેમ કે ઉત્તર હિંદમાં સામ્રાજ્યો વચ્ચે થયેલ વધુ યુદ્ધો, દશેરાના દિવસે આક્રમણ માટે પ્રસ્થાન કરવાની પરંપરા. સિકંદર મહાનના. પોરસ સાથેના યુદ્ધથી (ઈ.સ. પૂ. ૩૨૬) માંડીને પેશ્વા બાજીરાવ પ્રથમના પાલખેડ યુદ્ધ (ઈ.સ. ૧૭૨૭-૨૮) સુધીના સમય દરમ્યાન થયેલ યુદ્ધોના આધારે યુદ્ધ કલાના વિકાસની પ્રક્રિયા સમજાવી છે. હુમાયું અને શેરશાહ વચ્ચે થયેલ ચૌસાના યુદ્ધની (૧૫૩૯) સમીક્ષા કરતાં તે લખે છે કે આ યુદ્ધે સાબિત કર્યું કે જે સેના આક્રમણ ન કરી શકે એનો પરાજય થાય છે અને ફક્ત જડ બચાવ અર્થહીન બને છે. વ્યૂહરચના વગરનું યુદ્ધ એ માત્ર ક્રૂરતાપૂર્ણ કતલ છે. મુઘલ સમ્રાટોની સેનાનું મૂલ્યાંકન કરતાં જદુનાથ લખે છે કે બાબરના રાજવંશ દ્વારા હિંદમાં લાવવામાં આવેલ તુર્ક યુદ્ધ પદ્ધતિ વૈજ્ઞાનિક, સ્પષ્ટ અને અસરકારક હતી, પણ પાછળથી એશઆરામ અને અત્યધિક સંખ્યાએ એ પદ્ધતિની પાયમાલી કરી હતી. મૌલિક અને ગૌણ બંને પ્રકારના સાધનો પર આધારિત આ ગ્રંથમાં વિષય-વસ્તુની કરવામાં આવેલ માવજત વિદ્વત્તાપૂર્ણ છે અને એ એના પ્રકારનો પ્રથમ ગ્રંથ છે.

**જયપુરનો ઇતિહાસ (History of Jaipur) :**

ડૉ. રઘુવીરસિંહ દ્વારા સંશોધિત અને સંપાદિત જદુનાથનો આ ગ્રંથ ૧૯૮૪માં પ્રકાશિત થયો હતો. આ ગ્રંથમાં ૧૫૦૩ થી ૧૯૩૮ સુધીની ઐતિહાસિક ઘટનાઓનું આલેખન કરવામાં આવ્યું છે. જયપુર રાજવી પરિવાર દ્વારા પોતાના દફતરભંડારમાં અનેક સદીઓથી ખૂબ જ વ્યવસ્થિત રીતે સાચવી રાખવામાં આવેલ મૌલિક દસ્તાવેજોનો જદુનાથે આ ગ્રંથમાં ઉપયોગ કર્યો છે. સમ્રાટ અકબરના આમેર સાથેના લગ્નસંબંધની સમીક્ષા કરતાં ડૉ. જે.એન.સરકાર લખે છે કે આના કારણે હિંદમાં મુસ્લિમ રાજાશાહીની નીતિમાં એક સંપૂર્ણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિવર્તન આવ્યું હતું. અગાઉના હિંદુ-મુસ્લિમ લગ્ન સંબંધોમાં હિંદુ સ્ત્રીનો એના પિતાના પરિવાર સાથેના સંબંધનો હંમેશા માટે વિચ્છેદ થતો હતો પણ હવે એ સ્થિતિ રહી ન હતી. બધાંને માટે અમલમાં મુકાયેલ ધર્મ-સહિષ્ણુતાની નીતિ હેઠળ રાજ્યની ઉચ્ચતમ સેવા માટે હિંદુ પ્રતિભા ઉપલબ્ધ થઈ શકી હતી અને ધર્મના ભેદભાવ વગર કાબેલ તથા કાર્યક્ષમ વ્યક્તિઓ માટે કારકિર્દીના દ્વાર ખુલ્લાં થયાં હતાં.

**સંપાદન કાર્ય :**

ડૉ. સરકારે વિલીયમ ઈર્વિનની પુત્રીની વિનંતિથી વિલીયમ ઈર્વિનના 'Later Mughals' ના બે ભાગોનું સંપાદન કર્યું હતું અને નાદિરશાહના આક્રમણ અંગેનાં ત્રણ પ્રકરણો લખ્યાં હતાં. ડૉ. સરકારે હમ્મીદઉદ્દીનના 'અહકામ-એ-આલમગીરી'નો અંગ્રેજી અનુવાદ 'Anecdotes of Aurangzeb' (ઔરંગઝેબના પ્રસંગો)ના નામથી પ્રસિદ્ધ કર્યો હતો. આ પ્રસંગોમાંથી ઔરંગઝેબના ચારિત્ર્યનો સ્પષ્ટ ખ્યાલ મળી રહે છે. આ ઉપરાંત તેમણે 'માસીર-એ-આલમગીરી'નો અંગ્રેજીમાં અનુવાદ તેમજ સંપાદન કર્યું હતું. Poona Residency Correspondence (P.R.C.) ના ૧, ૮ અને ૧૪મા ભાગનું સંપાદન જદુનાથે કર્યું હતું. આ પી.આર.સી.ના બાકીના ભાગોનું સંપાદન જદુનાથના માર્ગદર્શન હેઠળ એમના કેટલાક શિષ્યોએ કર્યું હતું. ઢાંકા યુનિવર્સિટી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ બંગાળના ઇતિહાસના બીજા ભાગનું સંપાદન જદુનાથ સરકારે કર્યું હતું તેમજ એ ભાગના ૨૬ પ્રકરણોમાંથી ૧૦ ૧/૨ પ્રકરણો પણ લખ્યા હતા.

**અન્ય કૃતિઓ :**

મુઘલ યુગના નિષ્ણાત હોવા છતાં જદુનાથે ભારતના સમગ્ર ઇતિહાસની રૂપરેખા આપતું એક નાનું પુસ્તક 'India Through the Ages' (યુગયુગીન ભારત) લખ્યું હતું. આ પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં આર્યો, બૌદ્ધો, મુઘલો અને અંગ્રેજોએ કરેલ પ્રદાનની સમીક્ષા કરી છે. ડૉ. કાનુનગો યથાર્થ કહે છે કે ૯૯ પાનનું આ નાનકડું પુસ્તક ઇતિહાસના ટેલીસ્કોપનો ઉપયોગ કરવાની તેમની અજોડ કુશળતાને ઉજાગર કરે છે.

ડૉ. સરકારની અન્ય રચનાઓ નીચે પ્રમાણે છે :-

(૧) બંગાળના નવાબો, (૨) દશનામી સંપ્રદાયનો ઇતિહાસ, (૩) મુઘલ સામ્રાજ્યના પતન દરમ્યાન બિહાર અને ઓરિસા, જદુનાથે કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઇન્ડિયાના ચોથા ભાગનાં ચાર પ્રકરણો લખ્યાં હતાં. આ ઉપરાંત તેમણે 'Studies in Mughal India' અને 'Studies in Aurangzeb's Reign' પણ પ્રસિદ્ધ કર્યા હતા. ડૉ. મુખોપાધ્યાય કહે છે તેમ આ બંનેને મુઘલોના ઇતિહાસના પૂરક ગ્રંથો ગણી શકાય. આ ગ્રંથોમાં વિભિન્ન/વિવિધ વિષયો પરના લેખો છે, જેમ કે ઔરંગઝેબના બે હિંદુ ઇતિહાસકારો-ભીમસેન અને ઈશ્વરદાસ નાગર, મહેસૂલ સંબંધી ઔરંગઝેબના નિયમો, શાહજહાંનું દૈનિક જીવન.

**સંશોધન લેખો :**

૧૯૦૭ થી ૧૯૫૫ દરમ્યાન કલકત્તાથી પ્રસિદ્ધ થતા સામયિક 'મોડર્ન રીવ્યૂ'માં જદુનાથના ઇતિહાસ અંગેના અનેક લેખો અને અનેક નિબંધો પ્રકાશિત થયા હતા, જેમ કે શિવાજીનું જીવન (૧૯૦૭), ભારતીય ઇતિહાસના સંશોધન-કારના ભયસ્થાનો (૧૯૨૫), મુઘલ સામ્રાજ્યમાં રાજપૂતો, મહાદજી સિંધીયાનો અંત, યુનિવર્સિટી સુધારો અને ભારતને ઇતિહાસની ચેતવણી (૧૯૫૩). 'બંગાળ પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ' નામના સામયિકમાં પણ એમના લેખો પ્રસિદ્ધ થયા હતા, દા.ત. ભરતપુરનો જાર રાજવંશ, સ્ટેટ્સમેન, કિર્તીનાથ કૉલેજ શતાબ્દી ગ્રંથ વગેરેમાં તેમના લેખો પ્રકાશિત થયા હતા. પ્રવાસી, ભારત મહિલા, અલકા, ભારતવર્ષ અને સાહિત્ય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિષદ પત્રિકા વગેરે બંગાળી સામયિકોમાં પણ એમના લેખો અને નિબંધો પ્રસિદ્ધ થયા હતા.

ઇન્ડિયન હિસ્ટોરીકલ રેકોર્ડ્સ કમિશનના તે સભ્ય હતા. કમિશન પાસે આવેલ લગભગ ૫૦૦ ઉપરાંત દસ્તાવેજોની ચકાસણી કરી એમનું જદુનાથે મૂલ્યાંકન કર્યું હતું. કમિશનના Proceedings માં તેમના ૧૩ સંશોધન લેખો પ્રસિદ્ધ થયા હતા, દા.ત., મદ્રાસમાં શિવાજી, હાઉસ ઑફ જયપુર, The Missing Link in the History of Mughal India From 1638-1761.

ડૉ. જદુનાથ સરકારે (ડૉ. યદુનાથ સરકાર) મિરાત-એ-અહેમદી, તારીખ-એ-મુબારકશાહી, અવધના પ્રથમ બે નવાબો, શીખોનો ઇતિહાસ અને બાજીરાવ પ્રથમ અને મરાઠા વિસ્તાર વગેરે ગ્રંથોની પ્રસ્તાવના લખી હતી.

**મૂલ્યાંકન :**

૧૯મી સદીના અંતિમ દશકામાં જ્યારે જદુનાથ સરકારે ઔરંગઝેબ પર સંશોધન કાર્ય શરૂ કર્યું ત્યારે કોઈ પણ સંશોધનકાર પોતાના સંશોધનમાં એક કે બે સમકાલીન સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરે એ પર્યાપ્ત ગણાતું. ભાગ્યે જ કોઈ સંશોધનકાર વિભિન્ન ભાષાઓમાં પ્રાપ્ત સમકાલીન સાધનોનો ઉપયોગ કરવાનું વિચારતો હતો. ફારસીમાં લખાયેલ દરબારી અહેવાલો સિવાય બીજું કશું પણ હોઈ શકે એવો ખ્યાલ કોઈને પણ ન હતો. આ સ્થાપિત અને માન્ય પરંપરાથી વિપરીત જદુનાથે અખબારાત, મરાઠા દૂતો (વકીલો) ના પત્રો,, અંગ્રેજી, ફ્રેંચ અને પોર્ટુગીઝ ભાષાઓમાં લખાયેલ સમકાલીન દસ્તાવેજોમાંથી માહિતી એકત્રિત કરી એમનો ઉપયોગ પોતાના ગ્રંથોમાં કર્યો હતો. જદુનાથે દરબારી ઇતિહાસકારો અને બીજા લેખકોના અહેવાલો પર પૂર્ણતઃ વિશ્વાસ રાખ્યો ન હતો. 'ઔરંગઝેબ', 'શિવાજી' અને 'પતન'ની રચના માટે જદુનાથે ઉપયોગમાં લીધેલ વિવિધ પ્રકારના વિપુલ આધારભૂત સમકાલીન સાધનોના કારણે આ ગ્રંથો ભારતીય ઇતિહાસવિદ્યામાં અજોડ (unparalleled) સ્થાન ધરાવે છે.

જદુનાથ પોતાના અભ્યાસના વિષયથી સંબંધિત ઐતિહાસિક સ્થળોની મુલાકાત ત્યાંની ભૌગોલિક સ્થિતિ, ત્યાંના લોકજીવન અને ચારિત્ર્યની જાણકારી મેળવવા લેતા હતા. દા.ત. મુઘલ સમયના યુદ્ધનાં સ્થળો, ખીણો અને કિલ્લાઓની માહિતી મેળવવા સરકારે મહારાષ્ટ્રની મુલાકાત લીધી હતી.

જદુનાથ ખૂબ જ ઊંચુ ચારિત્ર્ય ધરાવતા હતા. પૈસા કે અન્ય કોઈ પ્રકારના લોભને તેઓ વશ થયા ન હતા. જોધપુર રાજવંશ અંગેની ટીકા પોતાના ગ્રંથમાંથી દૂર કરવા માટે જોધપુરના પ્રધાનમંત્રીએ કરેલ ધનની ઑફર તેમજ મેવાડનો ઇતિહાસ લખવા માટે કરવામાં આવેલ નાણાંની ઑફર જદુનાથે સ્વીકારી ન હતી. બનારસના વિશ્વનાથ મંદિરને જમીન દાનમાં આપવા અંગેના ઔરંગઝેબના ફરમાનની ઉપેક્ષા કરી જદુનાથે ઔરંગઝેબ પ્રત્યે અન્યાય કર્યો હોવાની ટીકા વારંવાર થતાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે શુભ સાથે ચાલતાં સંઘર્ષ દરમ્યાન બહાર પાડવામાં આવેલ આ ફરમાનનો ઉદ્દેશ શુજાને પકડવા માટે હિંદુઓનો સહકાર અને સદ્ભાવના પ્રાપ્ત કરવાનો હતો, અને તે એક રાજકીય દાવ માત્ર હતો. આ ફરમાનને સહિષ્ણુતાની ભાવના સાથે કોઈ જ સંબંધ ન હતો. વિશ્વસનીય પુરાવાઓના આધારે તેમણે એ પ્રતિપાદિત કર્યું કે અફઝલખાને જ શિવાજી પર પ્રથમ પ્રહાર કર્યો હતો. 'પતન'માં જદુનાથે ઉત્તર હિંદમાં મરાઠાઓએ વર્તાવેલ ત્રાસની વિગતો આપી એની ઉગ્ર ટીકા કરી છે. આ એ સ્પષ્ટ કરે છે કે જદુનાથને મધ્ય યુગીન હિંદના મુસ્લિમ રાજ્યકર્તાઓ પ્રત્યે કોઈ પૂર્વગ્રહ ન હતો અને તેઓ એક નિષ્પક્ષ ઇતિહાસકાર હતા. ડૉ. જદુનાથ સરકારે પોતાના દેશવાસીઓને સાવધ કરતાં કહ્યું હતું કે ઔરંગઝેબના ઇતિહાસનું પુનરાવર્તન ન થવા દેવું જોઈએ તેમજ હિંદુત્વ તથા ઇસ્લામ બન્નેનું તર્કબદ્ધ તથા વૈજ્ઞાનિક શુદ્ધિકરણ થવું જોઈએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જદુનાથને માનવ નિયતિમાં અતૂટ શ્રદ્ધા હતી. એમની દૃષ્ટિએ નિયતિ એટલે ચારિત્ર્ય. 'પતન'ના ત્રીજા ભાગમાં તે શાહ આલમ વિશે લખે છે, "No man can rise above destiny .... Destiny is only another name for character, and Shah Alam's character alone was responsible for the fate that now overwhelmed him and his house." શાહ આલમ અને એના વંશના ભાગ્ય માટે શાહ આલમનું ચારિત્ર્ય જ જવાબદાર હતું. તે (જદુનાથ) દૈવી બદલા / સજામાં અને ઇતિહાસની અનિવાર્યતામાં માનતા હતા. સમયના કેટલાક પરિબળો ઇતિહાસની અનિવાર્યતા નક્કી કરતા હોય છે. આથી તે ઔરંગઝેબની નિષ્ફળતા અંગે લખે છે, "..... the strongest human endeavour was bajjled by the forces of the age." (સમયના પરિબળોએ અત્યન્ત શક્તિશાળી માનવીય પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો હતો). તે ઇતિહાસને બોધપાઠ માટે મહત્ત્વનો ગણતા હતા. તે લખે છે કે ભૂતકાળના ભયસ્થાનોને દૂર કરવા અને આધુનિક ભારતની સમસ્યાઓનું સાચું નિરાકરણ લાવવા માટે હિંદના મુસ્લિમ શાસનની અવનતિ અને હિંદુ સામ્રાજ્યના નિર્માણમાં મરાઠાઓને મળેલ નિષ્ફળતાનો વિગતે ઊંડો અભ્યાસ કરી એ માટેના કારણોનું તલસ્પર્શી વિશ્લેષણ કરવું જોઈએ.

ડૉ. મુખોપાધ્યાય લખે છે તેમ સરકારના નિરૂપણનું સ્વરૂપ મહદ્ અંશે રાજકીય અને લશ્કરી રહ્યું છે તથા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પાસાંઓનો સામાન્ય એવો નિર્દેશ પોતાના ગ્રંથમાં કરેલ છે. આ ઊણપ હોવા છતાં જદુનાથ એક મહાન ઇતિહાસકાર હતા. કેટલાક નિરૂપણની શૈલીની દૃષ્ટિએ એમની તુલના મેકોલે સાથે, જ્યારે 'પતન' માટે એમની તુલના ગીબન સાથે કરે છે. ડૉ. મુખોપાધ્યાયના મતે શૈલીની બાબતમાં મેકોલે અને જદુનાથ એકબીજાથી ખૂબ જ ભિન્ન છે. મેકોલેની નિરૂપણ શૈલી આલંકારિક, સરળ. ગીબન અને જદુનાથમાં 'પતન' શબ્દની સમાનતા સિવાય બીજું કશું પણ સમાન નથી. ૧૮મી સદીના બુદ્ધિવાદની ભાવના હેઠળ લખાયેલ ગીબનના ગ્રંથો (Fall of Roman Empire) એક highly moral and philosophical work છે, જ્યારે જદુનાથના ગ્રંથો ૨૦મી સદીના વાતાવરણમાં લખાયેલ છે અને તે વિવેચનાત્મક અને વૈજ્ઞાનિક પદ્ધતિ પર આધારિત છે. જદુનાથની તુલના ફક્ત મહાન જર્મન ઇતિહાસવિદ્ લિયોપોલ્ડ રાન્કે સાથે જ થઈ શકે. જદુનાથ રાન્કેની ઐતિહાસિક પદ્ધતિથી પ્રભાવિત હતા તેમ છતાં એના આંધળા અનુયાયી ન હતા. જદુનાથની દૃષ્ટિએ ઐતિહાસિક અભ્યાસ માટેની સર્વોત્તમ પદ્ધતિ વૈજ્ઞાનિક પદ્ધતિ છે જે સમય, સ્થળ અને વિષય-વસ્તુના પરિવર્તનો સાથે કદી પણ બદલાતી નથી. ડૉ. મુખોપાધ્યાયના મત મુજબ :

"He (Sarkar) accepted Ranke's attitude to sources but rejected the idea of detachment". મૂળભૂતસાધનોના મૂળ સુધી જઈ ઘટનાઓના વૈજ્ઞાનિક અભ્યાસનો પ્રારંભ કરનારાઓમાંના તે એક હતા.

લોકોની માંગના દબાણના કારણે જદુનાથે ઔરંગઝેબના ઇતિહાસના પાંચ ભાગોનું સંક્ષિપ્તીકરણ 'A Short History of Aurangzeb' પ્રસિદ્ધ કર્યું હતું. આ ગ્રંથ એમના બીજા ગ્રંથોના - શિવાજી મુઘલ સામ્રાજ્યના પતનના ચાર ભાગ, મુઘલ વહીવટીતંત્ર અને ઇન્ડિયા થ્રુ ધી એજીઇસ- હિંદી અનુવાદો પ્રસિદ્ધ થયા છે.

જદુનાથ બાહ્ય દેખાવે ખૂબ જ કડક હોવા છતાં તે ઉદાર મનના હતા. અનેક યુવાન સંશોધનકારોને માર્ગદર્શન આપી ડૉ. જદુનાથ સરકારે પ્રોત્સાહિત કર્યા હતા. તેઓ સંભવતઃ કોઈ પણ પ્રકારના પ્રયાસ વગર સાચા અર્થમાં મધ્યકાલીન ભારતીય ઇતિહાસવિદ્યાની નવી શાખાના પિતા બન્યા હતા. આ શાખાની પોતાની કેટલીક આગવી વિશિષ્ટતાઓ છે, જેમકે (૧) અંગ્રેજી, ડચ, ફ્રેંચ, પોર્ટુગીઝ અને સંસ્કૃત ભાષાઓ ઉપરાંત મધ્ય યુગીન હિંદમાં પ્રચલિત તમામ ભાષાઓની જાણકારી, (૨) વિભિન્ન ભાષાઓમાં લખાયેલ સમકાલીન મૌલિક



For Private and Personal Use Only

દસ્તાવેજોની શોધ અને એકત્રીકરણ (૩) મૌલિક સાધનો / સામગ્રીનો વૈજ્ઞાનિક અભ્યાસ અને (૪) કાળજીપૂર્વક તટસ્થ રીતે પુરાવાઓનો અભ્યાસ તથા મૂલ્યાંકન. આ શાખા 'નાગરિક કર્તવ્યની વેદી' પર શૈક્ષણિક પ્રામાણિકતાનું બલિદાન આપવામાં માનતી નથી. નાગરિક કર્તવ્યની અગત્ય તો ફક્ત તથ્યો અને અર્થઘટનોની સંયમી અને સંતુલિત ભાષામાં રજૂઆત કરવામાં અને ઉશ્કેરણીઓને ટાળવામાં રહેલ છે. જદુનાથ (યદુનાથ) સરકાર યથાર્થ કહે છે, "હું એની દરકાર કરીશ નહિ કે સત્ય સુખદ કે દુઃખદ છે અને એ પ્રવર્તમાન દૃષ્ટિબિંદુઓ સાથે સુસંગત છે કે નહિ .... મારા દેશની અસ્મિતા પર પ્રહાર કરે છે કે નહિ.... પણ હું સત્યને શોધીશ, સત્યને સમજીશ અને સત્યનો જ સ્વીકાર કરીશ. આજ ઇતિહાસકારનો દૃઢ નિર્ધાર હોવો જોઈએ." એક સાચા ઇતિહાસકારે રાષ્ટ્રીય ચારિત્ર્યની કોઈ પણ ઊણપોને છુપાવવાનો સહેજ પણ પ્રયત્ન કર્યા વગર માત્ર સત્ય અને વાસ્તવિકતાની રજૂઆત કરવી જોઈએ.

જદુનાથ કોઈ પણ યુવાનમાં રહેલ પ્રતિભાને સ્વીકારવા અને આવકારવા માટે ખચકાતા ન હતા. ૨૨ જૂન ૧૯૩૬ના રોજ સરદેસાઈ પરના પત્રમાં મહારાજ કુમાર રઘુવીરસિંહના ડિ.લિટ.ના મહાનિબંધ–'Malwa in Transition'ની ગુણવત્તાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આ યુવાને S.P.D. ગ્રંથમાંની એક તારીખ અકાટ્ય દલીલો સાથે સુધારી પોતાની (સરકારની) એ તારીખ અંગેની મૂંઝવણ દૂર કરી હતી, અને તે ભવિષ્યમાં એક સિદ્ધહસ્ત ઇતિહાસકાર બનશે એવી આશા તેમનામાં જન્માવી હતી. નવા ઉપલબ્ધ થયેલ વિશ્વસનીય તથા પ્રમાણભૂત સત્ય/તથ્યોના સંદર્ભમાં પોતે અગાઉ વ્યક્ત કરેલ વિચાર કે મંતવ્યોમાં જરૂરી પરિવર્તન કરવું જ જોઈએ એવું દૃઢપણે માનનાર જદુનાથ (ડૉ. જે.એન.સરકાર) નિઃસંદેહ આધુનિક ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર એક પ્રતિષ્ઠિત અને અગ્રગણ્ય ઇતિહાસવિદ હતા. ડૉ. કે. આર. કાનુન્ગોના શબ્દોમાં, He lives to-day, like Ranke in the nineteenth century, as the greatest historian of India beyond comparison."

જદુનાથ(યદૂનાથ) સરકારના સમકાલીન અને ઇતિહાસ સંશોધન ક્ષેત્રના સહપ્રવાસી સરદેસાઈના શબ્દોમાં, "સંક્ષેપમાં, ઇતિહાસકાર તરીકે જદુનાથ કોઈ અનપેક્ષિત ઘટના નથી (કે) તકોનું કોઈ ભાગ્યશાળી સંતાન નથી પણ એક મહાન મિશન પ્રત્યે તૈયારી, આયોજન, સખત ઉદ્યમ સાથે વિરક્ત નિષ્ઠાથી સમર્પિત એક પૂર્ણ જિંદગી છે."

("In short, Jadunath as a historian is not an accident, not a fortunate child of oportunities, but the consummation of a life of preparation, planning, hard industry and ascetic devotion to a great mission)'.

## સંદર્ભસૂચિ


૧. Dharaiya, R.K., ઇતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ લેખન અભિગમ, અમદાવાદ, ૧૯૯૪

૨. Gupta, H.R., *Life and Letters of Sir Jadunath Sarkar*, Hoshiarpur, 1958

૩. Mukhopadhyay, S.K., *Evolution of Historiography in Modern India*, Calcutta, 1981

૪. Qanungo, K.R., *Historical Essays*, Agra, 1968

૫. Sen, S.P. (ed.), *Historians and Historiography in Modern India*, Culcutta, 1973

૬. Tikekar, S.R., *On Historiography*, Bombay, 1964


★★★



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાત ઇતિહાસ પરિષદનું ૧૫મું જ્ઞાનસત્ર : દ્વારકા – એક અહેવાલ

ડૉ. હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ*

શ્રીમદ્ ભગવતગીતા સ્કંધપુરાણ, વિષ્ણુપુરાણ, હરિવંશ અને મહાભારતમાં શ્રીકૃષ્ણની સુવર્ણનગરી તરીકે વર્ણવેલી ભારતીય સંસ્કૃતિના યુગ પ્રવર્તક એવા શ્રીકૃષ્ણનું સામ્રાજ્ય એટલે પ્રાચીન નગરી દ્વારકામાં ગુજરાત ઇતિહાસ પરિષદનું ૧૫મું જ્ઞાનસત્ર તા. ૩૧ ઑક્ટોબર, ૧-૨ જી, નવેમ્બર ૨૦૦૩ના રોજ ડૉ. થોમસભાઈ પરમારના પ્રમુખ- સ્થાને યોજાઈ ગયું. જ્ઞાનસત્ર માટે યજમાન સંસ્થા માતૃશ્રી મોંઘીબેન ટ્રસ્ટ જેના કર્તા શ્રી પુષ્કરભાઈ ગોકાણીએ સર્વે આયોજન કર્યું હતું. ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૫મા જ્ઞાનસત્રના આયોજન મુજબ તેમાં ભાગ લેવા આવેલ સર્વે સભ્યો તથા આમંત્રિતો તા. ૩૦ ઑક્ટોબર ૨૦૦૩ ને ગુરુવારના રોજથી લોહાણા વિદ્યાર્થી ભવન(ભાઈઓ), લોહાણા કન્યા છાત્રાલય (બહેનો)માં સાંજના જમવાની તથા રહેવાની પૂરતી સગવડ કરવામાં આવી હતી.

તા.૩૧ ઑક્ટોબર, ૨૦૦૩ શુક્રવારના રોજ ૧૦-૦૦ કલાકે જે. સી. ગૃપ ઓફ કંપનીઝ દ્વારા એડવાન્સ સિનેમા ગૃહમાં ઉદ્‌ઘાટન સમારંભનું આયોજન થયું હતું. ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત રેડિયો ગાયિકા કંચનબેન પંડ્યાએ પ્રાર્થનાથી કરી હતી. જેના શબ્દો ''મંગળ થાઓ, ચોક પુરાવો, ગણેશ સરસ્વતી આવો''..... ત્યાર બાદ શારદાપીઠ દ્વારકાના જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજનાં શિષ્ય પ.પૂ. ભાસ્કરાનંદજી, સ્વામિનારાયણ સેવા ટ્રસ્ટના કોઠારી સ્વામી પ.પૂ. ગોવિંદ સ્વામી, અતિથિવિશેષ શ્રી પરિમલભાઈ નથવાણી (એક્ઝીયુટીવ રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ઼ - વ્યવસ્થાપક દેવસ્થાન સમિતિ)ના પ્રતિનિધિ શ્રી નીતિનભાઈ ભટ્ટ (મૅનેજર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ) સ્વાગત અધ્યક્ષ શ્રી ત્રિકમદાસ હરિદાસ દાવડા (બાબા સાહેબ) (ઉપપ્રમુખ-શારદાપીઠ વિદ્યાસભા), શ્રી ગુલાબભાઈ હેરમા (પ્રમુખ, દ્વારકા નગરપાલિકા), શ્રી પબુભા માણેક (ધારાસભ્ય, દ્વારકા), શ્રી મનસુખભાઈ બારાઈ(પ્રમુખ, ભા.જ.પ. દ્વારકા), શ્રી સુભાષ ભાયાણી (સરપંચ, ઓખા ગ્રામ પંચાયત), શ્રી પ્રદીપભાઈ માધવાણી (તંત્રી, નોબત દૈનિક, જામનગર), શ્રી અશ્વિનભાઈ ભાયાણી(એડવાન્સ સિનેમા-માલિક) તેમજ ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ શ્રી ડૉ. થોમસભાઈ પરમાર, ઉપપ્રમુખશ્રી ડૉ. રામજીભાઈ સાવલિયા, ઉપપ્રમુખ શ્રીમતી ડૉ.વર્ષાબેન જાની, મંત્રી શ્રી ડૉ. વિકેશભાઈ પંડ્યા, મંત્રીશ્રી નરેશભાઈ અંતાણી, કોષાધ્યક્ષ શ્રીમતી ડૉ. નયનાબેન અધ્વર્યુ, શ્રી પુષ્પકરભાઈ ગોકાણી (ગુજરાત ઇતિહાસ પરિષદના ટ્રસ્ટી) તથા ઈ. ટીવી, ઝી. ટીવી. ગુજરાત રાજય માહિતી ખાતાનાં પત્રકારો સર્વેએ મંગલદીપ પ્રગટાવી જ્ઞાનસત્રને શુભાષિશ પાઠવી તથા સર્વેનું પુષ્પહારથી સ્વાગત કર્યું.

શ્રી પુષ્પકરભાઈ ગોકાણીએ મધુર શબ્દાવલિ દ્વારા સ્વાગત પ્રવચન કર્યું. ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૫ મા જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી શકયા નહીં તેઓએ જ્ઞાનસત્રની સફળતા માટે શુભેચ્છા-સંદેશા પાઠવેલા. જેમાં શ્રી ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, શ્રી ડૉ. ચીનુભાઈ નાયક, શ્રી જયેન્દ્રભાઈ નાણાંવટી, શ્રી ડૉ. પંકજ દેસાઈ, શ્રી વી. એસ. ગઢવી, શ્રી મનોજભાઈ રાવલ, શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી પી. જી. કોરાટ તેઓના સંદેશાઓ મંત્રીશ્રી નરેશભાઈ અંતાણીએ રજૂ કર્યા બાદ સ્વાગત અધ્યક્ષશ્રી ત્રિકમદાસ દાવડા(બાબા સાહેબ)ની મુદ્રિત પ્રવચન પત્રિકાનું શ્રી પ્રવીણભાઈ કારિયાએ વાંચન કર્યું. જેના શબ્દોમાં ''આજની ઘડી રળિયામણી અમારે આંગણે 'ઇતિહાસ વિદ્વાનો' આવ્યાની વધામણી''થી શરૂઆત કરીને દ્વારકાનો પ્રાચીનથી આધુનિક સુધીના વિકાસમાં મહાનુભાવોનાં કર્યોનું વર્ણન કરવામાં આવ્યું. છેલ્લે કવિ ન્હાનાલાલ અને કલ્યાણચંદ્ર જોશીના શબ્દોને લઈ ''આજે દ્વારકા ચડી વિશ્વ હિંડોળે એના શિખરોના સૂરજ ઍંધાળે શબ્દો સાથે સ્વાગતમાં ખામી હોય તો ઉદાર દિલથી માફી માગતું લખાણ હતું. પછી ગુજરાત ઇતિહાસ પરિષદ ૧૫ મા જ્ઞાનસત્રની સ્મરણિકા ''દીઠી મેં દ્વારામતી''નું વિમોચન પ. પૂ. ભાસ્કરાનંદજી, પ. પૂ. ગોવિંદસ્વામી, શ્રી નીતિનભાઈ ભટ્ટ, શ્રી ત્રિકમદાસ દાવડાએ કર્યું. સ્મરણિકાના સંપાદક શ્રી ડૉ. થોમસભાઈ પરમાર અને શ્રી પુષ્કરભાઈ ગોકાણીએ પ્રવચન કર્યા બાદ ગુજરાત ઇતિહાસ પરિષદનો ઇતિહાસ શ્રી ડૉ. રામજીભાઈ સાવલિયાએ આપ્યો હતો.

બપોરે ૧૨-૩૦ એ દ્વારકાધીશના દર્શનનું આયોજન શારદાપીઠમાં ભોજન-આરામ બાદ પ્રથમ બેઠકમાં ''ગુજરાત રાજયના કોઈપણ એક તાલુકાનો ઇતિહાસ'' એ વિષય પર ગુજરાતની જુદી જુદી કૉલેજમાંથી આવેલ વિદ્યાર્થીઓએ પોતાના સંશોધનપત્રો રજૂ કર્યા. જેમાં (૧) ગોસ્વામી દીપાવલીએ ગોધરા તાલુકાનો ઇતિહાસ (૧૮૫૦ થી ૧૯૪૦), (૨) પગી ચેતનભાઈએ ગોધરા તાલુકાનો પ્રાચીન ઇતિહાસ (પ્રાચીનથી ૧૮૫૭), (૩) જોશી કંદર્પભાઈએ ખેડબ્રહ્માનો ઇતિહાસ, (૪) હાર્દિક ઠાકરે ગાંધીધામનો ઇતિહાસ, (૫) સ્વીટીબેન પટેલે ધોળકા તાલુકાનો ઇતિહાસ, (૬) ગીરા ઠક્કરે ખંભાત તાલુકાનો ઇતિહાસ રજૂ કર્યો. ઉપરોક્ત વિષય પર રજૂ થયેલ શોધપત્રો સ્પર્ધાત્મક હતા. આથી તેના નિર્ણાયકોમાં પ્રિન્સિપાલ શ્રી બી. એન. જોશી તથા ડૉ. હસુતાબેન સેદાણીએ શોધપત્રોના અંતે

[અનુસંધાન ટાઈટલ ૩ પર ચાલુ

* પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રૈમાસિક : ઓક્ટો.-નવે.-ડિસે., ૨૦૦૩

BOOK-POST

**પથિક**

Printed Matter

TO,

રવાના :

**પથિક કાર્યાલય**
C/o. ભો. જે. વિદ્યાભવન,
એચ. કે. કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

For Private and Personal Use Only